

# નવેમ્બર

# ૨૦૨૧

## તમામ માહિતી સાથે

Most IMP
Current Affairs

www.crackgpsc.com

# નવેમ્બર ૨૦૨૧

## (૧ થી ૩૦ નવેમ્બર, ૨૦૨૧)

## સ્પેશ્યલ થેન્ક્સ

**શ્રી એમ. કે. પ્રજાપતિ (ડે. કલેક્ટર)**

**પોતાની વ્યસ્તતામાંથી પણ સમય કાઢીને વિદ્યાર્થીઓ માટે ફ્રી કરન્ટ અફેર્સ, વિવિધ વિષયોની નોટ્સ તથા સતત માર્ગદર્શન આપવા બદલ.**

## We are famous for…

**The Most IMP,**
**Authentic,**
**To the point,**
**Up to date**
**material**



# Most Imp Current Affairs

**1 નવેમ્બર**

❖ અમિત શાહે ગુજરાતમાં ડેરી સહકાર યોજના શરૂ કરી.
  ✓ ડેરી સહકાર યોજના ની શરૂઆત આણંદથી અમૂલના 75માં સ્થાપના દિવસ નિમિતે કરી છે.
  ✓ આ યોજનાનો ઉદ્દેશ્ય ખેડૂતોની આવક બમણી કરવા અને આત્મનિર્ભર ભારત પ્રત્યે વિકાસ લાવવાનો છે.
  ✓ આ ઉપરાંત અમિત શાહે અમદાવાદ શહેરના ગોતા ફ્લાઇ ઓવરથી સાયન્સ સિટી સુધીના 4.18 કિ..મી. લાંબા એલિવેટેડ કોરિડોરનું ઉદ્ઘાટન કર્યું.

**AMUL (Anand Milk Union Limited)**
  ✓ સ્થાપના - 1946માં ત્રિભુવનદાસ પટેલ દ્વારા
  ✓ Amulનું સંચાલન GCMMF - ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ દ્વારા થાય છે જે એક સહકારી ધોરણે ચાલતી સંસ્થા છે.
  ✓ તમામ સહકારી સંસ્થાઓ/મંડળીઓ સહકાર અધિનિયમ 1961ના નિયમાનુસાર સ્થાપિત થાય છે.

❖ RBIએ બંધન બેંકને એજેન્સી બેંકના રૂપમાં નિયુક્તિ આપી.
  ✓ એજેન્સી બેંક તમામ સરકારી કામકાજો કરી શકે છે. જેનાથી હવે બંધન બેંક રાજ્યના કર અને મહેસૂલની આવક GST અને VAT ની વસૂલાત સબંધિત વ્યવહારો સંભાળી શકશે.
  ✓ આ ઉપરાંત બંધન બેંક ખાનગી ક્ષેત્રની અન્ય બેંકો સાથે પણ ધિરાણ ની લેવડ-દેવડ કરી શકશે.
  ✓ બંધન બેંકના CEO - ચંદ્રશેખર ઘોષ.

❖ પ્રસિદ્ધ કલયાલમ ઉપન્યાસકાર પી. વલસાલાને એજુથચન પુરસ્કાર
  ✓ આ પુરસ્કાર તેમને મલયાલમ ભાષા અને સાહિત્યમાં તેમના યોગદાન બદલ અપાયો છે.
  ✓ કેરળ સરકારના સર્વોચ્ચ સાહિત્યિક સન્માનનું નામ થુંચત્થુ રામાનુજન એજુથચનના નામ પરથી રાખવામાં આવ્યુ છે.
  ✓ રાજયના કૃષિ મંત્રી સાજી ચેરિયન દ્વારા આ સન્માનમાં રૂા. 5,00,0000નું રોકડ પુરસ્કાર અપાશે.
  ✓ પી. વલસાલાની જાણીતી કૃતિઓ 'નેલ્લુ', 'અગ્નાયમલ', 'અરક્કિલમ', 'વેનલ', 'નિઝાલુરાગુન્ના વાઝીકલ' છે.
  ✓ રામાનુજન એજુથચન 16મી સદીના મહાન કવિઓમાંના એક છે.

❖ પગાર ખાતા માટે એક્સિસ બેંકે ભારતીય નૌસેના સાથે કરાર કર્યા.
  ✓ એક્સિસ બેંક રક્ષા સેવા વેતન પેકેજ નામક શિર્ષક સાથે આ કરારો પર હસ્તાક્ષર કર્યા.
  ✓ આ કરાર હેઠળ વિશિષ્ટ સંરક્ષણ સેવા પગાર પેકેજ, પાવર સેલ્યુટ, એક્સિસ બેંક દ્વારા નૌ સેનાના તમામ રેન્ક, નિવૃત સૈનિકો અને કેડેટ્સને લાભ પ્રદાન થશે.
  ✓ આ લાભોમાં રૂા. 56 લાખ સુધીના વ્યક્તિગત આકસ્મિક કવરનો પણ સમાવેશ થાય છે. તથા 8 લાખ સુધીની બાળકોની શિક્ષણ અનુદાન, રૂા. 46 લાખ સુધીની કાયમી અપંગતા કવરનો લાભ તથા રૂા. 1 કરોડનું હવાઇ અકસ્માત કવર સમાવિષ્ટ કરાયું છે.

- ✓ આ ઉપરાંત હોમ લોનમાં zero processing fee તથા 12 EMI (12 હપ્તા) ની છૂટ અપાઇ છે.

❖ ભારત અને વિશ્વ બેંક દ્વારા મેઘાલયની સ્વાસ્થ્ય વ્યવસ્થા માટે હસ્તાક્ષર.
- ✓ વિશ્વ બેંકે રૂા. 40 મિલિયન ડોલરની સ્વાસ્થ્ય પરિયોજના પર હસ્તાક્ષરો કર્યા છે.
- ✓ આ પરિયોજના સ્વાસ્થ્ય સેવાની ગુણવતામાં સુધારા લાવી, ભવિષ્યની સ્વાસ્થ્ય આપત્તિઓમાં લડવા માટેની ક્ષમતા મજબૂત કરશે.

❖ કાશ્મીરના દાલ સરોવરને મળ્યું પ્રથમ ઓપન-એર ફ્લોટિંગ થિએટર.
- ✓ આ થિએટર જમ્મુ-કશ્મીરના મુખ્ય સચિવ અરુણકુમાર દ્વારા લોન્ચ કરાયું છે.
- ✓ આવનાર પર્યટકો અને સ્થાનિક નિવાસીઓને થિએટરમાં બોલીવુડ ફિલ્મ 'કશ્મીર કી કલી' બતાવવામાં આવશે.
- ✓ આ પ્રકારનુ ઓપન એર થિએટર (ફ્લોટિંગ-તરતું) વિશ્વમાં અન્ય ક્યાંય જોવા મળતું નથી.

❖ 1 નવેમ્બર: મધ્યપ્રદેશ, કર્ણાટક અને હરિયાણાનો સ્થાપના દિવસ
- ✓ મધ્યપ્રદેશની રચના 1956માં થઇ હતી અગાઉ હાલની મધ્યપ્રદેશની રાજધાની ભોપાલ એક અલગ રાજય તરીકે હતી.
- ✓ 1 નવેમ્બર, 1956 કર્ણાટકની રચના થઇ, જે અગાઉ મૈસૂર કહેવાતું, પરંતુ 1973માં તેનું નામ બદલીને કર્ણાટક કરી દેવાયું.
- ✓ હરિયાણાની રચના 1966 માં થઇ હતી, જે પંજાબને અલગ કરી બનાવાયુ હતું.

❖ NALSA અને NCW એ શરૂ કર્યો 'અખિલ ભારતીય કાનૂની જાગૃતતા કાર્યક્રમ'
- ✓ NCW - National commission for woman (રાષ્ટ્રીય મહિલા આયોગ)
- ✓ NALSA - National Legal Service Authority (રાષ્ટ્રીય કાનૂની સેવા પ્રાધિકરણ)
- ✓ આ કાર્યક્રમ હેઠળ 'કાનૂની જાગૃતતાના માધ્યમથી મહિલાઓનું સશક્તિકરણ' કાર્યક્રમ વારાણસી, ઉત્તરપ્રદેશથી શરૂ કરાયો.
- ✓ NCW ના ચેરપર્સન - રેખા શર્મા.

❖ 1 નવેમ્બર: World Vegan Day (વેગન - શાકાહારી)
- ✓ આ દિવસ શાકાહાર અપનાવવા માટે ડેરી અને પશુપાલન સાથે જોડાયેલા ઉત્પાદન પ્રત્યે સભાનતા લાવવા મનાવાય છે.
- ✓ વર્ષ 2021 માં વર્લ્ડ વેગન ડે ને 77 વર્ષ પૂર્ણ થશે.
- ✓ 1994માં UK વેગન સોસાયટી (જેની સ્થાપના 1944માં થઇ હતી) ની સ્વર્ણ જયંતિને ચિહિત કરવા માટે તથા 'વેગન' શબ્દને લોકો સુધી પહોંચાડવા પ્રસાય શરૂ કરાયો.

### વેગન અને વેજીટેરિયન વચ્ચેનો તફાવત
- ✓ શાકાહારી (વેજીટેરીયન) એવા લોકો છે જેઓ માંસ, ઇંડા, અથવા અન્ય પ્રાણી ઉત્પાદનોનું સેવન કરતા નથી. જયારે વેગન એ શાકાહારી છે જેઓ દૂધ, દહીં, ચીજ જેવા દૂધ ઉત્પાદનોનું સેવન કરતા નથી.

**-------------- કરન્ટ ઇન શોર્ટ ------------**

- ✓ G-20 શિખર સંમેલનમાં પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રોમમાં આવેલા પ્રસિદ્ધ ટ્રેવી ફાઉન્ટેન ખાતે ત્યાંથી સિક્કો ઉછાળવાની પરંપરા નિભાવી હતી. બરોક કલાશેલીમાં નિર્મિત આ ફાઉન્ટેનની ઉંચાઇ 26.3 મીટર અને પહોળાઇ 49.15 મીટર છે.

- ✓ લઘુત્તમ 15% ગ્લોબલ કોર્પોરેટ ટેક્સને G-20 દ્વારા મંજૂરી અપાઇ, જેનાથી વિશ્વની ટોપની કંપનીઓએ જે તે દેશને તેમની કમાણીમાંથી 15% ટેક્સ ફરજિયાત પણે આપવો પડશે.
- ✓ ગુજરાત સરકારની હાલની વહીવટી કાર્યપદ્ધિતને પેપરલેસ બનાવવા પાયલોટ ધોરણે (કામ ચલાઉ ધોરણે) 'ઇ-સરકાર' એપ્લિકેશન શરૂ કરી જેને 25 ડિસેમ્બરથી પૂર્વ વડાપ્રધાન વાજપેયીના જન્મદિને સંપૂર્ણ કાર્યરત કરાશે. વર્ષ 2005થી IWDMS નામની એપ્લિકેશન રાજય સરકારના વહીવટ માટે ચાલે છે જેમાં ટેકનિકલ અપગ્રેડેશન કરી ઇ-સરકાર એપ્લિકેશન બનાવાઇ છે.
- ✓ સિંગાપુરમાં સૌથી લાંબો સમય (40 વર્ષ) જલ્લાદ (દોષિતોને ફાંસી આપનાર) તરીકે કામ કરનાર મૂળ ભારતીય દર્શન સિંહનું નિધન થયું.
- ✓ પ્રસિદ્ધ વાયોલિન વાદક પ્રભાર જોગ કે જેમણે ભારત અને દુબઇમાં ગનારે વાયલિન શોમાં 80થી વધુ વર્ષો સુધી કામ કર્યું, તેમનું નિધન. 2015માં તેમને લતા મંગેશકર લાઇફટાઇમ પુરસ્કારથી સન્માનિત કરાયા હતા.
- ✓ સેવા નિવૃત ન્યાયાધીશ રામલિંગમ સુધાકર NCLT (નેશનલ કંપની લૉ ટ્રિબ્યુનલ)ના અધ્યક્ષ નિયુકત થયા.
- ✓ સ્કોટલેંન્ડના ગ્લાસગોમાં COP 26 (કોંગ્રેસ ઓફ પાર્ટીઝ) જલવાયુ પરિવર્તન શિખર સંમેલન શરૂ થયું. આ સંમેલનમાં 197 દેશો વચ્ચે જળવાયુપ્રણાલી સાથેના ખતરનાક માનવીય હસ્તક્ષેપને રોકવા માટે વૈશ્વિક સમજૂતીઓ કરશે.

**2 નવેમ્બર**

- ❖ પશુપાલન અને ડેરી વિભાગ સ્ટેકહોલ્ડર ફોરમનું આયોજન કરશે.
  - ❖ આ આયોજન 'ઈન્ડસ્ટ્રી એન્ડ વન હેલ્થ' વિષય પર આયોજિત થશે. (ઉદ્યોગ અને એક આરોગ્ય - વિષય)
  - ❖ આ આયોજન ઈન્ટરનેશનલ વન હેલ્થ ડે (૩ ઓક્ટોબર) ના રોજ થશે.
  - ❖ આ વર્ષે માનવ - પ્રાણી - પર્યાવરણ ઈન્ટરફેસ પર આંતરસંબંધિત આરોગ્ય જોખમોને સંબોધવા માટે એક આરોગ્ય અભિગમની જરૂરિયાતને પ્રકાશિત કરતો છઠ્ઠો આંતરરાષ્ટ્રીય વન (એક) આરોગ્ય દિવસ ઉજવાશે.
  - ❖ કુદરતમાં સૂક્ષ્મજીવાણું, માનવ, પ્રાણી અને વન્યજીવ વિશ્વનું સંકલન મનુષ્યના અસ્તિત્વ માટે રોજિંદા આવશ્યકતાઓ પ્રદાન કરે છે. આ ક્રિયા પ્રતિક્રિયા પેથોજેન્સી પીડાદાયક અને દુઃખદ પરિણામો તરફ દોરી શકે છે. જૂનોટિક રોગોની અસર Covid -19 ના ગાળામાં વધુ પ્રમાણમાં જોવા મળી જેનાથી નિયમનકારી, નાણાકીય, સામાજિક, કુદરતી અને ભૌતિક મૂડીઓ સંબંધિત ચર્ચાઓ આ આયોજન અંતર્ગત કરવામાં આવશે.
- ❖ હરિયાણા એન્જિનિયરિંગ વર્ક્સ પોર્ટલ
  - ✓ હરિયાણાના મુખ્યમંત્રીએ https://works.haryana.gov.in નામથી આ પોર્ટલ લોન્ચ કર્યું.
  - ✓ આ પોર્ટલ ચાર પ્રાથમિક એન્જિનિયરિંગ વિભાગમાં કામ કરવા ઇચ્છુકો માટે ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસની સુવિધા પ્રદાન કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે.

- ✓ ઉપરોક્ત પોર્ટલમાં બાંધકામ વિભાગ, સિંચાઈ અને જળ સંશાધન વિભાગ અને જાહેર આરોગ્ય તથા શહેરી સ્થાનિક સંસ્થાઓ વિભાગનો સમાવેશ કરાશે.

❖ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની ગુજરાતની મુલાકાત.

- ✓ રાષ્ટ્રપતિએ મહુવાના તલગાજરડા ખાતેના મોરારી બાપુના આશ્રમની મુલાકાત લીધી હતી. જે ‘ચિત્રકુટ ધામ’ તરીકે ઓળખાય છે.
- ✓ આ સાથે તેમણે ભાવનગર જિલ્લા અને શહેરની મુલાકાત લઈ ત્યાંના પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયેના 1088 આવાસોનું લોકાર્પણ કર્યું.

❖ National Crime Records Bureau

- ✓ આ સંસ્થા કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય હેઠળ કાર્યરત છે. જેણે જાહેર કરેલા આંકડાઓ મુજબ વર્ષ 2020 માં રોડ દુર્ઘટનામાં 3,74,397 લોકોનાં મૃત્યુ થયાં. જેમાં 35% મૃત્યુ રોડ અકસ્માતમાં થયા હતાં.
- ✓ રિપોર્ટ અનુસાર 60% થી વધુ રોડ અકસ્માત ઝડપી વાહન ચલાવવાના કારણે થયાં હતાં.

❖ ઉત્તરાખંડના પ્રથમ ઈન્ટરનેટ એક્સચેંજનું ઉદ્ઘાટન થયું.

- ✓ કેન્દ્રિય ઈલેક્ટોનિક્સ અને સૂચના રાજય મંત્રી રાજીવ ચંદ્રશેખરે દેહરાદૂન ખાતે આ ઉદ્ઘાટન કર્યું છે.
- ✓ આ પ્રોગ્રામ રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં ઈન્ટરનેટ સેવાઓ પહોંચાડવાનો ઉદ્દેશ્ય ધરાવે છે.
- ✓ આ પ્રકારનો જ બીજો પ્રોજેક્ટ નૈનીતાલમાં શરૂ કરાશે.

❖ 2 નવેમ્બર: International Day To End Impunity
(પત્રકારોના વિરુદ્ધમાં અપરાધો માટે દંડમાંથી મુક્તિનો આંતરરાષ્ટ્રીય દિવસ)

- ✓ 2 નવેમ્બર, 2013 ના રોજ માલી ખાતી બે ફ્રાંસીસી પત્રકારોની હત્યાની યાદમાં સંયુક્ત રાષ્ટ્ર ધ્વારા આ દિવસની ઉજવણીની શરૂઆત કરાઈ.
- ✓ 2006 થી 2020 વચ્ચે 1200થી વધુ પત્રકારોની રિપોર્ટિંગ તથા લોકો સુધી જાણકારી પહોંચાડવા પર હત્યા કરી દેવાઈ છે.
- ✓ માર્યા ગયેલા પત્રકારોની યુનેસ્કો ઓબ્ઝર્વેટરી અનુસાર દસમાંથી નવ કેસમાં હત્યારાઓને સજા આપવામાં આવતી નથી જે વધુ હત્યાઓ તરફ દોરી જાય છે.

❖ કેન્દ્રીય શિક્ષા મંત્રીએ સ્કૂલ માટે ભાષા સંગમ પહેલ શરૂ કરી.

- ✓ આ પહેલ હેઠળ ભાષા સંગમ મોબાઈલ એપ અને એક ભારત શ્રેષ્ઠ ભારત મોબાઈલ પ્રશ્નોત્તરીની શરૂઆત કરી.
- ✓ ભાષા સંગમ - એક ભારત શ્રેષ્ઠ ભારત અંતર્ગત શિક્ષા મંત્રાલયની પહેલ છે.
- ✓ આ પહેલનો ઉદ્દેશ્ય 22 ભારતીય ભાષાઓના રોજિંદા ઉપયોગમાં લેવાતાં સાધારણ વાક્યો વિશે શિક્ષણ આપવાનો છે.

**-------------- કરન્ટ ઇન શોર્ટ ------------**

- ✓ દિલ્હીમાં પ્રદૂષણને કારણે AQT (એર ક્વોલિટી ઈન્ડેક્સ) ‘અતિ ખરાબ’ શ્રેણીમાં 343નો નોંધાયો. નોંધનીય છે કે 0 થી 50 વચ્ચે - સારો, 51 થી 100 - સંતોષજનક, 100 થી 200 - મધ્યમ, 200થી 300 ખરાબ, 301 થી 400

- અતિ ખરાબ AQI ગણાય છે.

✓ મદ્રાસ હાઈકોર્ટે તમિલનાડુ સરકારે શિક્ષણ અને રોજગારમાં પછાત વર્ગના 20% અનામતમાં 'વન્નિયાકુલા ક્ષત્રિય સમુદાય' ને આપેલ 10.5% ઈન્ટરનલ રિઝર્વેશનને ગેરબંધારણીય ગણાવ્યું.

✓ નાગપુર ખાતે રમાઈ રહેલ સિનિયર વુમન વન ડે ટૂર્નામેન્ટમાં સૌરાષ્ટ્રની મૃદલા જાડેજા 59 રન બનાવી સૌથી વધુ રન કરનાર સૌરાષ્ટ્રની પ્રથમ બેટ્સવુમન બની. તેણે 61 મેચોમાં કુલ 1256 રન કર્યા છે.

✓ લે. જનરલ એન. કે. ખંડુરી વેસ્ટર્ન કમાન્ડના જનરલ ઓફિસર કમાન્ડિંગ તરીકે નિયુક્ત.

✓ ઇંગ્લેન્ડનો ઓપનર જોસ બટલર ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં સદી નોંધાવનાર ઇંગ્લેન્ડનો પ્રથમ ક્રિકેટર બન્યો.

✓ 2013માં લોકસભાની ચૂંટણી સમયે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની પટણા (બિહાર)ના ગાંધી મેદાન ખાતેની હુંકાર રેલીમાં સિરિયલ બ્લાસ્ટ કરનાર 9 આરોપીમાંથી 4 ને ફાંસી, 2 ને ઉમરકેદ, 2 ને 10 વર્ષની કેદ અને 1 ને 7 વર્ષની કેદની સજા પટણાની NIA કોર્ટે ફટકારી.

✓ 2 નવેમ્બર: રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ. વિષય - વર્ષ 2021 માટે આયુર્વેદ ફોર પોશન (પોષણ માટે આયુર્વેદ) છે.

**3 નવેમ્બર**

❖ UNEP, યૂરોપીય સંઘ દ્વારા મિથેન ઉત્સર્જન પર અંકુશ લાવવા વેધશાળા લોન્ચ કરી.
  - ❖ G-20 શિખર સંમેલનમાં યુરોપીય સંઘના સમર્થનમાં સંયુકત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ (UNEP) દ્વારા IMEO - International Methane Emmissions Observatory (આંતરરાષ્ટ્રીય મિથેન ઉત્સર્જન વેધશાળા) નો શુભારંભ કર્યો.
  - ❖ IMEO મિથેન ઉત્સર્જન ઉપરના વૈશ્વિક રીપોર્ટિંગને અલગ સ્તર પર રજૂ કરી માનવજાતિ માટે મીથેન ઉત્સર્જન પરના સાર્વજનિક પારદર્શીતા પર ધ્યાન કેન્દ્રિત કરશે.
  - ❖ IMEO અશ્મિભૂત ઇધણ ક્ષેત્રમાંથી મિથેન ઉત્સર્જન પર ધ્યાન કેન્દ્રિત કરશે અને ત્યારબાદ કૃષિ અને કચરા જેવા મુખ્ય ઉતસર્જન ક્ષેત્રોમાં તેના કાર્યને વિસ્તારશે.
  - ❖ મિથેન એક શક્તિશાળી ગ્રીન હાઉસ ગેસ છે જે વર્તમાન ગ્લોબલ ગોર્મિંગના ઓછામાં ઓછા એક કવાર્ટર માટે જવાબદાર છે.
  - ❖ EU દ્વારા 2030 સુધીમાં 30% મિથેન ઉત્સર્જન ઘટાડવાનો ઉદ્દેશ્ય છે.

❖ કેન્દ્રીય મંત્રી જિતેન્દ્રસિંહે સુપર કમ્પ્યુટિંગ સુવિધાનું ઉદઘાટન કર્યું.
  - ✓ કેન્દ્રીય વિજ્ઞાન અને પ્રૌધોગિકી અને પૃથ્વી વિજ્ઞાન મંત્રી જિતેન્દ્રસિંહે રાષ્ટ્રીય કૃષિ-ખાદ્ય જૈવ પ્રૌધોગિકી સંસ્થાન (NABI), પંજાબ ખાતે 'ઉન્નત-650 ટેરાફલોટસ' સુપરકમ્પ્યુટિંગ સુવિધાનું ઉદઘાટન કર્યું.
  - ✓ આ સુવિધા C-DAC પૂણેના સહયોગથી NSM (રાષ્ટ્રીય સુપરકમ્પ્યુટિંગ મિશન) હેઠળ ઉપલબ્ધ કરાવાઇ છે.
  - ✓ આ કમ્પ્યુટિંગ પ્રોગ્રામ જીનોમિકસ ડેટાના વિશ્લેષણમાં મદદરૂપ થશે.

❖ અમિત શાહે CAPF માટે આયુષ્યમાન ભારત સ્વાસ્થ્ય યોજના શરૂ કરી
  - ✓ CAPF (સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ)- કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ ફોર્સ
  - ✓ સશસ્ત્ર સૈનિકો માટે આયુષ્યમાન ભારત યોજનાના ઉદઘાટન સાથે CAPFના એક જવાનને એક પ્રતિનિધિ કાર્ડ અને NSG જવાનોને સ્વાસ્થ્ય કાર્ડસ આપ્યાં અને સાથે જ 'ધન્વંતરી' પૂજાનો પ્રસંગ કે જે 'ધ ગોડ ઓફ મેડિસિન' ના માનમાં ઉજવાય છે તે ઉજવવામાં આવ્યો.

- ✓ વર્ષના અંત સુધીમાં દેશભરમાં હેલ્થ કાર્ડનું વિતરણ પૂર્ણ કરી દેવાશે તથા સરકાર સશસ્ત્ર સૈનિકોને ૩૫ લાખથી વધુ હેલ્થ કાર્ડ વિતરણ કરશે.

❖ માનવ તસ્કરી રોકવા માટેનો પ્રોટોકોલ-એસીઓ (SCO)

- ✓ તાજેતરમાં SCO - શાંઘાઇ કોર્પોરેશન ઓર્ગેનાઇઝેશને માનવ તસ્કરી ખાસ કરીને સ્ત્રીઓ અને બાળકોની તસ્કરીની વધતા જોખમને રોકવા માટે તથા તેનો સામનો કરવા દિલ્લી ખાતેની તેમની પ્રોસીક્યુટર જનરલ્સની 19મી બેઠકમાં પ્રોટોકોલ અપનાવ્યો.
- ✓ માનવ તસ્કરીમાં વ્યક્તિને બળજબરીથી અથવા ખોટા માધ્યમથી કંઇક કરવાએક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જવા અથવા બંધક બનાવવા જેવા કાર્યોનો સમાવેશ થાય છે.
- ✓ અનૈતિક ટ્રાફિક (નિવારણ) અધિનિયમ, 1956 હેઠળ આ મુદ્દાઓ ઉકેલવામાં આવે છે.
- ✓ ભારતીય બંધારણની કલમ 23 અને 24 (શોષણ સામે અધિકાર તથા IPC માં અન્ય 25 કલમો છે જે આ પ્રકારના ગુનાઓ સામે અપરાધીને સજા અને ભોગ બનનારને રક્ષણ પૂરૂ પાડે છે.
- ✓ જુલાઇ 2021માં ભારત સરકારે મહિલા અને બાળ વિકાસ મંત્રાલયો હેઠળ 'માનવ તસ્કરી વિરોધી ખરડો, 2021 વ્યક્તિની તસ્કરી (નિવારણ, સંભાળ અને પુનવર્સન) બિલ, 2021 બહાર પાડયો હતો.
- ✓ ભારતે યુનાઇટેડ નેશન્સ કન્વેન્સન ઓન ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ (પાલેર્મો કન્વેન્શન) ને બહાલી આપી છે, જે ખાસ કરીને મહિલાઓ અને બાળકોની હેરફેર રોકવા અને સજા કરવા માટે રચાયેલ પ્રોટોકોલ છે.

❖ વિશ્વ ધરોહર સ્થળો અને જલવાયુ પરિવર્તન

- ✓ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટ્સ (2001-2020) માં સૂચિબધ્ધ થયેલા જંગલોમાંથી ઉત્સર્જિત અને શોષિત ગ્રીનહાઉસ વાયુઓના જથ્થાના પ્રથમ વૈજ્ઞાનિક મૂલ્યાંકનમાં જાણવા મળ્યુ છે કે વર્લ્ડ હેરિટેજ સાઇટ્સનાં સૂચિબદ્ધ જંગલો આબોહવા પરિવર્તનને ઘટાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.
- ✓ વર્લ્ડ હેરિટેજ સાઇટ્સ દર વર્ષે વાતાવરણમાંથી 190 મિલિયન ટન $CO_2$ (કાર્બન ડાયોક્સાઇડ) શોષીને આબોહવાના પરિવર્તનને ઘટાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવેવે.
- ✓ વર્લ્ડ હેરિટેજમાં સૂચિબધ્ધ જંગલોએ લાંબા સમયના ગાળામાં 13 અબજ ટન $CO_2$નું શોષણ કર્યું છે. જો એ શોષણ ન કરે અને આ $CO_2$ વાતાવરણમાં મુકત થાય તો અશ્મિભૂત બળતણ વિશ્વના કુલ વાર્ષિક CO2 ઉત્સર્જનના 1.3 ગણું વધારે $CO_2$ ઉત્સર્જન કરે.
- ✓ CO2 પ્રમાણ વધવાનું કારણ કૃષિ કચરાને બાળવો તથા જંગલની આગના વધતા પ્રમાણને જવાબદાર ગણવામાં આવે છે.

❖ વ્યક્તિગત ડેટા સંરક્ષણ (PDP) કાયદાને છૂટ

- ✓ PDP - Personal Data Protection
- ✓ UIDAI - Unic Identification Authority of India
- ✓ UIDAI એ વ્યક્તિગત ડેટા સંરક્ષણ કાયદાને (ડેટા પ્રોટેક્શન બિલ ૨૦૧૯) હેઠળ છૂટ આપવાની માંગણી કરી હતી.
- ✓ આ બિલ 'ગોપનિયતા બિલ' તરીકે ઓળખાય છે. જે ડેટાના સંગ્રહ, સંચાલન, પ્રક્રિયાને નિયંત્રિત કરીને વ્યક્તિગત અધિકારોનું રક્ષણ કરવાનુ વચન આપે છે.
- ✓ આ બિલ સરકારને વિદેશમાંથી ચોક્કસ પ્રકારના વ્યક્તિગત ડેટાના ટ્રાન્સફરને અધિકૃત કરવાની સત્તા આપે છે અને સરકારી એજન્સીને નાગરિકનો વ્યક્તિગત ડેટા એકત્રિત કરવાની મંજૂરી આપે છે.

- ✓ આ બિલ ડેટાને ત્રણ ભાગમાં વહેંચે છે (1) વ્યક્તિગત ડેટા (2) સંવેદનશીલ વ્યક્તિગત ડેટા (3) મહત્વપૂર્ણ વ્યક્તિગત ડેટા
- ✓ (1) વ્યક્તિગત ડેટા: વ્યક્તિની માહિતી જેવી કે નામ, સરનામું, જેનાથી વ્યક્તિની ઓળખ જાણી શકાય.
- ✓ (2) સંવેદનશીલ વ્યક્તિગત ડેટા: વ્યક્તિની નાણાંકીય, આરોગ્ય, જાતીય અભિગમ, બાયોમેટ્રિક, આનુવંશિક્તા, ટ્રાન્સજેન્ડર સ્થિતિ, જાતિ, ધાર્મિક માન્યતા જેવી બાબતોનો સમાવેશ થાય છે.
- ✓ (3) મહત્વપૂર્ણ વ્યક્તિગત ડેટા: તેમાં એવી બાબતો કે જે સરકાર કોઇ પણ સમયે મહત્વપૂર્ણગણી શકે જેમકે રાષ્ટ્રીય સુરક્ષા, લશ્કરનો સમાવેશ થાય છે.

**-------------- કરન્ટ ઇન શોર્ટ ------------**

- ✓ અમેરિકન અવકાશ સંસ્થા નાસાએ પ્રથમ વખત અવકાશમાં સિમલા મરચાં ઉગાડવામાં સફળતા મેળવી.
- ✓ રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટર દ્વારા ગુજરાત રાજયની પ્રથમ સ્કીન (ચામડી) બેંક રાજકોટ ખાતે શરૂ કરાઇ. આ બેંકમાં વ્યક્તિના મૃત્યુ બાદ 6 કલાકમાં ચામડીનું દાન મેળવી તેને માઇનસ 80 ડીગ્રી તાપમાનમાં ફ્રીજમાં સાચવવામાં આવશે. જે પાંચ વર્ષ સુધી સાચવી શકાશે. HIV પોઝિટીવ, હેપેટાઇટીસ બી, ઝેરી કમળો કે કેન્સરની બીમારી ધરાવનારની ચામડી લઇ શકાતી નથી.
- ✓ ગ્લાસગો ખાતેના સંમેલનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દુનિયા માટે 'વન સન, વન વર્લ્ડ અને વન ગ્રીડ' મંત્ર આપ્યો.
- ✓ વિદેશ મંત્રાલયના પ્રવકતા 'અરિંદમ બાગચી' એ આપેલી માહિતીનુસાર 'એસ્ટોનિયા, કિર્ગિસ્તાન, ફિલિપાઇન્સ, મોરેશિયસ, મોંગોલિયા' સહિત પાંચ દેશોએ ભારતના વેક્સિનેશન સર્ટિફિકેટને માન્યતા આપી. આ ઉપરાંત બ્રિટન, ફ્રાન્સ, જર્મની, નેપાળ, બેલારુસ, લેબેનોન, આર્મેનિયા, યૂક્રેન, બેલ્જિયમ, હંગેરી અને સર્બિયા દેશોએ પણ ભારત સાથે પરસ્પર વેક્સિન સર્ટીને માન્યતા આપવાની બાહેંધરી આપી છે.
- ✓ પંજાબના પૂર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિન્દર સિંહે પોતાનો નવો પક્ષ 'પંજાબ લોક કોંગ્રેસ' રચ્યો.
- ✓ રક્ષ મંત્રાલયે સેનાના આધુનિક હથિયારો, ઉપકરણો ખરીદવા 7965 કરોડના પ્રોજેક્ટને મંજૂરી આપી જેમાં HAL થી 12 લાઇટ યુટિલિટી હેલીકોપ્ટર, શોર્ટ રેન્જ હુન માઉન્ટ, લિંક્સ ગન ફાયર કંટ્રોલ સિસ્ટમ, ડોનિયર એરક્રાફ્ટનો અપગ્રેડ જેવા હથિયારો ખરીદશે.
- ✓ જમ્મુ કાશ્મીરમાં તંત્રએ SIA (સ્ટેટ ઇન્વેસ્ટિગેશન એજન્સી) નામની તપાસ એજન્સીની રચના કરી જે આતંકવાદ સામેના દાખલ થયેલા કેસોની તપાસ કરશે.

**4 નવેમ્બર**

❖ IREDA એ 'વ્હિસલ - બ્લોઅર પોર્ટલ' શરૂ કર્યું.

- ❖ IREDA - Indian Renewable Energy Development Agency.
- ❖ આ પોર્ટલ પ્રદીપ કુમાર દાસ, ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર IREDA, પ્રવિણકુમારી સિંઘ, એડિશનલ સેક્રેટરી, સેન્ટ્રલ વિજિલન્સ કમિશન ધ્વારા લોન્ચ કરાયું છે.

- ❖ આ પોર્ટલ ધ્વારા IREDA કર્મચારીઓ છેતરપીંડી, ભ્રષ્ટાચાર, સત્તાનો દુરુપયોગ વિગેરે સંબંધિત ચિંતાઓ રજૂ કરી શકશે.
- ❖ વ્હિસલ બ્લોઅર પોર્ટલ ભ્રષ્ટાચાર પ્રત્યે IREDA ની 'શૂન્ય સહિષ્ણુતા'નો એક ભાગ છે.
- ❖ આ પ્રસંગે IREDA દ્વારા સતર્કતા પત્રિકા 'પહલ'ના નવા અંકનું પણ અનાવરણ કર્યું.

❖ INS - તુશીલ

- ✓ ભારતીય નૌસેના માટે રશિયાના યાનતાર શિપયાર્ડ ખાતે તલવાર ક્લાસ / P1135.6 ક્લાસનું 7મું અને ભારત - રશિયા કરાર અંતર્ગત નિર્માણ પામનાર 4 ફ્રેગેટ માંથી પ્રથમ સ્ટીલ્થ ફ્રિગેટ યુદ્ધ જહાજ - INS તુશીલ લોંન્ચ કર્યું.
- ✓ મોસ્કોમાં ભારતીય રાજદૂત ડી. બાલા વેંકટેશ વર્માના પત્ની શ્રીમતી દાત્લા વિધા વર્માએ જહાંજની પુંજા કરી.
- ✓ તુશીલનો અર્થ રક્ષણાત્મક બખ્તર/રક્ષા કવચ થાય છે.
- ✓ આ યુદ્ધજહાજ સર્ફેસ ટુ સર્ફેસ મિસાઈલ, સોનાર સિસ્ટમ, સર્ફેસ સર્વેલન્સ રડાર, કોમ્યુનિકેશન સ્યુટ અને એન્ટી સબમરીન વોરફેર (ASW) સિસ્ટમ સાથે રશિયન SAM અને આર્ટિલરી ગનથી સજ્જ થશે.
- ✓ સ્ટીલ્થ ફ્રેગેટ એટલે સ્ટીલ્થ ટેકનોલોજીથી બનાવેલ યુધ્ધ જહાજ જે દુશ્મનના રડાર, ઈન્ફ્રારેડ, સોનાર, ઉપગ્રહોમાં ઓછા દ્રશ્યમાન હોય અને તે ઊંડા પાણીમાં પણ અવાજ કરતાં નથી.
- ✓ ભારત - રશિયા કરાર હેઠળ બે જહાજ રશિયામાં અને બે ભારતમાં બનાવશે.
- ✓ તલવાર ક્લાસના અન્ય સ્ટીલ્થ ફ્રિગેટસ :-

| | | | |
|---|---|---|---|
| 1. | INS તલવાર (૨૦૦૩) | 4. | INS તેગ (૨૦૧૨) |
| 2. | INS ત્રિશુલ (૨૦૦૩) | 5. | INS તર્કશ (૨૦૧૨) |
| 3. | INS તબર (૨૦૦૪) | 6. | INS ત્રિકંદ (૨૦૧૩) |

- ✓ ઉપરોક્ત 1થી 3 - ઝાવોદ શિપયાર્ડ - રશિયા અને 4 થી 6 યાંતાર શિપયાર્ડ - રશિયા ખાતે નિર્માણ પામ્યાં છે.

❖ INS - વિશાખાપટ્ટનમ

- ✓ ભારતીય નૌકાદળને પ્રોજેક્ટ 15 B / વિશાખાપટ્ટનમ ક્લાસનું પ્રથમ સ્ટીલ્થ ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર - યુદ્ધ જહાજ INS વિશાખાપટ્ટનમ સોંપવામાં આવ્યું.
- ✓ INS વિશાખાપટ્ટનમની ડિઝાઈન ડિરેક્ટ્રોરેટ ઓફ નેવલડિઝાઈન ધ્વારા બનાવાય છે અને જહાજ મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ, મુંબઈ ધ્વારા વિક્સિત કરવામાં આવ્યું છે.
- ✓ INS વિશાખાપટ્ટનમની મહત્તમ ઝડપ 30 નોટસ (54 km) છે.

❖ COP 26 (UN ક્લાઈમેટ ચેન્જ કોન્ફરન્સ) સમિટ

- ✓ COP 26 સમિટનો હેતુ
  - પેરિસ કરાર મુજબ ગ્લોબલવોર્મિંગ 1.5 °C સુધી મર્યાદિત કરવા પ્રયત્ન કરવો.
  - સ્વચ્છ અને નવીનીકરણીય ઊર્જા સ્ત્રોતો પર ભાર મૂકવો.
  - કોલસામાંથી મેળવાતી ઊર્જાને ઈતિહાસ બનાવી તેને નાબૂદ કરવો.

- સંવેદનશીલ રાષ્ટ્રો માટે ગ્રીન ટ્રાન્ઝિશનને નાણાં આપવા.

❖ ક્લિન ગંગા પ્રોજેક્ટને ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન

✓ ગંગા ઉત્સવ 1થી 3 નવેમ્બર ઉજવાયો. તેમાં પ્રથમ દિવસે આ રેકોર્ડમાં સ્થાન આપવામાં આવ્યું છે.

✓ ગંગા ઉત્સવ રિવર ફેસ્ટિવલ 2021ના પ્રથમ દિવસે એક કલાક માં ફેસબુક પર અપલોડ કરવામાં આવેલી હસ્તલિખિત નોટોના સૌથી વધુ ફોટા માટે - નેશનલ મિશન ઓફ ક્લિન ગંગા (NMCG) ને આ સ્થાન અપાયું છે.

✓ કેન્દ્રીય જલશક્તિ મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે આ સર્ટિફિકેટ સ્વીકાર્યું હતું.

- ગંગા ઉત્સવ
  - 2021 માં ઉત્સવની પાંચમી આવૃત્તિનું આયોજન થયું.
  - ગંગા નદીને રાસ્ટ્રીય નદી તરીકે જાહેર કરવાની વર્ષગાંઠ (4 નવેમ્બર) નિમિત્તે સ્વચ્છ ગંગા માટેનું રાષ્ટ્રીય મિશન દર વર્ષે ગંગા ઉત્સવની ઉજવણી કરે છે.
- NMCG (નેશનલ મિશન ફોર ક્લિન ગંગા)
  - 2014 માં નમામિ ગંગે અંતર્ગત નાણાં મંત્રી અરુણ જેટલીએ બજેટમાં 2073 કરોડની જાહેરાત કરેલ અને નેશનલ મિશન ફોર ક્લિન ગંગાને ફ્લેગશિપ પ્રોગ્રામ જાહેર કરેલ .
  - 2016 માં NGC - નેશનલ ગંગા કાઉન્સિલની સ્થાપના થઈ.
  - NGC ના અધ્યક્ષ = પ્રધાનમંત્રી (હોદ્દાની રૂએ)
  - એમ્પાવર્ડ ટાસ્ક ફોર્સના અધ્યક્ષ = જળમંત્રી (હોદ્દાની રૂએ)

✓ ગંગા નદી 2704 km લંબાઈ ધરાવતી 11 રાજ્યોમાંથી વહે છે.

✓ ગંગા બ્રહ્મપુત્રા નદીમાં જોડાય છે અને બાંગ્લાદેશમાં પદ્મા નદી તરીકે બંગાળની ખાડીમાં વહે છે.

✓ ઓગસ્ટમાં દૂરદર્શન પર 'રગ રગ મેં ગંગા' નામના કાર્યક્રમની બીજી શ્રેણીનો શુભારંભ થયો.

✓ ગંગા માટેના તમામ કાર્યો 'નામમિ ગંગે' નામક શિર્ષક હેઠળ કરવામાં આવે છે.

❖ SC / ST એક્ટ : સર્વોચ્ચ ન્યાયાલય

✓ તાજેતરમાં સર્વોચ્ચ અદાલત એક ચુકાદાના અભ્યાસ કરતાં જાણવા મળ્યું છે કે સર્વોચ્ચ અદાલત અને ઉચ્ચ અદાલતોને SC / ST એક્ટ સહિત વિવિધ 'વિશેષ કાનૂન' હેઠળ દાખલ કરવામાં આવેલા ફોજદારી કેસોને રદ કરવાની સત્તા છે.

✓ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ અધિનિયમ, 1989 હેઠળની કાર્યવાહીને રદ કરવા સુપ્રિમ કોર્ટને બંધારણની કલમ 142 અથવા હાઈકોર્ટની ફોજદારી કાર્યવાહીની સંહિતાની કલમ 482 હેઠળ આપવામાં આવેલી સત્તા છે.

✪ કલમ - 142 ✪

✓ સુપ્રીમ કોર્ટને વિવેકાધીન સત્તા આપે છે કારણ કે તે જણાવે છે કે સુપ્રીમ કોર્ટ એવો આદેશ પસાર કરી શકે છે જે તેની સમક્ષ પડતર કોઈપણ બાબત માટે ન્યાય આપશે.

✓ કલમ - 142 ના વિકાસના શરૂઆતના વર્ષોમાં, સમાજના વિવિધ વંચિત વર્ગોને સંપૂર્ણ ન્યાય આપવા અથવા પર્યાવરણની સુરક્ષા માટેના પ્રયાસો માટે સુપ્રીમ કોર્ટે પ્રશંસા કરી.

- ✓ સુપ્રીમ કોર્ટે યુનિયન કાર્બાઇડ કેસને કલમ 142 સાથે સંબંધિત ગણાવ્યો હતો. આ મામલો ભોપાલ ગેસ દુર્ઘટના પીડિતો સાથે સંબંધિત છે.
- ✓ SC / ST અધિનિયમ 1989 એ સંસદ દ્વારા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સમુદાયના સભ્યો સામે થતાં ભેદભાવ અને અત્યાચારને રોકવા માટે ઘડવામાં આવેલો કાયદો છે. આ અધિનિયમ અંધકારમય વાસ્તવિક્તાનો પણ ઉલ્લેખ કરે છે. કારણકે અનેક પગલાં લેવાં છતાં SC / ST ઉપર ઉચ્ચજાતિના હાથે વિવિધ અત્યાચારો થાય છે.
- ✓ આ અધિનિયમ બંધારણની કલમ 15 (ભેદભાવ પર પ્રતિબંધ), કલમ17 (અસ્પૃશ્યતા નિવારણ), અને કલમ 21 (જીવન અને વ્યક્તિગત સ્વતંત્રા) માં ઉલ્લેખિત બંધારણીય રક્ષણોને ધ્યાને રાખી ઘડાયો છે. જેમાં સંરક્ષણના બે ઉદ્દેશ્યો છે. તે સંવેદનશીલ સમુદાયોના સભ્યો તથા જાતિ આધારિત અત્યાચારનો ભાગ બનેલા લોકોને રાહત અને પુનર્વસન પુરુ પાડે છે.
- ✓ અનુસૂચિત જાતિ / જનજાતિ સુધારો અધિનિયમ (2018) પ્રાથમિક તપાસ ફરજિયાત નથી અને તપાસ અધિકારીઓને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સામેના અત્યાચાર કેસોમાં FIR નોંધવા માટે તેમના ઉચ્ચ પોલીસ અધિકારીઓની પૂર્વ મંજૂરીની પણ જરૂર નથી.

**-------------- કરન્ટ ઇન શોર્ટ ------------**

- ❖ કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડીઝલ પર વસૂલાતી એક્સાઇઝ ડ્યુટીમાં પેટ્રોલમાં રૂ. 5 અને ડીઝલમાં રૂ. 10નો ઘટાડો કર્યો.
- ❖ ભારતીય ક્રિકેટ ટીમના નવા હેડ કોચ તરીકે ભૂતપૂર્વ સુકાની રાહુલ દ્રવિડની નિમણૂકને ભારતીય ક્રિકેટ બોર્ડે મંજૂરી આપી.
- ❖ ભારતીય વાયુસેનાના દિગ્ગજ પાઇલટ અને બાલાકોટ એરસ્ટ્રાઈકના હીરો વિંગ કમાન્ડર અભિનંદન વર્ધમાનને ગ્રુપ કેપ્ટન તરીકે પ્રમોશન અપાયું.
- ❖ એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) એ 2006 થી 2021 વચ્ચે ખરાબ શાસન વ્યવસ્થાને ધ્યાને રાખી પાકિસ્તાન પાસેથી રૂ. 745 કરોડનો દંડ વસૂલ્યો.
- ❖ સંજય ભટ્ટાચાર્ય સ્વિત્ઝરલેન્ડમાં ભારતના રાજદૂત નિયુક્ત.
- ❖ ઓક્સફર્ડ યુનિ. ની લિનાક્રે કોલેજ તેનું નામ વિયેતનામનાં સૌથી ધનિક મહિલા ગુયેન થી ફુઓંગ થાઓના નામે રાખશે. તેમણે કોલેજને રૂ. 1580 કરોડનું દાન આપ્યું છે.

**5 નવેમ્બર**

- ❖ મધ્યપ્રદેશ સરકાર આંદોલનકારીઓ પાસેથી થયેલાં નુકશાન વસુલવા અંગેનો કાયદો લાવશે.
  - ❖ યુપી અને હરિયાણા બાદ, મધ્યપ્રદેશ સરકાર વહીવટી તંત્રને સાંપ્રદાયિક રમખાણો, વિરોધ દરમિયાન વ્યક્તિ અથવા જૂથ દ્વારા જાહેર અને ખાનગી મિલ્કતને થયેલા નુકશાનની બમણી કિંમત વસૂલવા અંગેનો કાયદો લાવશે.

- ❖ મધ્યપ્રદેશ પબ્લિક એન્ડ પ્રાઇવેટ પ્રોપર્ટી ડેમેજ રિઝોલ્યુશન એન્ડ રિકવરી બિલ, 2021 નામનું કામચલાઉ શીર્ષક ધરાવતું આ બિલ રાજય વિધાનસભાના શિયાળુ સત્રમાં રજૂ કરાશે.
- ❖ આ બિલમાં સિવિલ પ્રોસિજર 1908 ની સંહિતા હેઠળ સિવિલ કોર્ટની સત્તાઓસાથે રાજયભરમાં કલેમ ટ્રિબ્યુનલની રચનાની કલ્પના કરવામાં આવી છે. આ ટ્રિબ્યુનલને વ્યક્તિ અથવા સરકાર દ્વારા થયેલા નુકશાનનીબમણી કિંમત સુધીની વસૂલાતની સત્તા આપે છે અને હુકમની તારીખથી 15 દિવસની અંદર વસૂલાત કરવામાં ન આવે તો વ્યાજ વસૂલવાની જોવાઇ પણ કરાઇ છે.

❖ ભારત અને UK એ સૌર ઊર્જા ગ્રિડનુ આંતરરાષ્ટ્રીય નેટવર્ક લોન્ચ કર્યું.

- ✓ પ્રધાનમંત્રી નરેદ્ર મોદી અને UK ના તેમના સમકક્ષ બોરિસ જોનસને ઇન્ટરકનેકટેડ સૌર ઊર્જા ગ્રિડ માટે વિશ્વના પ્રથમ આંતરરાષ્ટ્રીય નેટવર્ક માટે મહત્વકાંક્ષી યોજનાનું અનાવરણ કર્યું.
- ✓ આ પ્રોજેક્ટ 'ગ્રીન ગ્રિડ ઇનિશિએટિવ: વન સન વન વર્લ્ડ વન ગ્રિડ' નામથી લોન્ચ કરવામાં આવ્યું છે.
- ✓ આ પ્રોજેકટનો ઉદ્દેશ્ય વિશ્વભરના દેશોને એકબીજા સાથે જોડાયેલા ગ્રીડની શ્રેણી દ્વારા સૂર્યમાંથી મેળવેલી સ્વચ્છ ઊર્જા પ્રદાન કરવાનો છે. ઓસ્ટ્રેલિયા, ફ્રાન્સ, ભારત, US અને UK આ પ્રોજેકટના મુખ્ય સભ્યો છે, જેને 99 દેશોના મજબૂત ઇન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA) ના 80 સભ્યોનુ સમર્થન છે.

❖ ભારતે એન્ટી એરફીલ્ડ હથિયારનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું.

- ✓ DRDO અને ભારતીય વાયુ સેનાએ સંયુક્તપણે જેસલમેર ખાતે સ્વદેશી બનાવટનું સ્માર્ટ એન્ટી એરફીલ્ડ હથિયારના બે ઉડાનનું સફળ પરિક્ષણ કર્યું.
- ✓ આ હથિયાર ઉપગ્રહ નેવિગેશન અને ઇલેક્ટ્રો - ઓપ્ટિકલ સેંસર ઉપર આધારિત છે.
- ✓ આ હથિયારને IAF એરક્રાફ્ટ દ્વારા લોન્ચ કરાયું છે.
- ✓ ઇલેક્ટ્રો ઓપ્ટિકલ સિસ્ટમ ઇમેજિંગ ઇન્ફ્રા રેડ (IIR) સીકર ટેકનોલોજીથી સજ્જ છે જે હથિયારની ચોક્કસાઇ પૂર્વકની સ્ટ્રાઇક ક્ષમતાને વધારે છે.

❖ ગ્લાસગો ગ્લેશિયર, એન્ટાર્કટિકા

- ✓ તાજેતરમાં એન્ટાર્કટિકામાં બરફનો પિંડ કે જે ઝડપથી પીગળી રહ્યો છે તેને ગ્લાસગો કલાઇમેટ સમિટ બાદ 'ગ્લાસગો ગ્લેશિયર' નામ આપવામાં આવ્યું છે. (UNFCCC - યુનાઇટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન કલાઇમેટ ચેન્જના COP નું 2 મું સત્ર ગ્લાસગો (UK) ખાતે આયોજિત થયું.)
- ✓ ઇંગ્લેન્ડની યુનિ. ઓફ લીડ્સના અભ્યાસ મુજબ 1994 થી 2018 વચ્ચે આબોહવા પરિવર્તનને કારણે એન્ટાર્કટિકાના ગેટ્ઝ બેસિનમાં 14 હિમનદીઓની સરેરાશ જાડાઇમાં 25%નો ઘટાડો જોવા મળ્યો. છેલ્લા 25 વર્ષમાં 315 ગીગાટન બરફ પીગળ્યો છે, જે વૈશ્વિક દરિયાઇ સપાટીમાં વધારો કરવા માટે ફાળો આપે છે.

❖ ઊર્જા સંરક્ષણ માટે ઇટાલી-ભારત વચ્ચે રણનીતિક સમજૂતી.

- ✓ તાજેતરમાં આયોજિત દ્વિપક્ષીય બેઠકમાં ભારત-ઇટાલીએ 'ઊર્જા સંક્રમણના ક્ષેત્રમાં વ્યૂહાત્મક ભાગીદારી' પર સંયુકત નિવેદન આપ્યું.
- ✓ આ સમજૂતી હેઠળ સ્માર્ટ સિટી, સ્માર્ટ ગ્રીડ, પાવર ડિસ્ટ્રિબ્યુશન, સ્ટોરેજ સોલ્યુશન ક્ષેત્રે કામગીરી કરાશે.
- ✓ વર્ષ 2030 સુધીમાં 450 ગીગાવોટ રિન્યુએબલ એનર્જીનું ઉત્પાદન કરવાનો લક્ષ્ય રાખી બંને દેશો ભારતમાં ગ્રીન કોરીડોર પ્રોજેકટ શરૂ કરશે જેનો હેતુ ગ્રીડમાં પરંપરાગત પાવર સ્ટેશનો સાથે સોલાર અને પવન જેવા નવીનીકરણીય સ્ત્રોતોમાંથી ઉત્પન્ન થતી વીજળીને સુમેળ કરવાનો છે.

- ✓ વર્ષ 2021 માં ભારત-ઇટાલી વચ્ચેના રાજદ્વારી સંબંધોની 73મી વર્ષગાંઠ ઉજવવામાં આવી. ઉપરાંત ઇટાલીએ આંતરરાષ્ટ્રીય વેપાર માટેના ટોચના પાંચ દેશોમાં ભારતે સ્થાન આપ્યું હોવાથી ભારત - ઇટાલી વચ્ચેના મૈત્રીપૂર્ણ સંબંધો તેમના આર્થિક વિકાસના દ્રષ્ટિકોણ ઉચ્ચ સ્થાને મૂકી આપે છે.

❖ ખાસી ઉતરાધિકારી સંપતિ વિધેયક, 2021

- ✓ હાલમાં મેઘાલયમાં ખાસી હિલ્સ ઓટોનોમસ ડિસ્ટ્રીકટ કાઉન્સીલ (KHADC) એ 'ખાસી સકસેશન પ્રોપર્ટી બિલ, 2021' રજૂ કરવાની જાહેરાત કરી.
- ✓ આ બિલનો ઉદ્દેશ ખાસી સમુદાયના ભાઇ-બહેનો વચ્ચે પૈતૃક સંપતિનું 'સમાન વિતરણ' કરવાનો છે. જો આ કાયદો અમલમાં આવે તો માતૃવંશીય ખાસી જનજાતિ વારસાની વર્ષો જૂની પ્રથામાં ફેરફાર થશે.
- **માતૃવંશીય પરંપરા**
  - ✓ આ પરંપરામાં બાળકો માતાની અટક નામ સાથે જોડે છે, તથા પતિ તેની પત્નીના ઘરે જાય છે.
  - ✓ પરિવારની સૌથી નાની પુત્રી (ખાત દુહ) ને પૈતૃક અથવા કુળની મિલ્કતનો સંપૂર્ણ હિસ્સો આપવામાં આવે છે.
  - ✓ ખાતદુહ જમીન - મિલ્કતનો રક્ષક ગણાય છે તથા વૃદ્ધ માતા-પિતા, અપરિણીત કે નિરાધાર ભાઇ-બહેનની સંભાળ સહિતની જવાબદારી તેની રહે છે.
  - ✓ સ્વ-સંપાદિત મિલ્કત ભાઇ-બહેનો વચ્ચે સમાનરૂપે વહેંચાય છે.
  - ✓ આ પરંપરામાં જો દંપતીને પુત્રી ન હોય તો મિલ્કત પત્નીની મોટી બહેન અને તેની પુત્રીને મળે છે અને જો પત્નીને બહેન ન હોય તો સંપતિ તે કબીલાઓ દ્વારા કબજે લેવામાં આવે છે.
  - ✓ આ બિલ લાવવાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે પુરુષોને મિલકતમાં સમાન ભાગ/હિસ્સો આપવો અને માતા-પિતાને તેમની સંપતિ કોને આપવી તે નિર્ણય લેવાનો અધિકાર આપવો.
  - ✓ ખાસી, જયંતિયા અને ગારો એ મેઘાલયની સ્થાનિક જનજાતિ સમૂહો છે.

**-------------- કરન્ટ ઇન શોર્ટ ------------**

- ✓ દિલ્હી સરકારે 'દિલ્હી બજાર' નામનું પોર્ટલ લોન્ચ કર્યું જેની મદદથી નાના વેપારીઓ પોતાની પ્રોડક્ટ્સ ડિસપ્લે કરી તેને ઓનલાઇન વેચી શકશે.
- ✓ શોર્ટ વિડિયો એપ ટિકટોક ચલાવનાર કંપની બાઇટડાન્સના સ્થાપક ઝાંગ યિમિંગે ચેરમેન પદેથી રાજીનામું આપ્યું.
- ✓ મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપવા બ્રિટને પાંચ પાઉન્ડનો સિક્કો લોન્ચ કર્યો. આ સિક્કો યુકે ટ્રેઝરીના ચાન્સેલર ઋષિ સુનકે લોન્ચ કર્યો છે. આ સિક્કામાં ગાંધીજીનું જીવનસૂત્ર 'મારું જીવન જ મારો સંદેશ છે' લખવામાં આવ્યું છે.
- ✓ ભારતની બાયોટેક દ્વારા બનાવવામાં આવેલ કોરોના રસી કોવેક્સિનને WHO દ્વારા ઇમરજન્સી ઉપયોગને મંજૂરી અપાઇ. અગાઉ WHO દ્વારા આ મંજૂરી ન હોવાથી અમેરિકાનો કોવેક્સિન રસી લેનાર પર પ્રવેશ પ્રતિબંધ હતો.
- ✓ બયો બબલનો ભંગ કરનાર ICC અમ્પાયર માઇકલ ગોફને અમ્પાયરિંગમાંથી બાકીની મેચમાંથી દૂર કરાયા.
- ✓ ક્રિપ્ટોકરન્સીમાં ભારતમાં ડોજકોઇન અને શિબાઇનુ સૌથી વધુ પ્રખ્યાત
- ✓ અમેરિકાએ પેગાસસ બનાવતી ઇઝરાયેલી કંપની NSO ગ્રુપને બ્લેક લિસ્ટ કરી.

- ✓ પેન્ટાગોન દ્વારા તૈયાર કરવામાં આવેલા રિપોર્ટ અનુસાર 2030 સુધીમાં 1000 પરમાણુ બોમ્બ બનાવવાનું ચીનનું લક્ષ્યાંક.
- ✓ 5 નવેમ્બર: વિશ્વ ત્સુનામી જાગુતિ દિવસ.

### 6 નવેમ્બર

- ❖ ચીને વિશ્વનો પ્રથમ પૃથ્વી વિજ્ઞાન ઉપગ્રહ લોન્ચ કર્યો.
  - ❖ ચીન ઉત્તરીય શાંક્સી પ્રાંતના તાઈયુઆન સેટેલાઈટ લોન્ચ સેન્ટરથી આ ઉપગ્રહ લોન્ચ કર્યો.
  - ❖ 'ગુઆંગમુ' નામના ઉપગ્રહને લોંગ માર્ચ 6 કેરિયર રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવ્યો હતો. લોંગ માર્ચ રોકેટ શ્રેણીનું આ 395 મું ફ્લાઈટ મિશન હતું.
  - ❖ ચાઈનીઝ એકેડેમી ઓફ સાઈન્સ વિકસિત આ ઉપગ્રહ UN 2030 એજન્ડા ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટને સેવા આપવા સમર્પિત કરાયો.
- ❖ મોર્ડન ઈન્ડિયા પુસ્તકનું વિમોચન
  - ❖ હરિયાણા મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટર દ્વારા આ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું.
  - ❖ આ પુસ્તકમાં આધુનિક ભારતના ઈતિહાસની જાણકારી અપાઈ છે.
  - ❖ પુસ્તકના લેખક કુ. પૂનમ દલાલ દહિયા એ જાહેર સેવાના પરીક્ષાર્થીઓ માટેની બાબતોને ધ્યાને રાખી આ પુસ્તક લખ્યું છે. તેઓ હાલ ગુરૂગ્રામ પોલીસમાં ASP તરીકે ફરજ બજાવે છે અને તેમણે SSC, UPSC જેવી પરીક્ષાઓમાં સફળતા મેળવી છે.
- ❖ મર્ક એન્ડ કંપનીની કોવિડ વિરોધી ધ્યાને મંજૂરી આપનાર બ્રિટન પ્રથમ દેશ.
  - ❖ આ દવા ગોળી સ્વરૂપે છે જેનું નામ 'મોલનું પીરાવીર' છે.
  - ❖ મેડિસીન એન્ડ હેલ્થકેર પ્રોડક્ટ્સ રેગ્યુલેટરી એજન્સી (MHRA)એ હળવાથી મધ્યમ કોવિડ 19 ધરાવતા લોકોમાં આ દવાના ઉપયોગની ભલામણ કરી છે.
- ❖ પોલીસ સુધાર અને રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ.
  - ❖ રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ (NHRC) એ કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને રાજ્ય સરકારોને પ્રકાશ સિંહ વિરુધ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા (2006) ના ચુકાદા અનુસાર પોલીસ ફરિયાદ સત્તામંડળની સ્થાપના કરવા જણાવ્યું.
  - ❖ પોલીસ સુધારણાનો હેતુ પોલીસ સંસ્થાઓના મૂલ્યો, સંસ્કૃતિ, નીતિઓ અને વ્યવહારમાં ફેરફાર કરવાનો છે. પોલીસ તંત્રએ ભારતના બંધારણની અનુસૂચિ 7 ની રાજ્યયાદી હેઠળ આવે છે.
  - ❖ પ્રકાશસિંહના ચુકાદામાં સુપ્રિમકોર્ટે 'પોલીસ મહાનિર્દેશક'ના કાર્યકાળ અને પસંદગી સંબંધિત સાત નિર્દેશો આપ્યા હતા, જેનો ઉદ્દેશ્ય એવી પરિસ્થિતિને ટાળવાનો હતો. જેમાં થોડા મહિનામાં નિવૃત થનાર અધિકારીને પોસ્ટ આપવામાં આવે છે. સુપ્રિમકોર્ટે પોલીસ અધિકારીઓની પોસ્ટિંગ 'પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ બોર્ડ' (PEB) ધ્વારા કરવાનો નિર્દેશ આપ્યો જેનો હેતુ રાજકીય નેતાઓને પોસ્ટિંગ અને ટ્રાન્સફર સંબંધિત સત્તાઓથી વિમુખ કરવાનો હતો.
- ❖ મહિલાઓમાં ગ્રીવા કેન્સરને ઘટાડતી HPN વેક્સિન.

- ❖ HPV - હ્યુમન પેપિલોમાં વાયરસ.
- ❖ આ રસીથી UK માં 12 કે 13 વર્ષની વયે અપાયેલી સ્ત્રીઓમાં સર્વાઈકલ કેન્સરના કેસોમાં 87% નો ઘટાડો જોવા મળ્યો. 11 વર્ષના ગાળામાં આ રસીએ 450 સર્વાઈકલ કેન્સર અને 17,200 પૂર્વ - કેન્સરના કેસો અટકાવ્યા છે.
- ❖ ગ્રીવા કેન્સર એ મહિલાઓમાં ગર્ભાશયની ગ્રીવાની કોશિકાઓમાં થતું કેન્સર છે.
- ❖ HPV રસી બે કેન્સર પેદા કરતાં HPV16 અને HPV18 સામે રક્ષણ આપે છે. (આ રસી માત્ર સ્ત્રીઓને જ આપી શકાય છે.)
- ❖ HPV (હ્યુમન પેપિલોમાવાયરસ) એ પ્રજનન માર્ગનો સામાન્ય ચેપી વાયરલ છે. જે 100 થી પણ વધુ પ્રકારે જોવા મળે છે. જેમાંથી 40 થી વધુ સીધા જાતીય સંપર્કથી ફેલાય છે.
- ❖ વિશ્વમાં સામાન્ય કેન્સરના 16%, સર્વાઈકલ કેન્સરના 27% કેસ ભારતમાં છે.

❖ અખિલ ભારતીય ન્યાયિક સેવા. (AJIS)

- ❖ AJIS - All India Judicial Service.
- ❖ કેન્દ્ર સરકાર કેન્દ્રીય નાગરિક સેવાઓની તર્જ પર અખિલ ભારતીય ન્યાયિક સેવાને સ્થાપિત કરવાની તૈયારી કરી રહ્યું છે.
- ❖ AJIS એ તમામ રાજ્યો માટે વધારાના જિલ્લા ન્યાયાધીશો અને જિલ્લા ન્યાયધીશના સ્તરના ન્યાયાધીશોની ભરતીને કેન્દ્રીયકૃત બનાવતો સુધારો છે.
- ❖ કાયદાપંચના 14 માં અહેવાલ ધ્વારા AJIS ની દરખાસ્ત સૌપ્રથમ વર્ષ 1958 માં કરવામાં આવી હતી. સંસદીય સ્થાયી સમિતિએ તેના 15 માં અહેવાલમાં અખિલ ભારતીય ન્યાયિક સેવાના વિચારને સમર્થન આપી ડ્રાફ્ટ તૈયાર કર્યો.
- ❖ 1992 માં ઓલ ઈન્ડિયા જજ એશોસિએશન વિ. યુનિયન ઓફ ઈન્ડિયા કેસમાં SC એ AJIS ની રચના માટે કેન્દ્રને આદેશ આપ્યો હતો.
- ❖ આ સિસ્ટમથી રાજ્ય અને કેન્દ્ર અને કેન્દ્ર લેવલે ન્યાયિક પ્રક્રિયા ઝડપી માળખાત બનશે તથા તમામ વર્ગોને સમાન તકનો લાભ મળશે.

❖ અયોધ્યા દીપ પ્રાગટ્યને ગિનીસ રેકોર્ડમાં સ્થાન

- ❖ 2021 માં દિવાળી નિમિત્તે 9 લાખ દીવાઓ અયોધ્યામાં પ્રગટાવવામાં આવ્યા.
- ❖ 2019 માં 6 લાખ દીવાઓ સાથે પણ ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ બન્યો હતો.
- ❖ ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ માટે એક દિવો 5 મિનીટ સુધી સળગતો રહેવો જરૂરી હોય છે.
- ❖ ઉત્તરપ્રદેશના CM - યોગી આદિત્યનાથ, રાજ્યપાલ - આનંદીબેન પટેલ, પર્યટન મંત્રી - જી. કિશન રેડ્ડી.

**-------------- કરન્ટ ઇન શોર્ટ ------------**

✓ સ્કોટલેન્ડના ગ્લાસગો ખાતે યોજાયેલ જળવાયુ પરિવર્તન શિખર સંમેલનમાં ભારતના તમિલનાડુના વિનિશા ઉમાશંકરે (ઉંમર 14 વર્ષ) પ્રવચન આપ્યું. વિનિશા 'ઈકો ઓસ્કાર' તરીકે ઓળખાતા પુરસ્કાર માટેની સ્પર્ધામાં પણ ભાગ લીધો હતો.

- ✓ કર્ણાટકે 'રાજ્ય ઊર્જા દક્ષતા સૂચકાંક 2020' (State Energy Efficiency Index 2020)માં ટોચનું સ્થાન મેળવ્યું.
- ✓ સુપ્રીમ કોર્ટે RV રવિન્દ્રનના નેતૃત્વમાં પેગાસા જાસૂસીની તપાસ કરવા માટે કમિટીની રચના કરી.
- ✓ સાઉથ કોરિયાએ વિશ્વના સૌથી મોટા હાઇડ્રોઝન ફ્યૂલ સેલ પાવર પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું.
- ✓ રેણુ શર્માને મિઝોરમના મુખ્ય સચિવ નિયુક્ત કરાયા.
- ✓ તેજુલ ઇસ્લામે વિશ્વ કિક બોક્સિંગ ચેમ્પિયનશીપમાં ભારત તરફથી ગોલ્ડ મેડલ મેળવ્યો.
- ✓ કોટક મહિન્દ્રા બેંકે NPCI સાથે મળી 'વીર' નામનું રૂ.પે કાર્ડ લોન્ચ કર્યું.
- ✓ National Small Matchbox Manufacturing Association દ્વારા માચિસના બોક્સની કિંમત રૂ. 1 માંથી વધારીને રૂ. 2 કરી.
- ✓ જમ્મુ-કશ્મીરમાં એપ્પલ ફેસ્ટિવલ 2021 (Apple Festival)નું આયોજન થયું.
- ✓ ઓક્સફર્ડ ઇંગ્લિશ ડિક્ષનરીએ 'Vax' શબ્દને વર્ડ ઓફ ધ યર 2021 જાહેર કર્યો.
- ✓ મસૂરી ખાતે સરદાર પટેલ નેતૃત્વ કેન્દ્ર (Sardar Patel Leadership Center)નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. (જીતેન્દ્રસિંહ ધ્વારા)
- ✓ ફ્રાન્સમાં આયોજિત વિશ્વ બધિર જૂડો ચેમ્પિયનશીપમાં જમ્મુ-કાશ્મીર ટીમે પ્રથમ સ્થાન મેળવ્યું. (બધિર અર્થાત જેને સાંભળી શકવામાં તકલીફ હોય તે અને મૂક એટક જેને બોલવામાં તકલીફ હોય. 'મૂક-બધીર' અર્થાત - મૂંગા બહેરા)

**7 નવેમ્બર**

- ❖ હિલેરી ચાર્લ્સવર્થની આંતરરાષ્ટ્રીય ન્યાયાલય માટે પસંદગી.
  - ✓ ઓસ્ટ્રેલિયાના વયોવૃદ્ધ ન્યાયાધીશ હિલેરી ચાર્લ્સવર્થને (IJC) આંતરરાષ્ટ્રીય ન્યાયાલય માટે પસંદ કરાયાં.
  - ✓ તેઓ જેમ્સ ક્રોફ્ડની જગ્યાએ આ હોદ્દો સંભાળશે જેમનું નિધન મે 2021માં થયું. ચાર્લ્સવર્થ ICJમાં જજ બનનાર અત્યાર સુધીનાં પાંચમાં મહિલા છે.
- ❖ ભારત-સેનેગલે ડકારમા સ્વાસ્થ્ય, ચિકિત્સા પર સમજૂતી કરી
  - ❖ બંને પક્ષોએ તેમના રાજનૈતિક સંબંધના 60 વર્ષની ઉજવણી પણ આ તકે કરી હતી.
  - ❖ આ સમજુતી હસ્તાક્ષરોમાં રોગોની દેખરેખ, તબીબી સંશોધન, દવાઓ અને ફાર્મા, તબીબી સાધનો અને પરંપરાગત દવા સહિત સહયોગનો સમાવેશ કરવામાં આવ્યો છે.
  - ❖ આ ઉપરાંત સેનેગલના રાજદ્વારીઓને તાલીમ આપવા અંગે પણ હસ્તાક્ષરો કરવામાં આવ્યા છે.
  - ❖ આ કરાર પર ભારતના વિદેશ રાજ્ય મંત્રી (MOS) મુરલીધરને હસ્તાક્ષર કર્યા છે.
- ❖ ભારતીય સેનાના અધિકારીઓને તેનજિંગ નોર્ગે રાષ્ટ્રીય પુરસ્કાર અપાયો.
  - ❖ લેફ્ટનન્ટ (યાદ રાખો - Lieutenant) કર્નલ સર્વેશ ધડવાલ અને કર્નલ (Colonel) અમિત બિષ્ટને યુવા બાબતો અને એલ મંત્રાલય દ્વારા પ્રતિષ્ઠીત તેનજિંગ નોર્વે પુરસ્કાર અપાયો.
  - ❖ લે.કર્નલ ધડવાલને સ્કાઇડાઇવિંગ માટે તથા કર્નલ અમિત બિષ્ટને તેમની જમીન પ્રવૃતિઓ માટે આ સન્માન આપવામાં આવ્યું છે.
- ❖ NASA, USGS એ પૃથ્વીની પ્રથમ લેંડ્સેટ 9 ચિત્રોની તસવીર જાહેર કરી.
  - ❖ USGS-US જિયોલોજિકલ સર્વે.

- આ તસ્વીરોમા પશ્ચિમ ઓસ્ટ્રેલિયાના કિમ્બર્લી પ્રદેશના દરિયાકાંઠાના ટાપુઓ અને ઈનલેટ્સ, હિમાલયના ઉંચા ગ્લેશિયર્સ, એરીતળાવ,પેન્સાકોલા બીચ અને ફ્લોરિડાની સફેદ રેતીના દ્રશ્યો લેવામાં આવ્યા છે.
- આ તસવીરોને આધારે આબોહવા પરિવર્તન અંગેની મહિતી મેળવી તેમા સંશોધન કરી શકાશે.
- નાસાના એડમિનિસ્ટ્રેટર - બિલ નેલ્સનના મતે આ તસવીરો ધ્વારા ભવિષ્યમાં હાથ ધરનાર પ્રોગ્રામ માત્ર જીવન સુધારવા નહિ પરંતુ જીવન બચાવવાની શક્તિ પ્રદાન કરશે.

❖ નવી આર્મી એવીએશન બ્રિગેડની સ્થાપના.

- ભારતે અરૂણાચલ પ્રદેશ સેક્ટરમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC-Line of Actual Cantrol)ના પૂર્વીય સેકટરમાં નવી આર્મી એવિએશન બ્રિગેડની સ્થાપના કરી છે.
- નવી આર્મી એવિએશન બ્રિગેડની પ્રથમ વાર સ્થાપના માર્ચ 2021માં આસામના તેજપુર નજીકના મિસામરી એરપોર્ટ પર કરવામાં આવી હતી. જેમાં એડવાન્સ્ડ લાઇટ હેલિકોપ્ટર(AIH), અમેરિકાનુ ચિતા હેલિકોપ્ટર અને ઈઝરાયેલના હેરોન ડ્રોન જેવી ક્ષમતાઓ આપવામા આવી છે.
- LAC-હિમાચલપ્રદેશ, ઉત્તરાખંડ, સિક્કિમ, અરૂણાચલપ્રદેશ અને લદ્દાખની ચીન સાથેની સરહદ છે.

❖ ચિત્તાઓની વિલુપ્તીનો ખતરો.

- જર્નલ ઓફ ગ્લોબલ ઈકોલોજી એન્ડ બાયોગ્રાફીમા પ્રકાશિત થયેલા એક અભ્યાસ મુજબ રોડકિલ્સને કારણે ઉત્તર ભારતમાં ચિત્તાના લુપ્ત થવાનુ જોખમ 83% વધ્યું છે.
- ભારતમાં રોડકિલ્સના કારણે ઉત્તર ભારતમાં જોવા મળતા દિપડાઓનુ જીવન સૌથી વધુ સંવેદનશીલ છે અને બાદમાં ચિત્તાને ધ્યાને લેવામાં આવે છે આ ઉપરાંત દક્ષિણ ભારતમાં જોવા મળતા મેકાકા સિલેનસ (સિંહ જેવું બિલાડી કૂળનું પ્રાણી) અને સ્લોથ રીંછ પણ સંકટનો સામનો કરી રહ્યા છે.
- ચિત્તો એ બિલાડી કૂળનું સૌથી નાનું પ્રાણી (વેજ્ઞાનિક નામ-પેંથેરા પાર્ડ્સ) છે. (અન્ય પ્રાણીઓ- વાઘ, સિહ, સ્નો લેપર્ડ વગેરે).
- ચિત્તામા મેલનિઝમની ઘટના જોવા મળે છે જેના કારણે તેના શરીરના ચામડા કાળા ટપકા યુક્ત અને ફ્રોલ્લીઓ જોવા મળે છે આજ કારણે ચિત્તા બ્લેક પેન્થર અથવા જગુઆર તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ભારતમાં તેની સંખ્યા મધ્યપ્રદેશ, કર્ણાટક, મહારાષ્ટ્રમાં વધુ જોવા મળે છે.
- તેમને IUCN રેડ લિસ્ટ, CITFS- પરિશિસ્ટ-1 તથા ભારતીય વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ, 1972 હેથળ રક્ષિત યાદીમા મૂકવામાં આવે છે.

❖ સી.વી. રામનની 133મી જન્મ જયંતી

- 7 નવેમ્બરના રોજ સી.વી. રામનની જન્મ જયંતિ ઉજવવામાં આવી.
- 1930 માં ભૌતિક વિજ્ઞાનક્ષેત્રનો નોબેલ પારિતોષિક મેળવનાર તેઓ પ્રથમ ભારતીય વિજ્ઞાની હતા.
- 1954 માં તેમને ભારત રત્નથી સન્માનિત કરાયા હતા.
- તેમની રામન અસર (પ્રકિર્ણન સંબંધિત) શોધ ભૌતિક વિજ્ઞાન સંદર્ભે ખૂબ અગત્યની ગણવામાં આવે છે.

## -------------- કરન્ટ ઇન શોર્ટ ------------

- હરિયાણા રાજ્યએ 'ઉત્તમ બીજ પોર્ટલ' લોન્ચ કર્યું .
- પંજાબ રાજ્યએ 'સિંધુ નદી ડોલ્ફિનની' વસ્તી ગણતરી કરવાની જાહેરાત કરી.
- પાર્થ સત્પથીને હંગેરીમાં ભારતના રાજદૂત નિયુક્ત કરાયા.
- USA પાર્લામેન્ટ દ્વારા દિવાળીને રાષ્ટ્રીય રજાનો દિવસ જાહેર કરતું બિલ રજૂ કર્યું.
- આકાશ કુમાર મેંસ બોક્સિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપમા ગોલ્ડ મેડલ જીતનાર સાતમા ભારતીય પુરૂષ બન્યા.

- NCRBના રિપોર્ટ અનુસાર ભારતમાં મહારાષ્ટ્ર રાજ્ય આત્મહત્યાની બાબતોના કેસમાં પ્રથમ સ્થાને.
- આંધ્રપ્રદેશ સરકારે જાતિ આધારિત વસતી ગણતરીને મંજૂરી આપી.
- નીતિ આયોગના અહેવાલ અનુસાર ભારતમાં 40 કરોડ લોકો પાસે સ્વાસ્થ્ય વીમો નથી.
- NCRBના રિપોર્ટ અનુસાર ભારતમાં રોજના 31 બાળકો આત્મહત્યા કરે છે. (NCRB - National Crime Records Bureau).
- અફગાનિસ્તાન દ્વારા વિદેશી મુદ્રાઓના ઉપયોગ પર પ્રતિબંધની ઘોષણા.
- જમ્મુ-કાશ્મીરના રાજ્ય/UT પક્ષી તરીકે 'કલિજ ફ્રીસેંટ'ના નામની ઘોષણા કરવામાં આવી.
- ભારતના સર્વોચ્ચ ક્રિકેટરોને શિષ્યો બનાવનાર ક્રિકેટ કોચ તારક સિંહાનું નિધન. દેશપ્રેમ આઝાદ ગુરૂચરણસિંહ, રમાકાંત આચરેકર, સુનીતા શર્મા પછી દ્રોણાચાર્ય પુરસ્કાર મેળવનાર તેઓ પાંચમા ભારતીય ક્રિકેટ કોચ હતા. 2018માં તેમને દિલ્હીના કોચ તરીકે નિયુક્ત કરાયા હતા.
- ભારતની મહિલા પિસ્ટલ માસ્ટર મનુભાકર અને ઈરાનના ઓલમ્પિક ચેમ્પિયન જવાદ ફોરોડીને ISSF પ્રેસિડેન્ટ કપમા ગોલ્ડ મેડલ મળ્યો.
- ફૂટબોલ ક્લબ બાર્સેલોનાએ જાવી હર્નાંડિજને મુખ્ય કોચ તરીકે નિયુક્ત કર્યા. અગાઉ તેઓ કતાર ખાતેના અલ-સાદ ક્લબમાં હતા.
- વન ગ્લોબલ વિયતનામ શિખર સંમેલનનું પેરિસ ફ્રાન્સ ખાતે આયોજન થયું. આ કાર્યક્રમ ‘ટેલેન્ટ, ઈનોવેશન, સસ્ટેનેબિલિટિ (TSI) વિષય પર આયોજીત થયો હતો.
- વેસ્ટ ઈન્ડીઝના ક્રિકેટર ડ્વેન બ્રાવોએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃતિ જાહેર કરી. તેમણે અંતિમ આંતરરાષ્ટ્રીય મેચ ઓસ્ટ્રેલિયા સામે રમી હતી.
- અજનીશ કુમાર એસ્ટોનિયામાં ભારતના રાજદૂત નિયુક્ત. એસ્ટોનિયા ગણરાજ્યની રાજધાની તેલિન ખાતી એસ્ટોનિયામાં ભારતનું દુતાવાસ સ્થપાશે.
- સંજય ભટ્ટાચાર્ય સ્વિઝરલેંડમાં ભારતના રાજદુત નિયુક્ત.
- દક્ષિણ આફ્રિકાના લેખક ડેમન ગલગુટને તેમની નવલકથા 'ધ પ્રોમિસ' માટે 2021નો બુકર પુરસ્કાર અપાયો.
- Bar-tailed Godwit નામના પક્ષીએ અલાસ્કાથી ઓસ્ટ્રેલિયા વચ્ચે 239 કલાકમાં 13,000 કિમીના અંતર માટે સતત રોકાયા વગર ઉડાન કર્યાનો રેકોર્ડ સ્થાપિત કર્યો.

## 8 નવેમ્બર

- શ્રીનગર એરપોર્ટ ‘મુખ્ય એરપોર્ટ’ જાહેર થયું
  - એરપોર્ટસ ઈકોનોમિક રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા એક્ટ, (AREA, 2008 (નંબર 27 ની કલમ 2 ની પેટાકલમ (i) મુજબની સત્તા અનુસાર કેન્દ્ર સરકારે શ્રીનગર એરપોર્ટને ‘મુખ્ય એરપોર્ટ’ જાહેર કર્યું.
  - AREA અનુસાર કેન્દ્ર સરકાર વાર્ષિક ઓછામાં ઓછા 35 લાખ યાત્રાળુઓની આવન જાવન ધરાવતાં હવાઈ મથકને મુખ્ય એરપોર્ટ તરીકે જાહેર કરે છે.
- સુધા મૂર્તિનું ‘ધ સેજ વિથ ટૂ હોર્ન્સ’ પુસ્તક
  - ઈન્ફોસિસ ફાઉન્ડેશનનાં અધ્યક્ષ અને પ્રસિદ્ધ લેખિકા સુધા મૂર્તિએ તેમનું પુસ્તક ‘ધ સેજ વિથ ટૂ હોર્ન્સ : અનયુઝ્યુઅલ ટેલ્સ ફ્રોમ માઈથોલોજી’ લોન્ચ કર્યું.
  - અનયુઝ્યુઅલ ટેલ્સ ફ્રોમ માઈથોલોજી શ્રેણીની આ 5મું અને અંતિમ પુસ્તક છે.

  - આ પુસ્તકોની શ્રેણીમાં રાજા-રાણીઓ, દેવી-દેવતાઓ, ઋષિઓ અને અસાધારણ જ્ઞાન ધરાવતાં મહિલા અને પુરુષોની વાતો લખાયેલી છે.
- QS - World University (વિશ્વ વિદ્યાલય) રેન્કિંગ, 2022
  - QS - ક્વાક્વેરેલી સાઈમંડસ.
  - સિંગાપુરની રાષ્ટ્રીય વિશ્વવિદ્યાલય સતત ચોથા વર્ષે એશિયાની સર્વશ્રેષ્ઠ વિશ્વવિદ્યાલયમાં સ્થાન પામી.
  - એશિયા રેન્કિંગમાં અન્ય ત્રણ વિશ્વવિદ્યાલયો IIT બોમ્બે (42), IIT દિલ્લી (45), IIT મદ્રાસ (54)ને પણ સ્થાન મળ્યું છે.
  - QS દ્વારા એશિયા ખંડની 687 યુનિવર્સિટીઓને રેન્કિંગમાં સ્થાન આપ્યું હતું, પરંતુ TOP 10માં ભારતની એક પણ યુનિવર્સિટીને સ્થાન મળ્યું નથી.
- કર્ણાટક સરકારની 'જનસેવક' યોજના
  - કર્ણાટકના મુખ્યમંત્રી બસવરાજ બોમ્મઈએ રાજ્યના નાગરિકોને ઘર આંગણે 58 સરકારી સેવાઓનો લાભ આપવા આ યોજના શરૂ કરી.
  - પ્રથમ ચરણમાં આ યોજના બેંગલુરુના તમામ 198 નગરપાલિકા વોર્ડમાં શરૂ કરાશે.
  - યોજના હેઠળ જાતિ પ્રમાણપત્ર, સંપતિ ખાતા પ્રમાણપત્ર, વૃદ્ધાવસ્થા અને વિધવા પેન્શન યોજના જેવી સેવાઓ પ્રદાન કરવામાં આવશે.
- ગોવા મેરીટાઈમ કોન્કલેવની ત્રીજી આવૃત્તિ
  - GMCએ ભારતીય નૌકાદળની પહેલ છે જે દરિયાઈ સુરક્ષાના પ્રેક્ટિશનરોના સામૂહિક શાણપણનો ઉપયોગ કરી પરિણામલક્ષી દરિયાઈ વિચારોને પ્રાપ્ત કરવા માટે આ પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવે છે.
  - GMCની ત્રીજી આવૃત્તિની થીમ - 'મેરિટાઈમ સિક્યુરિટી એન્ડ ઇમર્જિંગ નોન - ટ્રેડિશનલ થ્રેટ્સ (ધમકી) - ' અ કેસ ફોર પ્રોએક્ટિવ રોલ ફોર ઈન્ડિયન ઓસન (હિંદ મહાસાગર) રિજીયન નેવીઝ.'
- કામેંગ નદીમાં માછલીઓના મોટા પ્રમાણમાં મૃત્યુનો અહેવાલ
  - ચીનની સરહદ નજીક 34 ની તીવ્રતાના ભૂકંપના કારણે થયેલા ભૂસ્ખલનને લીધે અરુણાચલ પ્રદેશની કામેંગ નદીમાં માછલીઓના મોતની ઘટના બની. આ વિસ્તાર ભૂકંપના ઝોન 5માં મૂકાયો છે જેનો અર્થ થાય છે કે તે ભૂકંપ માટે અતિસંવેદનશીલ છે.
  - સમુદ્ર સપાટીથી લગભગ 6300 મીટરની ઊંચાઇએ આવેલા ભૂકંપથી ભૂસ્ખલનનો કાટમાળ નદીમાં પડતા ઓક્સિજનની માત્રાની ઉણપને કારણે માછલીઓના મૃત્યુ થયાં.
  - કામેંગ નદી તવાંગ જિલ્લામાં ભારત-તિબેટીયન સરહદ પર બરફથી ઢંકાયેલા ગોરી ચેન પર્વત નીચે આવેલા હિમવર્ષાના તળાવમાંથી નીકળે છે અને તે અરુણાચલ પ્રદેશના કામોંગ જિલ્લા અને આસામના સોનિતપુર જિલ્લાના ભાલુક્પોંગ વિસ્તારમાંથી વહે છે અને તે બ્રહ્મપુત્રા નદીની ઉપનદી (શાખાનદી) તરીકે આગળ વધે છે.
  - તે આસામના કોલિયા ભોમોરા સ્થિત તેજપુર ખાતે બ્રહ્મપુત્રાને મળે છે તથા સેસા ઈગલનેસ્ટ અભ્યારણ્ય (અરુણાચલ પ્રદેશ) અને પાકે ટાઈગર રિઝર્વ (અરૂણાચલ પ્રદેશ) વચ્ચે સરહદ બનાવે છે.

12 પાસ, ગ્રેજ્યુએટ

# સરકારી નોકરી માટેની તૈયારી કરવા હવે બહાર ક્યાંય જવાની જરૂર નથી...

## અમદાવાદ, ગાંધીનગરની શ્રેષ્ઠ ફેકલ્ટીઝ આપના મોબાઈલમાં

લાખો વિદ્યાર્થીઓએ વખાણી
Quality એટલે
Crack GPSC

**ઘરે બેઠાં તૈયારી કરો,**
**મોબાઈલ કે ટેબ્લેટ પરથી**

કલાસમાં જ ભણતા હોય તેવો અનુભવ




YouTube /Crack GPSC

આ એપ ડાઉનલોડ કરી
ફ્રી ડેમો વિડિયો જુઓ,
આપને ખરેખર લાગશે કે
કોઈ ક્લાસ કરવાની જરૂર જ નથી.

## એક એપ, બધી પરીક્ષાઓ

UPSC, GPSC Class 1/2, PI, STI, PSI, ગુજ. શિક્ષણ સેવા, હિસાબી અધિકારી, Dy. SO, ડે. મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલર્ક, ફોરેસ્ટ ગાર્ડ/ઓફિસર, કોન્સ્ટેબલ, મોટર વાહન નિરીક્ષક, TAT, TET, HTAT, Railway

ગૃહિણીઓ, કલાસ જોઈન ન કરી શકતા, સ્કૂલ-કોલેજના અભ્યાસ સાથે તૈયારી કરવા માગતા, અંતરિયાળ વિસ્તારમાં રહેતા, મોંઘી ફી ન ભરી શકતા, મેટ્રો સિટીમાં રહેવાનો ખર્ચ ન કરી શકતા, અપડાઉન કરતાં કરતાં તૈયારી કરવા માગતા, રિવિઝન કરવા માગતા વિદ્યાર્થીઓ માટે ખાસ.

**કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...**

**ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી**

76000 51070

Crack G GPSC
ક્રેક GPSC

  - આ નદી 13થી 16મી સદી દરમિયાન કામતા સામ્રાજ્ય અને ચુટિયા સામ્રાજ્ય વચ્ચે સીમા નિશ્ચિત કરતી હતી જે તેનું ઐતિહાસિક મહત્વ દર્શાવે છે.
- 8 નવેમ્બર: World Radiography Day
  - જર્મન વિજ્ઞાની વિલ્હેમ કોનરાડ રોન્ટજન ધ્વારા કરેલી એક્સ-રેની શોધની યાદમાં દરવર્ષે 8 નવેમ્બરે આ આંતરરાષ્ટ્રીય રેડિયોગ્રાફે / રેડિયોલોજી દિવસ ઉજવવામાં આવે છે.
  - વર્ષ 2021ની થીમ - Inter Ventional Radiology - Active Care For Patient (ઇન્ટરનેશનલ રેડિયોલોજી - દર્દી માટે સક્રિય સંભાળ)
  - કોનરાડ રોન્ટજનને તેમની આ શોધ માટે 1901માં ભૌતિક વિજ્ઞાનનો નોબેલ પુરસ્કાર અપાયો હતો.
  - RSNA (રેડિયોલોજી સોસાયટી ઓફ નોર્થ અમેરિકા), યુરોપિયન સોસાયટી ઓફ રેડિયોલોજી - (ESR), અમેરિકન કોલેજ ફોર રેડિયોલોજી (ACR)એ સાથે મળી 2012માં પ્રથમ વખત આ દિવસ ઉજવ્યો હતો. જો કે ભારતમાં મધ્યપ્રદેશનું રેડિયોગ્રાફર્સ એસોસિએશન 1996થી આ દિવસ ઉજવે છે.

**-------------- કરન્ટ ઇન શોર્ટ ------------**

- સંયુક્ત રાષ્ટ્રસંઘ (UN)ના FAO સંમેલનમાં ભાગ લેવા માટે ભારતના તેલંગણા રાજ્યને આમંત્રિત કરવામાં આવ્યું.
- કર્ણાટક રાજ્યએ જનસ્પંદન યોજના શરૂ કરી.
- પાકિસ્તાને ગો-ફર્સ્ટની શ્રીનગરથી શારજાહ વચ્ચેની ઉડાનને તેના હવાઇક્ષેત્રમાંથી પસાર થવા પર મનાઇ ફરમાવી.
- ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે દિવાળીની ઉજવણી કચ્છના ઘોરડો ખાતે સેનાના જવાનો તથા પોલીસ જવાનો સાથે કરી તથા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિવાળીની ઉજવણી કેદારનાથ ખાતે સેનાના જવાનો સાથે કરી.
- ગાયક આદિત્ય નારાયણને નેલ્સન મંડેલા નોબેલ શાંતિ પુરસ્કાર માટે પાર્શ્વ ગાયન અને અભિનયમાં ડોક્ટરેટની માનદ ઉપાધિ અપાઇ આ ઉપાધિ તેમને મધર ટેરેસા વિશ્વવિધાલય ધ્વારા આપવામાં આવી છે.
- ઇંગ્લેન્ડના પૂર્વ વિકેટકિપર બટર સારાહ આવનારી આબુધાબી T20 લીગ માટે આબુધાબી ટીમના સહાયક કોચ નિયુક્ત. તેઓ પુરુષોની વ્યાવસાયિક ફ્રેન્ચાઇઝી ક્રિકેટમાં પ્રથમ મહિલા કોચ બનશે.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેદારનાથ ખાતે આદિ શંકરાચાર્ય સમાધિ સ્થળના પુનઃ નિર્માણ થયેલા સ્થાનનું લોકાર્પણ કર્યું અહીં આવેલ આદિ શંકરાચાર્યની પ્રતિમા ક્રિષ્ના શીલા/શાલીગ્રામ પથ્થરની બનેલી છે. ઉપરાંત તેમણે મંદાકિની નદી પરના 'ગરુડ ચટ્ટી બ્રિજ' ના નિર્માણ કાર્યનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.

## 9 નવેમ્બર

- શ્રમિક મિત્ર યોજના
  - દિલ્હી સરકારે 'શ્રમિક મિત્ર' યોજના શરૂ કરી. જેનો ઉદ્દેશ્ય અલગ અલગ સરકારી લાભોને શ્રમિકો સુધી પહોંચાડવાનો છે.

- ❖ યોજનાના ભાગરૂપે 800 'શ્રમિક મિત્ર' બાંધકામ કામદારો સુધી પહોંચશે અને દિલ્લી સરકાર દ્વારા શરૂ કરાયેલી વિવિધ યોજના વિશે માહિતગાર કરશે.
- ❖ દિલ્હી સરકાર ઘર બાંધકામ માટે રૂ.3 -૫ લાખની સહાય, રૂ. 30,000/- પ્રસૂતિ લાભ, રૂ. 20,000 /- લોન તરીકે અને રૂ. 5000/- સાધનોની ખરીદી માટે અનુદાન આપે છે. ઉપરાંત કામદારોના કુદરતી મૃત્યુ પર રૂ. 1 લાખ અને આકસ્મિક મૃત્યુ પર રૂ. 2 લાખની પણ સહાય આપે છે.
- ❖ દિલ્હીની કેજરીવાલ સરકારે વિવિધ રજીસ્ટ્રેશન કેમ્પ દ્વારા દિલ્હીમાં લગભગ છ લાખ બાંધકામ બોર્ડમાં પોતાની નોંધણી કરાવી છે.

❖ 9 નવેમ્બર: World Adoption Day (વિશ્વ દત્તક દિવસ)

- ✓ UNICEFના અહેવાલ અનુસાર વિશ્વ ભરમાં 150 મિલિયનથી વધુ બાળકો ઘર વિહોણાં છે.
- ✓ વિશ્વ દત્તક દિવસની ઉજવણી 2014 હેંક ફોર્ટનર દ્વારા શરૂ કરવામાં આવી છે.
- ✓ હેંક એડોપ્ટ ટુગેધર કે જે એડોપ્શન ક્રાઉડફંડિંગ પ્લેટફોર્મ છે તેના સંસ્થાપક છે.

❖ 9 નવેમ્બર: ઉત્તરાખંડ સ્થાપના દિવસ

- ✓ ઉત્તરાખંડની સ્થાપના 2002માં ભારતના 27મા રાજયના રૂપમાં ઉત્તરપ્રદેશમાંથી કરવામાં આવી હતી.
- ✓ 2007મા રાજયનું નામ ઉત્તરાંચલમાંથી બદલીને ઉત્તરાખંડ કરવામાં આવ્યું.
- ✓ ઉત્તરાખંડ ઉત્તરમાં ચીન (તિબેટ) અને પૂર્વમાં નેપાળ સાથે આંતરાષ્ટ્રીય સીમા ધરાવે છે. તેને હિમાચલ પ્રદેશ અને ઉત્તરપ્રદેશની સીમાઓ સ્પર્શે છે.
- ✓ ચારાધામ બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી, યમુનોત્રી એ ઉત્તરાખંડમાં સ્થિત છે.
- ✓ ઉત્તરાખંડની રાજધાની - દહેરાદૂન
- ✓ ઉત્તરાખંડની હાઈકોર્ટ - નૈનીતાલ ખાતે

❖ પ્રથમ રાષ્ટ્રીય યોગાસન ચેમ્પિયનશિપ, ભુવનેશ્વર

- ✓ ભુવનેશ્વર ખાતે 11થી 13 નવેમ્બર પ્રથમ શારીરિક રાષ્ટ્રીય યોગાસન ચેમ્પિયનશિપ આયોજિત થશે.
- ✓ આ કાર્યક્રમનું આયોજન રાષ્ટ્રીય યોગાસન સ્પોર્ટ્સ ફેડરેશન (NYSF) દ્વારા ઓડીસા સરકારના સહયોગથી થશે.
- ✓ પુરૂષ અને મહિલા બંને શ્રેણીમાં યોગાસનને ખેલો ઇન્ડિયા યૂથ ગેમ્સ 2021માં સામેલ કરવામાં આવેલ છે.

❖ શ્રીનગર UNESCOની રચનાત્મક શહેરોના નેટવર્કની યાદીમાં સમાવિષ્ટ થયું

- ✓ યુનેસ્કોએ શ્રીનગરને 'ક્રાફ્ટ અને લોક કલાનું સર્જનાત્મક શહેર' તરીકે નિયુક્ત કર્યું.
- ✓ UNESCO અને 90 દેશોનાં 300 શહેરો કે જે ટકાઉ શહેરી વિકાસને આગળ વધારવા માટે સંસ્કૃતિ અને સર્જનાત્મકમાં રોકાણ કરે છે તેને 'યુનેસ્કો નેટવર્ક'માં સ્થાન આપે છે.
- ✓ આ યાદીમાં નામ જોડાવાથી શહેરની સાંસ્કૃતિક, ભૌગોલીક જેવી બાબતોના વિકાસમાં અને તે બાબતોને વિશ્વભરના લોકો સુધી પહોંચાડવાનો માર્ગ મોકળો બને છે.

❖ લોજિસ્ટિક્સ ઇન્ડેક્ષમાં ગુજરાત સતત ત્રીજા વર્ષે પ્રથમ સ્થાને

- ✓ કેન્દ્રીય વાણિજય અને ઉધોગ મંત્રી પીયૂષ ગોયલે લોજિસ્ટિક્સ ઇઝ અક્રોસ ડિફરેંટ સ્ટેટ્સ (LEADS) રિપોર્ટ 2021 નું ત્રીજું સંસ્કરણ બહાર પાડ્યું.
- ✓ આ યાદીમાં પ્રથમ સ્થાને ગુજરાત, બીજા સ્થાને હરિયાણા અને ત્રીજા સ્થાને પંજાબ છે.
- ✓ ઉત્તરપ્રદેશ રાજય આ યાદીમાં શ્રેષ્ઠ સુધારો લાવનાર રાજયોમાં ટોચના સ્થાને છે.

❖ ઓક્સફર્ડ દ્વારા જાહેર કરાયેલા 'વર્ડ ઓફ ધ યર - VAX' વિશે વિસ્તૃત માહિતી.

- ✓ VAX શબ્દ વેક્સિનેશન સાથે જોડાયેલો છે. જેનો સૌપ્રથમ વખત ઉત્પતિ 1990 ના દાયકામાં થઇ અને શબ્દનો વ્યાપક રીતે ઉપયોગ વર્ષ 2021 માં રસી લેનારા વ્યક્તિઓ માટે થયો.
- ✓ Vaxxed - રસી લીધેલ વ્યક્તિ
- ✓ Vaxxie - કોવિડ - 19 રસી લેતી વખતે લીધેલી શેલ્ફી
- ✓ Unvaxxed - રસી ન લીધેલ વ્યક્તિ
- ✓ Doubled Vaxxed - રસીનો ડબલ ડોઝ લીધેલ વ્યક્તિ
- ✓ Vax શબ્દ - Noun તરીકે - Vaccine / Vaccination, Verb તરીકે - Vaccinate
- ✓ વર્ષ 2020માં ઓક્સફર્ડ દ્વારા એક પણ શબ્દ વર્ડ ઓફ ધ યર તરીકે જાહેર કરાયો ન હતો.

❖ ભારતમાં સ્પુટનિક-Vના ઉત્પાદન, સપ્લાય માટે વોકાર્ડ દ્વારા RDIF સાથે જોડાણ કરાયું.

- ✓ રશિયન કોરોના વેક્સિન સ્પુટનિક - Vનું અને સિંગલ ડોઝ સ્પુટનિક લાઇટનું ઉત્પાદન અને સપ્લાય માટે RDIF (રશિયન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ ફંડ) સાથે ફાર્માસ્યુટિકલ કંપની વોકાર્ડે જોડાણ કર્યું.
- ✓ સ્પુટનિકના ઉત્પાદકોના કો.ઓર્ડિનેટિંગ પાર્ટનર ENSO હેલ્થકેર દ્વારા આ કરાર કરવામાં આવ્યો હતો.

**-------------- કરન્ટ ઇન શોર્ટ ------------**

- ✓ ઇરાકના વડાપ્રધાન મુસ્તફા અલ કદિમીના નિવાસ સ્થાને ડ્રોન વડે હુમલો કરાયો.
- ✓ મોર્નિંગ કન્સલટન્ટ તરફથી જાહેર કરવામાં આવેલા ગ્લોબલ લીડર એપ્રૂવલ રેટિંગમાં વડાપ્રધાન મોદી 70% એપ્રૂવલ સાથે ટોચના સ્થાને જયારે મેક્સિકન પ્રેસિડેન્ટ એંડ્રેસ મેન્યુઅલ લોપેઝ ઓબ્રાડોર 66% સાથે બીજા સ્થાને.
- ✓ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે 7ને પદ્મવિભૂષણ, 10ને પદ્મભૂષણ અને 102ને પદ્મશ્રી એવોર્ડ એનાયત કર્યા.
- ✓ ચીનની વાંગ યાપિંગ અંતરિક્ષમાં સ્પેસવોક કરનાર પ્રથમ ચીની મહિલા બની.
- ✓ 9 નવેમ્બર: જૂનાગઢ આઝાદી દિવસ (આ દિવસે જૂનાગઢ આઝાદ થયું.)
- ✓ ISA (International Solar Aliance) આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધને COP26 માં નવું પુસ્તક 'સોલારકમ્પાસ' લોન્ચ કર્યું.
- ✓ રોહિત શર્મા પુરુષ T20માં 3000 રન બનાવનાર ત્રીજા ખેલાડી બન્યા. અન્યોમાં વિરાટ કોહલી (3227) અને ન્યૂઝીલેન્ડના માર્ટિન ગપટિલ (3115)નો સમાવેશ થાય છે.

## 10 નવેમ્બર

❖ પદ્મ એવોર્ડ - 2020 (ગુજરાતીઓ)

- પદ્મશ્રી

| | |
|---|---|
| (1) મહેશ, નરેશ કનોડિયા (મરણોત્તર) | - કળા |
| (2) દાદુદાન ગઢવી | - સાહિત્ય |
| (3) શાહબુદીન રાઠોડ | - સાહિત્ય |
| (4) પઝદ કરંજિયા | - થિયેટર |
| (5) ડૉ. ગુરદિપ સિંહ | - મેડિસિન |
| (6) ચંદ્રકાન્ત મહેતા | - સાહિત્ય |
| (7) સુધીર જૈન | - વિજ્ઞાન |

(8) ગફુરભાઇ બીલખિયા - વેપાર ઉદ્યોગ
(9) એચ. એમ. દેસાઇ - સાહિત્ય
(10) નારાયણ જે. જોશીછ - સાહિત્ય
(11) ફાધર વાલેસ - સાહિત્ય
(12) સરિતા જોશી - કળા

- પદ્મ ભૂષણ

(1) કેશુભાઇ પટેલ(મરણોતર) - જાહેર સેવા
(2) બાલકૃષ્ણ દોશી - સ્થાપત્ય

❖ IOC અને UNODC એ ભ્રષ્ટાચાર અને ગુનાઓ સામે લડવા માટે હસ્તાક્ષરો કર્યા.
  - ❖ IOC (International Olimpic Commitee)
  - ❖ UNODC (United Nations Office on Drugs and Crime)
  - ❖ બંને સાથે મળીને રમત ક્ષેત્રે થતા ભ્રષ્ટાચાર અને તેની સાથે જોડાયેલા ગુનાઓને રોકી તેના પર કામ કરશે.
  - ❖ આ સમજૂતી હેઠળ રમત ક્ષેત્રે યુવાઓ દ્વારા થતી હિંસા અને નશાયુક્ત દવાઓના ઉપયોગ પર રોક લગાવવા પર કામ કરશે.
  - ❖ આ સમજૂતી 2025ના અંત સુધી લાગુ રહેશે.

❖ વિકાસશીલ દેશોએ જલવાયુ પરિસ્થિતિ માટે પ્રતિવર્ષ 1.3 મિલિયન ડોલરની માંગણી કરી.
  - ✓ 24 રાષ્ટ્રોના જૂથ કે જે પોતાને લાઇક માઇન્ડેડ ડેવલપિંગ કન્ટ્રીઝ (LMDCs) આફ્રિકાના દેશ તરીકે માન્યતા આપે છે. તેમણે ગ્લાસગો ખાતેની આબોહવા પરિષદમાં વિકસિતદેશો પાસેથી આ અનુદાનની માંગણી કરી છે.
  - ✓ ભારત, ચીન, ઇન્ડોનેશિયા, મલેશિયા, ઇરાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, ફિલિપાઇન્સ જેવા રાષ્ટ્રો LMDCs ના સભ્યો છે.
  - ✓ તમામ દેશોએ 2030 સુધી દર વર્ષે આ અનુદાનની માં કરી છે.

❖ સ્પેસએક્સ 200 દિવસની ઉડાન પૂર્ણ કરી 4 અંતરીક્ષયાત્રીઓ સાથે પૃત્વી પર પરત ફર્યું.
  - ✓ સ્પેસએક્સના 'ડ્રેગન કેપ્સૂલ' માં સવાર 4 અંતરીક્ષયાત્રીયોને 8 નવેમ્બર 2021 ના રોજ 200 દિવસ બાદ પૃથ્વી પર પરત લવાયા.
  - ✓ સ્પેસએક્સ મેક્સિકોની ખાડી પાસે પૈસા કોલા, flaના તટ પર પડ્યું અને ત્યાંથી અંતરીક્ષયાત્રીઓ નૌકા વિહાર દ્વારા કિનારા પર લવાયા.
  - ✓ આ 4 અંતરિક્ષયાત્રીઓમાં NASAના શેન કિમ્બ્ર, અને મેગન મેકઆર્થર, અને જાપાનના આકિહિકો હોશિંદે અને ફ્રાન્સના થોમસ પેસ્કેટનો સમાવેશ થાય છે.

❖ ભારતીય નૌસેનાની નવી સબમરીન 'વેલા'
  - ✓ ભારતીય નૌશેનાને પરિયોજના-75 અંતર્ગત સબમરીન યાર્ડ 11878 સેનાને સોંપવામાં આવી.
  - ✓ પરિયોજના-75માં સ્કોર્પીન ડિઝાઇનની 6 સબમરીનનું નિર્માણ કરાશે. જેમાં 'વેલા' ચોથા નંબરની છે.
  - ✓ આ સબમરીનનું નિર્માણ નેવલ ગ્રુપ, ફ્રાન્સના સહયોગ દ્વારા મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ (MDC) મુંબઇએ કર્યું.

❖ ઉત્તરપ્રદેશમાં 'વ્રજ ઉત્સવ'નું ઉદ્ઘાટન
  - ✓ UPના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વૃંદાવન કુંભ ક્ષેત્રમાં 10 દિવસ માટે વ્રજ ઉત્સવનું ઉદ્ઘાટન કર્યું.

- ✓ વ્રજ ઉત્સવ, ઉત્તરપ્રદેશ તીર્થ વિકાસ પરિષદનું સંયુક્ત સાહસ છે જે પર્યટન વિભાગ ઉત્તરપ્રદેશ સરકાર અને જિલ્લા પ્રશાસન સાથે જોડાયેલ છે.
- ✓ આ કાર્યક્રમમાં હુનર હાટ અને શિલ્પકલાના 100થી વધુ સ્ટોલ લગાવાશે.

❖ 14મા સાયબર સુરક્ષા સંમેલન 'cOcOn'નું આયોજન.

- ✓ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવતે cOcOnની 14મી આવૃતિનું ઉદ્ઘાટન કર્યું.
- ✓ આ આયોજન કેરળ પોલીસ દ્વારા POLYCAB (સોસાયટી ફોર ધ પોલીસિંગ ઓફ સાયબરસ્પેસ) અને ISRA (ઇન્ફોરમેશન સિક્યુરિટી રિસર્ચ એસોસિએશન) સાથે મળી આયોજિત થયું. આમાં લોકડાઉન સમયે થયેલા ઓનલાઇન કૌભાંડ અને સંરક્ષણની ચર્ચા થશે.
- ✓ આ સંમેલનનો મુખ્ય ઉદ્દેશ્ય 'કોવિડ સમયગાળા દરમિયાન ડિજિટલ વિશ્વનો સામનો કરી રહેલા પડકારો અને તેને દૂર કરવા માટે જરૂરી ઉકેલો અંગે આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચા કરવાનો છે.

❖ પંજાબ કેબિનેટે 36,000 કર્મચારીઓની સેવાને નિયમિત કરવા માટેના બિલને મંજૂરી આપી.

- ✓ પંજાબ સરકારે વિવિધ સરકારી વિભાગોમાં કોન્ટ્રાક્ટ, એડહોક, દૈનિક વેતન અને અસ્થાયી ધોરણે કામ કરતા 36,000 કર્મીઓને કાયમી કરવા બિલ મંજૂર કર્યું.
- ✓ આ બિલ મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્નીની અધ્યક્ષતામાં 'પંજાબ પ્રોટેકશન એન્ડ રેગ્યેલશાઇઝેશન ઓફ કોન્ટ્રાકચ્યુઅલ એમ્પ્લોઇઝ બિલ 2021' પસાર કરાયું.

❖ 10 નવેમ્બર: World NET CANCER Day

- ✓ NET CANCER - Neuroendocrine tumors.
- ✓ ન્યુરોએન્ડોક્રાઇન ટ્યુમર એ ન્યુરોએન્ડોક્રાઇન કોષોમાં શરૂ થાય છે. આ કોષો ચેતાકોષોમાં પહોંચાડતા સંદેશા પર અસર કરે છે.
- ✓ આ કેન્સરથી ફેફસાં, એપેન્ડિક્સ, ગુદામાર્ગ, નાનું આંતરડું, સ્વાદુપિંડને અસર થાય છે.

❖ 10 નવેમ્બર: International Pathology Day (આંતરરાષ્ટ્રીય પેથોલોજી દિવસ)

- ✓ આ દિવસ નવેમ્બર મહિનાના બીજા બુધવારે મનાવાય છે. જે 2021માં 10 નવેમ્બરે મનાવાયો.
- ✓ આ દિવસ વૈશ્વિક સ્વાસ્થ્ય પડકારોને પહોંચી વળવા પેથોલોજી અને લેબોરેટરી દવા સેવાઓ માટે પ્લેટફોર્મ પ્રદાન કરે છે.
- ✓ પેથોલોજી એ દવાની એક શાખા છે જે રોગના કારણ અને પ્રકૃતિ સાથે સંબંધિત છે. દવાના આ ક્ષેત્રના નિષ્ણાંત દાક્તરને 'પેથોલોજીસ્ટ' તરીકે ઓળખવામાં આવે છે.

**-------------- કરન્ટ ઇન શોર્ટ ------------**

- ✓ વિરાટ કોહલીના સ્થાને રોહિત શર્મા ટીમ ઇન્ડિયાના T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટના સુકાની નિયુક્ત.
- ✓ વાઇસ એડમિરલ આર. હરિ કુમાર નૌસેના સ્ટાફના નવા પ્રમુખ નિયુક્ત.
- ✓ પંજાબના એડવોકેટ જનરલ APS દેઓલે રાજીનામું આપ્યું.
- ✓ ઇન્ડિયાબુલ્સે કે. જી. કૃષ્ણમૂર્તિને કાર્યકારી અધ્યક્ષ નિયુકત કર્યા.
- ✓ કેન્દ્રીય પર્યાવરણ, વન અને જલવાયુ પરિવર્તન અને શ્રમ અને રોજગાર મંત્રી ભૂપેન્દ્ર યાદવે 'ગંગા કનેક્ટ પ્રદર્શન'નું ગ્લાસગો ખાતે ઉદ્ઘાટન કર્યું.
- ✓ રાજીવકુમાર મિશ્રા PTC (પાવર ટ્રેડિંગ કોર્પોરેશનન્ ઓફ ઇન્ડિયા લિમિટેડ) કંપનીના CMD નિયુકત.
- ✓ મેઘાલય કેબિનેટ 'મેરંગ સિવિલ સબ - ડીવીઝન'ને પૂર્ણ જિલ્લો ઘોષિત કરી 'પૂર્વી પશ્ચિમ ખાસી હિલ્સ' (ઇસ્ટર્ન વેસ્ટ ખાસી હિલ્સ) નામ આપ્યું.

- ✓ ન્યૂઝીલેન્ડના પૂર્વ ક્રિકેટર લેસ્લી મર્ડોક NZC (ઇસ્ટર્ન વેસ્ટ ક્રિકેટ) ના ઉપાધ્યક્ષ નિયુકત કરાયા.
- ✓ તેલંગણાના નાણામંત્રી ટી. હરીશ રાવને તબિબી, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો વધારાનો ચાર્જ સોંપાયો.
- ✓ 2015માં ભારત-ફ્રાન્સ દ્વારા સ્થાપિત આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનમાં સંયુકત રાજય અમેરિકા સામેલ થતાં આ ગઠબંધનનો 101મો સભ્ય દેશ બન્યો.
- ✓ જૂનીયો એ પ્રી-ટીન્સ, ટીન્સ માટે ડેબિટ કાર્ડ માટે 'રૂપે' Rupay સાથે ભાગીદારી કરી.
- ✓ કેન્દ્રીય ઔધોગિક સુરક્ષા દળ (CISF) ના મહાનિર્દેશક તરીકે શીલ વર્ધન સિંહ નિયુકત.
- ✓ રાષ્ટ્રીય આપતિ નિવારણ દળ (NDRR) ના પ્રમુખ તરીકે અતુલ કરવાલ નિયુકત.

## 11 નવેમ્બર

- ❖ ભારતીય સેનાએ ભાસ્કરાચાર્ય રાષ્ટ્રીય સંસ્થા સાથે સમજૂતી કરી.
  - ❖ ભારતીય સેનાએ ભાસ્કરાચાર્ય રાષ્ટ્રીય અંતરિક્ષ સંસ્થા અને ભૂ-સૂચના વિજ્ઞાન સંસ્થા (BISAG-N), ગુજરાત સાથે સમજૂતી કરી.
  - ❖ આ સમજૂતી નવી ટેકનોલોજીના ક્ષેત્રે જ્ઞાન અને સહયોગમાં આદાન-પ્રદાનની સુવિધા પ્રદાન કરવા માટે કરવામાં આવી.
  - ❖ BISAG-N: ભાસ્કરાચાર્ય નેશનલ ઇન્સ્ટિટ્યુટ ફોર સ્પેસ એપ્લીકેશન્સ એન્ડ જીઓ-ઇન્ફોર્મેટિક્સ, ગાંધીનગર.
  - ❖ આ સમજૂતી IT આધારિત એન્ટરપ્રાઇઝ, સોફ્ટવેર, તાલીમ, ઓડિયો-વિઝ્યુઅલ પ્રસારણ અને સંશોધન ક્ષેત્રે કાર્ય કરશે.
- ❖ NIXI એ 'ડિજિટલ પેમેન્ટ ગેટવે' લોન્ચ કર્યું.
  - ✓ NIXI - નેશનલ ઇન્ટરનેટ એક્સચેન્જ ઓફ ઇન્ડિયા
  - ✓ NIXI એ ઇલેક્ટોનિક્સ અને સૂચના પ્રૌધોગિકી મંત્રાલય હેઠળની કંપની છે.
  - ✓ NIXI એ પેમેન્ટ ગેટવે સેવાઓ હેઠળ પૈસાની લેવડ-દેવડ માટે PayU સાથે ભાગીદારી કરી છે.
- ❖ RBIએ તેનું પ્રથમ વૈશ્વિક હૈકથોન લોન્ચ કર્યું.
  - ✓ આ હેકથોનનું નામ - HARBINGER-2021 ઇનોવેશન ફોર ટ્રાંસફોર્મેશન.
  - ✓ RBI - Reserve Bank of India
  - ✓ આ હેકથોનની થીમ - 'સ્માર્ટર ડિજિટલ પેમેન્ટ્સ'
  - ✓ હેકેથોનમાં જીતનારને 40 લાખ રૂપિયા અને રનર્સઅપને 20 લાખ રૂપિયા પુરસ્કાર અપાશે.
- ❖ 11 નવેમ્બર: National Education Day (રાષ્ટ્રીય શિષણ દિવસ)
  - ✓ દિવસની ઉજવણી 2008 થી ભારત સરકારે સ્વતંત્રતા સેનાની અને ભારતના પ્રથમ શિક્ષણ મંત્રી મૌલાના અબ્દુલ કલામ આઝાદના જન્મદિન (11 નવેમ્બર, 1888) ની યાદમાં કરાય છે.
  - ✓ આઝાદનો જન્મ મક્કા (સાઉદી અરેબિયા) ખાતે થયો હતો. ગાંધીજીથી પ્રેરિત થઇ તેઓ સ્વતંત્રતાની લડાઇમાં જોડાયા હતા.
  - ✓ 1940માં રામગઢ ખાતેના ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ તરીકે તેઓ નિમાયા હતા.
  - ✓ 1992માં તેમને મરણોપરાંત ભારતરત્ન અપાયો હતો. અને તેમણે 'ઇન્ડિયન વિન્સ ફ્રીડમ' પુસ્તક લખ્યું છે.

- ❖ ઇલેક્ટ્રીક વાહનો માટે ઇ-અમૃત પોર્ટલ લોન્ચ કરાયું.
  - ✓ ગ્લાસગો ખાતે ચાલી રહેલ COP26 શિખર સંમેલનમાં આ પોર્ટલ ભારત દ્વારા લોન્ચ કરાયું.
  - ✓ આ પોર્ટલ પરથી ઇલેક્ટ્રિક વાહનો માટેની તમામ જાણકારી ઉપલબ્ધ કરાશે.
  - ✓ પોર્ટલ ભારત અને UK સરકારના 2030 સુધી સંયુકત રોડમેપને ધ્યાને રાખી બંને દેશની સરકારોએ સાથે મળી બનાવ્યું છે.
- ❖ ગ્લોબલ ડ્રગ્સ પોલિસી ઇન્ડેક્ષ 2021
  - ✓ હાર્મ રિડકશન કેસોર્ટિયમ દ્વારા આ ઇન્ડેક્ષ જાહેર કરાયો છે.
  - ✓ આ યાદીમાં 30 દેશોમાં ભારત 18મા સ્થાને છે.
  - ✓ નોર્વે, ન્યૂઝીલેન્ડ, પુર્તગલ, UK, ઓસ્ટ્રેલિયા આ યાદીમાં ટોચના સ્થાને છે.
  - ✓ સૌથી નીચેના સ્થાને બ્રાઝિલ, યુગાન્ડા, ઇન્ડોનેશિયા, કેન્યા અને મેક્સિકોનો સમાવેશ થાય છે.
- ❖ IBMએ મૈસૂર ખાતે કલાયન્ટ ઇનોવેશન સેન્ટર સ્થાપિત કર્યું.
  - ✓ IBM: ઇન્ટરનેશનલ બિઝનેસ મશીન
  - ✓ આ સેન્ટરને KDEM - કર્ણાટક ડિજિટલ ઇકોનોમી મિશન નામ અપાયું છે.
  - ✓ આ સેંટરનો ઉદ્દેશ્ય હાઇબ્રિડ કલાઉડ અને AI (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) ક્ષેત્રે ઉચ્ચ ટેકનોલોજીને સમર્થન કરવાનો છે.
  - ✓ IBM વૈશ્વિક સ્તરે આવનારા ત્રિમાસિક ગાળામાં 10,000થી વધુ કર્મચારીઓની ભરતી કરશે.

**-------------- કરન્ટ ઇન શોર્ટ ------------**

- ✓ કેનેડાની 70 વર્ષીય મહિલા વિશ્વની પ્રથમ કલાઇમેટ ચેન્જની પેશન્ટ બની. તેના કન્સલ્ટીંગ ડોક્ટર કેલી મરિટે 10 વર્ષમાં પ્રથમ વાર તેના નિદાનમાં કલાઇમેટ ચેન્જ શબ્દ વાપર્યો. મહિલા દર્દીને કલાઇમેટ ચેન્જના કારણે શ્વાસની તકલીફ થઇ હતી.
- ✓ ટ્વિટર પર વિશ્વની સૌથી 50 પ્રભાવશાળી વ્યક્તિઓમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી બીજા સ્થાને જયારે અમેરિકી ગાયિકા ટેલર સ્વિફ્ટ પ્રથમ સ્થાને.
- ✓ IPL ફ્રેન્ચાઇઝી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની ટીમ માટે મુખ્ય કોચ તરીકે સંજય બાંગરની વરણી.
- ✓ ભારતીય મહિલા શૂટર રાહી સરનોબાતે પ્રિસિડેન્ટ કપ શૂટિંગ ચેમ્પિયનશિપ વિમેન્સ 25 મીટર પિસ્તોલ ઇવેન્ટમાં સિલ્વર મેડલ મેળવ્યો.
- ✓ ચીને પાકિસ્તાનને સૌથી એડવાન્સ અને મોટું સ્ટીલ્થ યુદ્ધ જહાજ PNS તુથરિલ સોપ્યું.
- ✓ ચીનમાં હેઇહીમાં કોરોના સંક્રમણની માહિતી આપનારને 15,500 ડોલર (1 લાખ યુઆન) ઇનામ અપાશે.
- ✓ કેન્દ્રના ગ્રાહક બાબતોના વિભાગે લીધેલા નિર્ણય અનુસાર એપ્રિલ 2022થી પેકિંગ ચીજવસ્તુ પર MRP સાથે ઇનગ્રેડિયન્સ કિંમત (ગ્રામ દીઠ કે કિગ્રા દીઠ) ફરજિયાત દર્શાવવી પડશે.
- ✓ નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મલાલા યુસુફઝઇએ બ્રિટનના બર્મિંઘમમાં પાકિસ્તાન ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડના જનરલ મેનેજર અસર મલિક સાથે નિકાહ કર્યા. મલાલા સૌથી નાની વયે શાંતિ નોબેલ પુરસ્કાર મેળવનાર વ્યક્તિ છે.
- ✓ ત્રિપુરા રાજયએ દેશમાં પ્રથમ વખત વાંસમાંથી ક્રિકેટનું બેટ અને સ્ટમ્પ બનાવ્યા.

**12 નવેમ્બર**

- ❖ NHSRCL અને જાપાન રેલવે ટ્રેક કન્સલટન્ટ કંપની લિમિટેડ વચ્ચે કરારો થયા.
  - ❖ NHSRCL - નેશનલ હાઇસ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ

- JRTC - જાપાન રેલવે ટ્રેક કંસલટન્ટ કંપની લિમિટેડ
- આ કરાર મુંબઇ-અમદાવાદ હાઇ-સ્પીડ રેલ કોરિડોર પરિયોજના માટે T-3 પેકેજ માટેના ટ્રેક બનાવવા માટે કરાયો છે.
- JRTC આ પ્રકારની આધુનિક ટેકનોલોજી ધરાવનાર એકમાત્ર એજન્સી છે.

❖ UP માટે જિલ્લા સ્તરીય શાસન સૂચકાંક ઘોષિત કરાયો.
- ✓ કેન્દ્રીય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે ઉત્તરપ્રદેશમાં આ સૂચકાંકની શરૂઆત કરી છે.
- ✓ DARPG - Department of administrative Reforms and Public Grievances (વહીવટી સુધારણા અને જાહેર ફરિયાદ વિભાગ) દ્વારા આ ઇન્ડેક્ષ જાહેર કરાયો છે.
- ✓ DARPG એ જાહેર કરેલ આ ઇન્ડેક્ષ કોઇ પણ રાજય દ્વારા જાહેર કરાયેલો પ્રથમ ઇન્ડેક્ષ છે.
- ✓ આ સૂચકાંક તમામ જિલ્લાઓમાં શાસનની કાર્યક્ષમતામાં સુધારો કરવા માટે નેશનલ ગુડ ગવર્નન્સ આધારિત બાબતો ધરાવે છે.
- ✓ ગુડ ગવર્નન્સ ઇન્ડેક્ષ, નરેન્દ્ર મોદી સરકારનો મુખ્ય કલ્યાણકારી યોજનાના તમામ લાભો રાજયના અંતિમ નાગરિક સુધી પહોંચાડવાની યોજનાઓ બનાવવામાં મદદરૂપ છે.

❖ 12 નવેમ્બર: World Pneumonia Day (વિશ્વ ન્યૂમોનિયા દિવસ)
- ✓ આ દિવસની ઉજવણીનો હેતુ લોકોમાં એ જાગૃતિ લાવવાનો છે કે ન્યૂમોનિયા એ વયસ્કો અને બાળકોમાં જીવલેણ રોગોની યાદીમાંનો એક છે.
- ✓ 2019માં 2.5 મિલિયન લોકોનું ન્યુમોનિયાના કારણે નિધન થયું જેમાં 6,72,000 બાળકોનો પણ સમાવેશ તાય છે.
- ✓ આ દિવસ સૌપ્રથમ વખત 2009માં ઉજવાયો હતો.
- ✓ ઉધરસ, તાવ, શ્વાસ લેવામાં તકલીફ એ ન્યૂમોનિયા રોગનાં લક્ષણો છે.

❖ બાબર આઝમ T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી ઝડપી 2500 રન બનાવનાર ખેલાડી
- ✓ પાકિસ્તાન અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની T20 વિશ્વ કપમાં સેમીફાઇનલ મેચમાં પાકિસ્તાનના કેપ્ટન બાબર આઝમે આ રેકોર્ડ બનાવ્યો.
- ✓ બાબર આઝમે વિરાટ કોહલીનો (68 ઇનિંગ્સ)માં કરેલો આ રેકોર્ડ 62 ઇનિંગ્સમાં બનાવીને તોડ્યો.
- ✓ આઝમે 34 બોલમાં 39 રન બનાવ્યા. તથા T20 વર્લ્ડ કપમાં 303 રન સાથે સૌથી વધુ રન બનાવ્યા. જેથી વર્લ્ડ કપની T 20 મેચ 2021 માં 300 રન બનાવનાર પ્રથમ બેટ્સમેન બન્યો.

❖ નાગાલેન્ડમાં કિસાન ભવન અને મધમાખી પાલન સંમેલનનું ઉદ્ઘાટન
- ✓ કેન્દ્રીય કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રી નરેન્દ્રસિંહ તોમરે આ ઉદ્ઘાટન કર્યું.
- ✓ કાર્યક્રમ હેઠળ કૃષિ ઉત્પાદનોનું પ્રદર્શનનું આયોજન કરાયું અને ખેડૂતોને ખેતી માટે મિની કિટ પણ અપાશે.

❖ 'સનરાઇઝ ઓવર અયોધ્યા' નામનું પુસ્તક લોન્ચ
- ✓ કોંગ્રેસ નેતા સલમાન ખુર્શીદ દ્વારા તેમણે લખેલ આ પુસ્તક લોન્ચ કરાયું.
- ✓ આ પુસ્તક રામ જન્મભૂમિ, બાબરી મસ્જિદ વિવાદ પર સુપ્રીમ કોર્ટના નિર્ણયો પર આધારિત છે.
- ✓ પુસ્તક અયોધ્યા પર સુપ્રિમ કોર્ટના ચુકાદાને સમર્થન આપે છે પરંતુ હિંદુત્વની તુલના ISIS અને બોકો હરામ જેવા આતંકવાદી સંગઠનોની 'જેહાદી ઇસ્લામી વિચારસરણી' સાથે કરે છે.

❖ 'નેહરુ: ધ ડિબેટ્સ ભેટ ડિફાઇન્ડ ઇન્ડિયા' નામના પુસ્તકનું વિમોચન કરાયું.
- ✓ લેખક ત્રિપુરદમનસિંહ અને આદિલ હુસેન દ્વારા આ પુસ્તક લખાયું છે.

- ✓ આ પુસ્તક ભારતના પ્રથમ અને સૌથી લાંબો સમય સુધી કાર્યરત પ્રધાનમંત્રી જવાહરલાલ નેહરુની બાબતો પર આધારિત છે.
- ✓ પુસ્તકમાં નેહરુના રાજકીય સમકાલીન લોકો મુહમ્મદ ઇકબાલ, મુહમ્મદ અલી ઝીણા, સરદાર પટેલ, શ્યામ પ્રસાદ મુખર્જી સાથેની બાબતોને પણ વર્ણવામાં આવેલ છે.

❖ RBIની બે નવી યોજનાઓ

(1) RBI Retail Direct Scheme

- ✓ આ યોજના અંતર્ગત ગવર્મેન્ટ સિક્યોરિટીઝમાં રોકાણ કરવા માગતા નાના રોકાણકારો/પગારધારકો અને પેન્શન ધારકો માટે છે. 'RBI રિટેઇલ ડાયરેક્ટ' પોર્ટલ ઉપર નાગરિક પોતાનું એકાઉન્ટ ખોલી શકશે.

(2) RBI Integrated Ombudsman Scheme

- ✓ આ યોજના નાણાકીય ફરિયાદ નિવારણ તંત્રને સરળ, સુવિધાજનક અને સુલભ બનાવવા માટેની છે. આ યોજનાની કેન્દ્રીય થીમ ગ્રાહકોને તેમની ફરિયાદો નોંધવામાં 'એક પોર્ટલ, એક ઇમેલ, એક સરનામું' જેવી સુવિધા આપે છે.

**-------------- કરન્ટ ઇન શોર્ટ ------------**

- ✓ પાકિસ્તાનના વિકેટ કીપર મોહમ્મદ રિઝવાન એક વર્ષમાં 1000 (T20 મેચમાં) રન બનાવનાર પ્રથમ ખેલાડી બન્યા.
- ✓ દક્ષિણ આફ્રિકાના અંતિમ શ્વેત રાષ્ટ્રપતિ એફ. ડબલ્યૂ. ડી. કલાર્કનું નિધન. તેમને 1993માં નેલ્સન મન્ડેલાની સાથે નોબેલ શાંતિ પુરસ્કાર અપયો હતો.
- ✓ ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક દ્વારા બજાજ આલિયાંસ લાઇફ ઇન્સ્યોરન્સ કંપની સાથે ભાગીદારી કરી.
- ✓ વીરપુર (જલારામ) ખાતે 222મી જલારામ જયંતીની ઉજવણી કરવામાં આવી.
- ✓ અમેરિકાના અલાબામાના કર્ટિસ મીન્સ નામ બાળક ગિનીસ વર્લ્ડ રેકોર્ડમાં દુનિયાના સૌથી પ્રિ-મિચ્યોર બેબી તરીકે નોંધાયું. (5મા મહિને જન્મ થઇ ગયો.)
- ✓ EPFO (એમ્પ્લોઇઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઇઝેશને) કર્મચારીઓના મૃત્યુમાં આશ્રિતને અપાતી રકમ રૂા. 4.20 લાખથી વધારી રૂા. 8 લાખ કરી. જો કે તેમાં કોરોનાથી થયેલ મૃત્યુ સામેલ કરાયું નથી.
- ✓ PUBG દ્વારા PUBG: New State તરીકે ઓળખાતી નવી ગેમને ભારત સહિત 200થી વધુ દેશોમાં લોન્ચ કરી.
- ✓ 108 વર્ષ અગાઉ ચોરી થયેલા મા અન્નપૂર્ણાની મૂર્તિ કેન્દ્ર સરકારે કેનેડાથી પરત કાશી (ઉત્તરપ્રદેશ) લાવી.

## 13 નવેમ્બર

❖ 13 નવેમ્બર: World Kindness Day (વિશ્વ દયાળુતા દિવસ)

- ❖ 1997માં વિશ્વ દયાળુતા આંદોલનથી વિશ્વભરમાં સમાન વિચારધારા ધરાવતા સંગઠનોને સાથે લાવવા ટોકિયો, જાપાન ખાતે આયોજિત થયેલા સંમેલનની યાદમાં આ દિવસ ઉજવાય છે.
- ❖ વિશ્વ દયાળુતા આંદોલનને અંતે સ્વિટ્ઝરલેન્ડમાં માન્યતા આપી દેવામાં આવી હતી.

❖ 'આઝાદી કા અમૃત મહોત્સવ' એપ લોન્ચ કરવામાં આવી.

- ✓ સંસ્કૃતિ અને વિદેશ રાજય મંત્રી મીનાક્ષી લેખીએ આ એપ લોન્ચ કરી છે.

- ✓ આ એપ ભારતની સ્વતંત્રતાની 75 મી વર્ષગાંઠ સમારોહ સંબંધિત તમામ માહિતી ઉપલબ્ધ કરાવશે.
- ✓ આ એપમાં 'નવું શું' અને 'સાપ્તાહિક બાબતો' નામક વિભાગની મદદથી ઉપયોગકર્તાને અમૃત મહોત્સવની તમામ બાબતો જાણવામાં મદદ થશે.

❖ તાના-રીરી મહોત્સવ-2021

- ✓ વડનગર ખાતે (જી.મહેસાણા)આ કાર્યક્રમનું આયોજન થયું.
- ✓ આ કાર્યક્રમ નરસિંહમહેતાની પુત્રી કુંવરબાઇની પુત્રી શર્મિષ્ઠાની પુત્રી 'તાના અને રીરી' ની યાદમાં દર વર્ષે 2003થી ઉજવાય છે.
- ✓ આ કાર્યક્રમમાં 2010થી સંગીત ક્ષેત્રે તાનારીરી એવોર્ડ પણ આપવામાં આવે છે.
- ✓ વર્ષ 2021નો એવોર્ડ અમદાવાદના ડૉ. વિરાજ અમરભટ્ટ અને પદ્મશ્રી કવિતા કૃષ્ણમૂર્તિને અપાયો.
- ✓ તાના-રીરી સંગીતના મલ્હાર રાગ માટે જાણીતી હતી.

❖ 'નિરામય ગુજરાત' યોજના

- ✓ આ યોજના ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા શરૂ કરાઇ છે, જેનો ઉદ્દેશ્ય લોકોના આરોગ્ય સુખાકારી માટે બિનચેપી રોગો માટે સ્ક્રીનિંગથી સારવાર સુધીની સેવા અપાશે.
- ✓ યોજના અંતર્ગત દર શુક્રવારે 'નિરામય દિવસ' તરીકે ઉજવાશે અને આ દિવસે નિષ્ણાત તબીબી ટીમો ગ્રામીણ કક્ષાએ મેડિકલ કેમ્પનું આયોજન કરશે.
- ✓ યોજના હેઠળ લોહીનું ઊંચું દબાણ, ડાયાબિટીસ, ઓરલ કેન્સર, સ્તનકેન્સર, ગર્ભાશયના મુખનું કેન્સર કિડનીની બિમારી, એનિમિયાની સારવાર જેવી 7 પ્રકારની સારવાર અપાશે.
- ✓ આ સ્વાસ્થ્ય સેવામાં 30 કે તેથી વધુ ઉંમરના 3 કરોડ લોકોને આવરી લેવાનો ઉદ્દેશ્ય છે.
- ✓ રાજય સરકારે 'નિરામય ગુજરાત' યોજનાનો આરંભ પાલનપુર ખાતેથી કર્યો.

❖ લિયોનિડ ઉલ્કા વર્ષા

- ✓ વાર્ષિક લિયોનિડ ઉલ્કા વર્ષા 6 થી 30 નવેમ્બર વચ્ચે સક્રિય રહેશે.
- ✓ આ ઉલ્કા વર્ષા લીઓના નક્ષત્રમાં 55P/ટેમ્પલ-ટટલ નામના ધૂમકેતુમાંથી ઉદભવે છે જે સૂર્યની પરિક્રમા કરવામાં 33 વર્ષનો સમય લે છે.
- ✓ લિયોનિડ્સ ફાયરબોલ્સ, અર્થગ્રેઝર ઉલ્કા જેવા નામે પણ ઓળખાય છે.
- ✓ લિયોનીડ શાવર દર 33 વર્ષે ઉલ્કામાં ફેરવાય છે જ્યારે આ ઘટના થાય ત્યારે એક સાથે અનેક ઉલ્કાઓ જોવા મળે છે.
- ✓ ઉલ્કા એ આકાશમાંથી પૃથ્વી પર પડતો અવકાશી પદાર્થ છે. જ્યારે તે પૃથ્વી પર પડે છે તે ઘટનાને ઉલ્કા વર્ષા કહેવાય છે.

❖ સાંસદ સ્થાનિક ક્ષેત્ર વિકાસ યોજના.

- ✓ MPLADS - Member of Parliament Local Area Development Scheme
- ✓ કેન્દ્રીય મંત્રી મંડળે નાણાંકીય વર્ષ 2021-22 ના બાકી રહેલા સમયથી વર્ષ 2025-26 માટે આ યોજનાને મંજૂરી આપી.
- ✓ યોજનાનો ઉદ્દેશ્ય સાંસદોને પીવાના પાણી, પ્રાથમિક શિક્ષણ, જાહેર આરોગ્ય અને રસ્તા સંબંધિત પોતાના મતવિસ્તારમાં વિકાસકર્યોમાં મદદરૂપ થવાનો છે.
- ✓ MPLADS ની પ્રક્રિયા સંસદના નોડલ ડિસ્ટ્રીકટ ઓથોરિટીને કામોની ભલામણ અરજી દ્વારા શરૂ થાય છે.
- ✓ યોજના હેઠળ સાંસદ સભ્ય (લોકસભા-રાજયસભા બંને) ને રૂ. 5 કરોડ, જે પ્રત્યેક રૂ. 2.5 કરોડના બે હપ્તામાં આપવામાં આવશે.

- દિલ્હીમાં પ્રદૂષણની ગંભીર સ્થિતિ
  - ✓ પંજાબ સહિતના અન્ય પડોશી રાજયના 5 હજાર કરતાં વધુ ખેતરોમાં પરાળ બાળવાને કારણે તથા વાહનોના ધુમાડાને કારણે દિલ્હીમાં એર કવોલિટી ઇન્ડેક્ષ 471 નોંધાયો, જે પ્રદૂષણની અત્યંત ગંભીર સ્થિતિ દર્શાવે છે.
  - ✓ ધુમ્મસની ઉપસ્થિત થયેલી આ ગંભીરતાને અટકાવવા માટે દિલ્લીના રાજમાર્ગોમાં 'એન્ટિ સ્મોગ ગન' લગાવવામાં આવી છે.

**-------------- કરન્ટ ઇન શોર્ટ ------------**

- ✓ CBDTના પૂર્વ અધ્યક્ષ પી.સી. મોદી રાજયસભાના નવા મહાસચિવ નિયુક્ત. તેમણે પીપીકે રામાચાર્યુલુનું સ્થાન લીધું છે અને તેમનો આ હોદ્દો કેબિનેટ સચિવ સ્તરનો રહેશે.
- ✓ ગુજરાત રાજય સરકાર 'વેલકમ ટુ ગુજરાત, વેલકમ ટુ ગ્રોથ' ટેગ લાઇન સાથે 10થી 12 જાન્યુઆરી 'વાઇબ્રન્ટ સમિટ' નું આયોજન કરશે.
- ✓ ભોપાલના હબીબગંજ રેલવે સ્ટેશનનું નામ બદલી 'રાણી કમલાપતિ રેલવે સ્ટેશન' કરાશે.
- ✓ કોરોના, નિપાહ બાદ કેરળમાં 'નોરો વાઇરસ' નો કેસ સામે આવ્યો.
- ✓ તાનારીરી મહોત્સવમાં 5 મિનિટ સુધી 112 ભૂંગળ વાદકોએ સમૂહમાં ભૂંગળ (શિષિર વાધ-(ફૂંક મારીને વગાડી શકાય)) વગાડી વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો.
- ✓ નેપાળ સરકારે ભારતના પિયોરાગઢ જિલ્લામાં આવેલા કાલાપાની પ્રદેશમાં વસતી ગણતરી શરૂ કરતાં વિવાદ થયો. નેપાળ આ વિસ્તાર પોતાનો ગણાવે છે.
- ✓ HUL (હિંદુસ્તાન યુનિલિવર લિમિટેડ)ના સ્વતંત્ર નિર્દેશક તરીકે આશુ સુયશ નિયુક્ત.
- ✓ ફુમીયો કિશિદા ફરીથી જાપાનના વડાપ્રધાન ચૂંટાયા.

**14 નવેમ્બર**

- ચારધામ યાત્રા પરિયોજના
  - તાજેતરમાં સુપ્રીમ કોર્ટે ભારત-ચીન સરહદ તરફ જતા 'ચારધામ પ્રોજેક્ટ' હેઠળ રસ્તાઓના વિસ્તરણ માટે આર્મીની વિનંતીના સંદર્ભમાં પર્યાવરણીય મુદ્દાઓ સાથે રાષ્ટ્રીય સુરક્ષાની ચિંતાને સંતુલિત કરવા હાકલ કરી.
  - આ વિનંતી ચીન દ્વારા સરહદ પાર કરવામાં આવી રહેલા બાંધકામમાં કરવામાં આવી છે.
  - ચારધામ પ્રોજેક્ટનો હેતુ હિમાલયનાં ચારધામ યાત્રાધામો બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી, યમુનોત્રીને જોડીને કનેક્ટિવિટી સુધારવાનો છે. જેથી આ સ્થળોની મુસાફરી સુરક્ષિત, ઝડપી અને વધુ સુવિધાજનક બને.
  - આ પ્રોજેકટ હેઠળ કૈલાશ માનસરોવર યાત્રા રૂટ (નેશનલ હાઇવે-125) ના તીર્થસ્થળો અને ટનકપુરપિથોરાગઢ વિભાગને જોડતા 900 km ના હઇવેને પહોળો બનાવશે. જે ચીન સરહદે ભારતી રાષ્ટ્રીય સુરક્ષા વધારવામાં મદદરૂપ થશે.
  - આ પ્રોજેકટ માટે 55,000 વૃક્ષો સાથે લગભગ 690 હેકટર જંગલોનો નાશ થવાનો હોવાથી પર્યાવરણીય બાબતને ટાંકીને સુપ્રીમ કોર્ટે ટકોર કરી છે.
- SJVNએ UPમાં 75 મેગાવોટ સૌર ઊર્જા પરિયોજના માટે સોલાર વર્લ્ડ સાથે સમજૂતી કરી.

- ✓ UP સરકારની માલિકીની SJVN એ નોઇડા સ્થિત Solar World Energy Solutions Pvt Ltd સાથે ઉત્તરપ્રદેશના પરસાન સોલાર પાર્ક ખાતે 75 mw સોલાર પાવર પ્લાન્ટ બનાવવા કરાર કર્યા.
- ✓ આ કરાર SJVN ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર નંદલાલ શર્માની હાજરીમાં કરાયા.
- ✓ આ પ્રોજેક્ટ 2022 સુધીમાં કાર્યરત થશે.

❖ ઉતરાખંડને પર્યટન ક્ષેત્રે ત્રણ પુરસ્કારો અપાયા

- ✓ ઉતરાખંડને 'બેસ્ટ વાઇલ્ડલાઇફ', 'બેસ્ટ સ્પિરિચ્યુઅલ ડેસ્ટિનેશન' અને 'બેસ્ટ એડવેન્ચર ડેસ્ટિનેશન' એવોર્ડ મળ્યા.
- ✓ કેદારનાથ શ્રેષ્ઠ 'આધ્યાત્મિક સ્થળ' અને જિમ કોર્બેટનું 'શ્રેષ્ઠ વન્યજીવ સ્થળ' અને ગોવાને 'એડવેન્ચર ટુરિઝમ' કેટેગરીમાં રનર અપ પુરસ્કાર મળ્યો.
- ✓ કેન્દ્રીય પર્યટન મંત્રી જી કિશન રેડ્ડીએ ઉતરાખંડના પર્યટન મંત્રી સતપાલ મહારાજને આ એવોર્ડ આપ્યો.

❖ ફ્લડ પ્લેન ઝોનિંગ

- ✓ ભારતના કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (CAG)નો પૂરની પૂર્વ તૈયારી અને પ્રતિભાવ અંગેનો અહેવાલ તાજેતરમાં કેરળ વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યો. જે 2018 માં કેરળમાં આવેલા વિનાશક પૂરની પૃષ્ઠભૂમિ સામે તૈયાર કરાયો હતો.
- ✓ આ અહેવાલ મુજબ કેન્દ્ર સરકારે તમામ રાજ્યોમાં ફ્લડ પ્લેન ઝોનિંગ પ્રક્રિયા માટે મોડલ ડ્રાફ્ટ બિલ પસાર કર્યાનાં 45 વર્ષ પછી પણ કેટલાક રાજ્યોએ આબાબતે કાયદો ઘડ્યો નથી.
- ✓ આ ઝોનિંગનો ઉદ્દેશ્ય પૂરની સ્થિતિને કારણે થતી નુકશાની તથા મેદાનોના ધોવાણને અટકાવવાનો છે. જેમાં માત્ર નદીના કારણે ભરતા પાણી ઉપરાંત શહેરી વસ્તારમાં ભરતા વરસાદી પાણીના કારણે થતાં નુકશાનનો પણ સમાવેશ છે.
- ✓ રાજ્યો દ્વારા કેન્દ્રએ બનાવેલા નીતિ નિયમો ન અનુસરવા પાછળ કારણ પૂરના મેદાનોમાં થયેલા દબાણોને દૂર કરાતા સ્થાનિક આજીવિકાને થનાર નુકશાન દર્શાવાઇ રહ્યું છે.
- ✓ બંધારણીય રીતે ફ્લડ પ્લેન ઝોનિંગ એ રાજ્ય સરકારની કાર્યસૂચિનો વિષય હોવાથી કેન્દ્ર સરકાર તેના પર જબરજસ્તીથી આ કાયદો અમલ કરાવવાથી દૂર રહે છે.

❖ પ્રસિદ્ધ હિંદી નવલકથાકાર મન્નૂ મંડારીનું નિધન

- ❖ મન્નૂ ભંડારી 'આપકી બંટી' અને 'મહાભોજ' નવલકથા માટે પ્રખ્યાત હતા.
- ❖ તેઓ રાજેન્દ્ર યાદવનાં પત્ની હતાં.
- ❖ તેમની પ્રસિદ્ધ નવલકથા 'યહી સચ હે' ને 1974 માં ફિલ્મ 'રજનીગંધા' સ્વરૂપે રજૂ કરાયો હતો.

## -------------- કરન્ટ ઇન શોર્ટ ------------

- ✓ બ્રિટને ટીપુ સુલ્તાનના સોનાના બનેલા સિંહાસનનો હિસ્સો રહેલા સોનાથી જડેલા વાઘના મસ્તકને વેચવા માટે UK એ પ્રતિબંધિત નિકાસની યાદીમાં મૂક્યું એટલે કે, તે માત્ર બ્રિટનની જ વ્યક્તિ ખરીદી શકશે અને બ્રિટનમાં જ તેને રાખવું પડશે.
- ✓ દેશની સૌથી અમીર સ્પર્ટ્સ સંસ્થા BCCIને ઇન્કમટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ (ITAT)એ આવક પર કોઇ ટેક્સ ન વસૂલવાની દલીલ માન્ય રાખી.
- ✓ SBI ક્રેડિટ કાર્ડથી ખરીદી પર EMIની ચૂકવણીમાં 99 રૂપિયાનો ચાર્જ 1 ડિસેમ્બરથી વસૂલવામાં આવશે.
- ✓ બહુજન સમાજ પાર્ટી (બસપા)ના વડા માયાવતીનાં માતા રામરતિનું નિધન.

- ✓ 2023માં COP28ની મેજબાની UAE (સંયુકત આરબ અમીરાત) દ્વારા કરવામાં આવશે. અગાઉ 2012માં કતાર અને 2007માં ઇન્ડોનેશિયા ખાતે મેજબાની કરી હતી.
- ✓ 14 નવેમ્બર: Children's Day (બાલ દિન) આ દિવસ વડાપ્રધાન જવાહરલાલ નહેરુની યાદમાં ઉજવવામાં આવે છે.
- ✓ 14 નવેમ્બર: World Diabetes Day (વિશ્વ ડાયાબિટસ (મધુપ્રમેહ) દિવસ). વર્ષ 2021 ની થીમ - Access To Diabetes Care.
- ✓ સંકલ્પ ગુપ્તા ભારતના 71મા, મિત્રાભા ગુહ ભારતના 72મા ગ્રાન્ડ માસ્ટર બન્યા.
- ✓ એમ-વે ઇન્ડિયા (Amway India) એ અમિતાભ બચ્ચનને બ્રાન્ડ એમ્બેસેડર જાહેર કર્યા.
- ✓ ફાલ્ગુની નાયર સૌથી અમીર મહિલા (સ્વ-નિર્મિત ઉધોગ થકી) બન્યા.
- ✓ ઓડિશા રાજ્ય એ શહેર/રાજ્ય સરકારે સડક સુરક્ષા અંતર્ગત 'રક્ષક પહેલ' શરૂ કરી.

**15 નવેમ્બર**

- ❖ Tech NEEV/નીંવ @75
  - ✓ કેન્દ્રીય વિજ્ઞાન અને પ્રૌધોગિકી રાજયમંત્રી ડૉ. જિતેન્દ્રસિંહે Tech NEEV/નીંવ @ 75નું ઉદ્ઘાટન કર્યું.
  - ✓ આ કાર્યક્રમ વિજ્ઞાન ક્ષેત્રનો નવીનતમ શોધોને ઉજાગર કરવા માટેનો એક વર્ષનો કાર્યક્રમ છે.
  - ✓ સરકાર આ કાર્યક્રમ હેઠળ 2022 ના અંત સુધીમાં અનુસૂચિત જનજાતિ માટે દેશના અલગ ભાગમાં 30 જેટલા આવા કાર્યક્રમોનું આયોજન કરશે.
- ❖ ભારતના પૂર્વ મુખ્ય કોચ રવિ શાસ્ત્રી LLCના કમિશનર નિયુકત.
  - ✓ LLC - લીજેન્ડ્સ લીગ ક્રિકેટ.
  - ✓ LLC સેવાનિવૃત ખેલાડીઓ માટેનો એક કાર્યક્રમ છે જેની શરૂઆત વર્ષ 2022થી થવાની છે.
  - ✓ LLCની પ્રથમ સીઝન જાન્યુઆરી 2022માં ખાડી દેશો વચ્ચે આયોજિત થશે જેમાં ભારત, પાકિસ્તાન, શ્રીલંકા, ઓસ્ટ્રેલિયા, ઇંગ્લેન્ડના પૂર્વ ક્રિકેટરો ભાગ છે.
- ❖ સાઉદી અરબે દુનિયાનું પ્રથમ 'Non-Profit city' (ગેરલાભદાયક શહેર) જાહેર કર્યું.
  - ✓ સાઉદીના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ સલમાને બિનલાભકારી શહેરની જાહેરાત કરી.
  - ✓ આ શહેર તરીકે 'રિયાધ' શહેરને પસંદ કરવામાં આવ્યું છે. જે વૈશ્વિક સ્તરે બિનલાભકારી ક્ષેત્રના વિકાસ માટે અને યુવાનો અને સ્વસહાય જૂથો માટે અનેકલાભો પ્રદાન કરશે.
  - ✓ આ શહેર 'મિકસ ફાઉન્ડેશન' ના લક્ષ્યોને હાંસલ કરવામાં મદદ કરશે અને ઉધોગ સાહસિકતા, લાયકાત ધરાવતા ભાવિ નેતાઓને તેના આંતરિક ઓપરેશનલ કોન્સેપ્ટમાં બિનનફાકારક કાર્યને વ્યાખ્યાયિત કરી વિકાસના ક્ષેત્રોને આગળ વધારવાનો માર્ગ અને માર્ગદર્શન પૂરું પાડશે.
- ❖ 'WePOWER ઇંડિયા પાર્ટનરશિપ ફોરમ'
  - ✓ વિશ્વ બેંક અને એશિયન વિશ્વ બેંકે આ કાર્યક્રમ શરૂ કર્યો છે.
  - ✓ આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય ભારતમાં પાવર સેક્ટર પ્રોફેશનલ નેટવર્કમાં દક્ષિણ એશિયાની મહિલાઓને સ્થાન આપવાનો છે.
  - ✓ આ કાર્યક્રમમાં માટે સહયોગ ISGF - ઇન્ડિયા સ્માર્ટ ગ્રીડ ફોરમનો રહેલો છે.
  - ✓ વિશ્વ બેંક ભારતીય વીજળી ક્ષેત્રમાં લિંગ સમાનતાને પ્રોત્સાહન આપવા પ્રતિબદ્ધ છે. આ માટે તેણે એશિયન ડેવલપમેન્ટ બેંક સાથે મળી વર્ષ 2019 માં 'WePOWER' લોન્ચ કર્યું. WePOWER 28 વર્ષ

ઊર્જા ક્ષેત્રની ઉપયોગિતાઓ અને સંસ્થાઓનું નેટવર્ક છે જે ઊર્જામાં મહિલાઓની કામગીરીને ટેકો આપે છે.

- ❖ હરદીપસિંહપુરી UAEની મુલાકાતે.
  - ✓ હરદીપસિંહ પુરી - પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ અને આવાસ અને શહેરી બાબતોના મંત્રી
  - ✓ તેઓ UAE (સંયુક્ત આરબ આમીરાત)માં ADIPEC આબૂ ધાબી આંતરરાષ્ટ્રીય પેટ્રોલિયમ પ્રદર્શન અને સંમેલનમાં ભાગ લેશે.
  - ✓ તેઓ 'ચાર્ટિંગ ધ કલાઇમેટ એકશન પાથ ફ્રોમ COP 26 ટૂ 27' શીર્ષક સાથેની ગોળમેજી બેઠકમાં હાજરી આપશે.
- ❖ 15 નવેમ્બર: આદિવાસી નેતા બિરસા મુંડા જયંતી
  - ✓ વર્ષ 2012માં તેમની 146મી જન્મજયંતી ઉજવવામાં આવી,
  - ✓ બિરસા મુંડા ભારતીય આદિવાસી સ્વતંત્રતા સેનાની, ધાર્મિકનેતા, અને મુંડા જનજાતિના વ્યક્તિ હતા. તેમનો જન્મ 1875માં રાંચીમાં થયો હતો.
  - ✓ વર્ષ 2021 થી સરકારે તેમની જન્મજયંતી 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે ઉજવવાની શરૂઆત કરી.
- ❖ 15 નવેમ્બર : બાળવાર્તા દિવસ
  - ✓ વર્ષ 2021થી ગુજરાત રાજય સરકારે દર વર્ષે સાહિત્યકાર 'ગિજુભાઇ બાધેકા'ની યાદમાં બાળવાર્તા દિવસ ઉજવવાની જાહેરાત કરી.
  - ✓ ગિજુભાઇનો જન્મ 15 નવેમ્બર, 1885 ના રોજ અમરેલી જિલ્લાના ચિંતલ ખાતે થયો હતો, જેમનું પૂરું નામ ગિરજાશંકર ભગવાનજી બધેકા છે.
  - ✓ ગિજુભાઇ 'મુછાળી મા'ના ઉપનામ તરીકે વિશેષ પ્રખ્યાત હતા. ઉપરાંત તેમને 'બાઇકોના બેલી', 'વિનદી' તરીકે પણ ઓળખવામાં આવતા.
  - ✓ તેમણે સાહિત્યમાં બાળવાર્તા ક્ષેત્રે અનોખું પ્રદાન કર્યું છે.

**-------------- કરન્ટ ઇન શોર્ટ ------------**

- ✓ ભારતીય સેનાના પ્રમુખ જનરલ એમ.એમ. નરવણે ઇઝરાયેલના પ્રવાસે.
- ✓ ફુટવેર બ્રાન્ડ પ્લેટોએ રાહુલ દ્રવિડને બ્રાન્ડ એમ્બેસેડર નિયુકત કર્યા.
- ✓ ઇન્સ્ટિટ્યૂટ ફોર ડિફેન્સ સ્ટડીઝ એન્ડ એનાલિસિસનું નામ બદલી નવું નામ મનોહર પરિકર ઇન્સ્ટિટ્યૂટ ફોર ડિફેન્સ સ્ટડીઝ એન્ડ એનાલિસિસ (MP-IDSA) કરાયું.
- ✓ 100 ડ્રમ મહોત્સવથી ઓળખાતો 'વાંગલા મહોત્સવ' મેઘાલય ખાતે શરૂ થયો. ગારો જનજાતિના લોકો તેમના દેવતા 'સાલજોંગ' ની પૂજા - અર્ચના માટે એક સપ્તાહ સુધી આ તહેવાર ઉજવે છે.
- ✓ ભારત-બાંગ્લાદેશની સેના બાંગ્લાદેશ મુક્તિ સ્વર્ણજયંતીના અવસર પર જેસ્સોરથી કોલકાતા સુધી સાઇકલ રેલીનું આયોજન કરશે. જેનુ નેત્વૃત્વ કર્નલ મોહિતસિંહ કરશે.
- ✓ ભારત-ફ્રાન્સ વચ્ચે 2019 બાદ 'SHAKTI' સૈન્યાભ્યાસની 6ઠ્ઠી આવૃતિનું આયોજન કરાયું.
- ✓ ઇતિહાસકાર, પદ્મવિભૂષણ, 'શિવ શાહિર' ઉપનામ થી પ્રસિદ્ધ બાબાસાહેબ પુરંદરેનું નિધન.
- ✓ ઓસ્ટ્રેલિયાએ ન્યૂઝીલેન્ડને આઠ વિકેટે હરાવી T20 વિશ્વ કપ જીત્યો.

**16 નવેમ્બર**

- ❖ સૌથી અમીર દેશોની યાદીમાં અમેરિકાને પછાડી ચીન ટોચના સ્થાને
  - ❖ છેલ્લા બે દશકામાં વૈશ્વિક સંપતિમાં ત્રણ ગણો વધારો થયો જેમાં અમેરિકાને પછાડી ચીન ટોચના સ્થાને રહ્યું.
  - ❖ આ માહિતી દશ દેશોની રાષ્ટ્રીય બેલેન્સ શીટની તપાસના આધારે મૈકિન્સે એન્ડ કંપનીની રિસર્ચ શાખાએ પ્રકાશિત કરી.
  - ❖ 2000ના વર્ષમાં વિશ્વ ભરમાં રહેલ નેટવર્થ 156 ટ્રિલિયન ડોલર વર્ષ 2020માં વધીને 514 ટ્રિલિયન ડોલર થયો. જેમાં આ વૃદ્ધિ દરમાં ચીન લગભગ 1/3 હિસ્સો ધરાવે છે.
- ❖ 16 નવેમ્બર: National Press Day (વિશ્વ પ્રેસ દિવસ)
  - ✓ આ દિવસ ભારતમાં સ્વતંત્ર અને જવાબદાર પ્રેસની હાજરી સૂચવે છે તથા લોકશાહીમાં સ્વતંત્ર પ્રેસના મહત્વને ઉજાગર કરે છે.
  - ✓ પ્રેસ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા એક વૈષનિક અને અર્ધ-ન્યાયિક પ્રેસને માન્યતા આપ્વા અને સન્માન આપવા દર વર્ષે આ દિવસ ઉજવાય છે.
  - ✓ આ દિવસે ભારતીય પ્રેસ પરિષદે 'મિડિયા સે કોન ડરતા નહિ હે' વિષય પર સંવાદ (ચર્ચા)નું આયોજન કર્યું હતું.
- ❖ પૂર્વાચલ એક્સપ્રેસ વેનું ઉદ્ઘાટન.
  - ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તરપ્રદેશના સુલતાનપુર જિલ્લાના કરવલ ખરી ખાતે આ ઉદ્ઘાટન કર્યું.
  - ✓ આ ઉપરાંત તેમણે એક્સપ્રેસ વે પર નિર્મિત 3.2 km લંબાઇની હવાઇપટ્ટી પર ભારતીય વાયુ સેના દ્વારા કરવામાં આવેલ એરશોમાં પણ ભાગ લીધો.
- ❖ હરિયાણામાં LINAC-NCDC મત્સ્યપાલન વ્યવસાય કેન્દ્ર શરૂ
  - ✓ કેન્દ્રીય મત્સ્યપાલન, પશુપાલન અને ડેરમંત્રી પુરુષોતમ રૂપાલાએ આ કાર્યક્રમ શરૂ કર્યો.
  - ✓ આ કેન્દ્રની મદદથી ભારતમાં મત્સ્યપાલન વ્યવસાયમાં વિકાસ કરવાનો ઉદ્દેશ્ય છે.
- ❖ ભારતનું પ્રથમ ખાધ સુરક્ષા સંગ્રહાલય - પંજાવુર ખાતે શરૂ
  - ✓ કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે તમિલનાડુના પંજાપુર ખાતે આ સંગ્રહાલય શરૂ કર્યું.
  - ✓ આ સંગ્રહાલય નિર્ભરતાથી આત્મનિર્ભરતા સુધી ભારતની ખેતી ક્ષેત્રની ક્રાંતિને પ્રદર્શિત કરે છે.
  - ✓ ભારતની ખાધ સુરક્ષા યાત્રા 'શિપ ટૂ માઉથ'ને વિશ્વના સૌથી મોટા નિકાસકાર તરીકે ચિત્રિત કરવાનો પ્રયાસ પણ આ સંગ્રહાલયની મદદથી કરાશે.
- ❖ SITMEX-21 સૈન્ય અભ્યાસ - ભારત, સિંગાપુર, થાઇલેન્ડ
  - ✓ આ સૈન્યાભ્યાસ આંતરિક સંચાલનને વધારવાના ઉદ્દેશ્યથી 2019 થી આયોજિત થાય છે.
  - ✓ આ સેન્યાભ્યાસની ત્રીજી આવૃતિમાં 'INS કર્મુક' અંડમાન સાગર ખાતે ભાગ લેશે.
  - ✓ SITMAX નું પ્રથમ વખત આયોજન સપ્ટેમ્બર 2019માં પોર્ટ બ્લેર ખાતે ભારતીય નૌ સેનાની આગેવાનીમાં થયુ હતું. જ્યારે વર્ષ 2020 માં સિંગાપુર નેવીએ આગેવાની કરી હતી.
- ❖ ચંબા ચપ્પલ અને ગુંથેલા મોજાને GI ટેગ
  - ✓ ચંબા ચપ્પલ - હિમાચલ પ્રદેશ
  - ✓ ગુંથેલા મોજા - લાહોલ
  - ✓ ચંબા ચપ્પલ એ 9મી સદીના રાજા ચરતસિંહ સાથે જોડાયેલ છે. જે અલગ અલગ 12 પ્રકારની ડિઝાઇનો ધરાવે છે.
  - ✓ લહોલના ગુંથેલા મોજા સ્થાનિક ઘેટામાંથી પ્રાપ્ત થતા ઉનમાંથી મેળવવામાં આવેલા દોરાઓને ચાર ડબલ પોઇન્ટેડ સોયનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે.

❖ કાશી ઉત્સવ - 16થી 18 નવેમ્બર, 2021
  - ✓ વારાણસી ખાતે કાશીના ભવ્ય કલાસિક વિરાસત અને સંસ્કૃતિને ઉજાગર રાખવા આ ઉત્સવનું આયોજન કરાયું છે.
  - ✓ ઉત્સવના દરેક દિવસ માટે એ નિશ્ચિત વિષયવસ્તુ નક્કી કરવામાં આવી છે. જેમાં 'કાશી કે હસ્તાક્ષર', 'કબીર, રૈદાસ કસ બાની ઔર નિર્ગુણ કાશી' અને 'કવિતા ઓર કહાની - કાશી કી જુબાની'નો સમાવેશ થાય છે.
  - ✓ ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્ર આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે હાજર રહેશે.

❖ ઉતરાખંડના અલ્મોડા જિલ્લામાં ભારતનું પ્રથમ 'ઘાસ સંરક્ષણ (conservator)' કેન્દ્ર શરૂ
  - ✓ વન વિભાગના અહેવાલ મુજબ હાલ ઘાસના મેદાનોમાં થઇ રહેલો ઘટાડો ઇકોસિસ્ટમને ગંભીર અસર કરે છે.
  - ✓ ઘાસ 'કાર્બન સિક્વેસ્ટ્રેશન' માટે ચાવીરૂપ છે જે કાર્બનને શોષિને ભૂગર્ભમાં સંગ્રહિત કરે છે.

**-------------- કરન્ટ ઇન શોર્ટ ------------**

- ✓ પાકિસ્તાનના બોલર ઉસ્માન શિનવરીએ ટેસ્ટ ક્રિકેટમાંથી સન્યાસ લીધો.
- ✓ બાંગ્લાદેશના લઘુ કથા લેખક અને સાહિત્યકાર હસન અલીજુજ હક નું નિધન થયું. તેમને 1999 એકુશી પદક અને 2019માં સ્વતંત્રતા પુરસ્કાર મળ્યો હતો.
- ✓ કેન્દ્રીય અલ્પસંખ્યક બાબતના મંત્રી મુક્તાર અબ્બાસ નકવી એ 'હુન્નર હાટ'ની 33મી આવૃતિનું નવી દિલ્હી ખાતે ઉદ્ઘાટન કર્યું.
- ✓ આબૂ ધાબીના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન જાયદે ફ્રાન્સિસી ગણરાજ્યના સશસ્ત્ર બળોના મંત્રીઓની બેઠકની આગેવાની કરી.
- ✓ 16 નવેમ્બર: UNESCO ની 75મી વર્ષગાંઠ (2021).
- ✓ 16 નવેમ્બર: આંતરરાષ્ટ્રિય સહિષ્ણુતા દિવસ.
- ✓ કેન્દ્ર સરકારે રક્ષા સચિવ, ગુહ સચિવ, IB (Inteligence Beureuo) અને RAWના સચિવનો કાર્યકાળ બે વર્ષ વધારવાનો નિર્ણય લીધો.
- ✓ 16 નવેમ્બર: કેન્દ્ર સરકારે પ્રથમ વખત CAG કાર્યાલય ખાતે ઓડિટ દિવસ ઉજવ્યો.

## 17 નવેમ્બર

❖ વૈશ્વિક લાંચ જોખમની યાદીમાં ભારત 82મા ક્રમે.
  - ❖ રિશ્વત વિરોધી સંગઠન TARCEની 194 દેશોની વેપાર ક્ષેત્રમાં રિશ્વતખોરી અંગેનો રિપોર્ટ જાહેર કરાયો.
  - ❖ ભારત વર્ષ 2020માં 77મા સ્થાને હતો.
  - ❖ આ યાદીમાં ડેન્માર્ક, નોર્વે, ફિનલેન્ડ, સ્વીડન, ન્યૂઝીલેન્ડ ઓછા રિશ્વતજોખમની યાદીમાં સમાવિષ્ટ થાય છે.

❖ નિપ્પોન ઇન્ડિયા મ્યૂચ્યુઅલ ફંડ દ્વારા ભારતનું પ્રથમ તાઇવાન ઇકવીટી ફંડ લોન્ચ
  - ✓ નિપ્પોન લાઇફ ઇન્ડિયા એસેટ મેનેજમેન્ટ, નિપ્પોન ઇન્ડિયા મ્યુચ્યુઅલ ફંડે સાથે મળી આ લોન્ચિંગ કર્યું.
  - ✓ આ ફંડ ભારતની પ્રથમ ઓપન એન્ડેડ ઇકવિટી સ્કીમ હશે.

- ✓ આ ફંડ અંગેની સલાહ Cathy SITE દ્વારા આપવામાં આવશે જે તાઇવાનની સૌથી મોટી એસેટ મેનેજમેન્ટ છે.

❖ SBI અને જમશેદપુર ફૂટબોલ કલબ વચ્ચે કરાર
- ✓ જમશેદપુર ફૂટબોલ કલબ (JCF) એ તાતા સ્ટીલની પૂર્ણ સ્વામિત્વ ધરાવતી સહાયક કંપની છે.
- ✓ JCF મેચની જર્સી પર SBI નો લોગો લગાડવામાં આવશે.
- ✓ SBI નો ફૂટબોલની રમતમાં આ પ્રથમ પ્રયાસ છે.

❖ 17 નવેમ્બર: લાલ લજપતરાયની 93મી પુણ્યતિથિ
- ✓ લાલા લજપતરાય રાષ્ટ્રવાદી નેતા હતા અને 'પંજાબ કેસરી'ના નામથી જાણીતા હતા. તેમણે સ્વદેશી આંદોલનમાં ખૂબ  અગત્યની ભૂમિકા ભજવી હતી.
- ✓ તેમણે 1885માં લાહોર ખાતે દયાનંદ એંગ્લો વૈદિક સ્કૂલ સ્થાપી હતી.
- ✓ 1928માં સાઇમન કમિશનના વિરોધ દરમિયાન પોલીસ હુમલામાં તેમનું અવસાન થયું હતું.

❖ Citizen's Tele-Law Smartphone App લોન્ચ
- ✓ કેન્દ્રીય કાયદા અને ન્યાયમંત્રી કિરણ રિજ્જુ તથા રાજ્ય  કાયદા અને ન્યાય મંત્રી એસ.પી. બઘેલે Citizen's Tele-Law Smartphone App લોન્ચ કરી.
- ✓ આ એપને લાભાર્થીઓને કાનૂની સલાહ અને કાઉન્સેલિંગ પ્રદાન કરતી વકીલોની પેનલ સાથે જોડશે.
- ✓ આ એપ નાગરિકોને તેના અધિકારો ઓળખવામાં મદદ કરશે, અને વિશેષતઃ જે નાગરિકો લખી-વાંચી શકતા નથી તેમને સીધા જ વકીલોની પેનલ સાથે જોડીને કાનૂની સલાહ આપવામાં આવશે.
- ✓ આ એપ બંધારણની કલમ 14 - કાયદા સમક્ષ સમાનતા અને કાયદાનું સમાન રક્ષણ અંતર્ગત લાભ પ્રદાન કરવા લોન્ચ કરવામાં આવી છે.

❖ કેન્દ્રએ લદ્દાખ માટે નવી રાજ્ય સૈનિક બોર્ડની મંજૂરી આપી.
- ✓ આ બોર્ડ કેન્દ્ર અને લદ્દાખ પ્રશાસન વચ્ચે કડીરૂપ ભૂમિકા ભજવશે.
- ✓ આ બોર્ડ સેવારત સૈનિકો અને તેમના આશ્રિતો સહિત ભૂતપૂર્વ સૈનિકો, યુદ્ધમાં શહીદ જવાનોની પત્ની, બાળકો સંબંધિત બાબતોમાં સલાહકારની ભૂમિકા ભજવશે.

❖ TRIFED આદિ મહોત્સવ
- ✓ કેન્દ્રીય જનજાતિ બાબતના મંત્રી અર્જુન મંડાએ નવી દિલ્હી ખાતે TRIFED આદિ મહોત્સવનું ઉદ્ઘાટન કર્યું.
- ✓ આ કાર્યક્રમમાં ઓલંમ્પિક મેડલ વિજેતા પદ્મવિભૂષણ MC મૈરીકોમને TRIFED આદિ મહોત્સવના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત કરાયા.
- ✓ 15 દિવસીય આ મહોત્સવમાં 26 રાજ્યોના 1000 આદિવાસી કારીગરો ભાગ લેશે અને તેમના ઉત્પાદનોનું પ્રદર્શન આયોજિત કરશે.

❖ દુઆરે રાશન યોજના
- ✓ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ દુઆરે રાશન (ઘર પર રાશન) યોજના શરૂ કરી.
- ✓ આ યોજનાથી રાજ્યના અંદાજીત 10 કરોડ લોકોને લાભ મળશે.
- ✓ આ યોજના હેઠળ વ્હાટ્સએપ નંબર જાહેર કરાયો છે તથા રેશનકાર્ડના આવેદન માટે મોબાઇલ એપ 'ખાદ્ય સાથી : અમર રાશન મોબાઇલ એપ' નું પણ ઉદ્ઘાટન કર્યું.

❖ 17 નવેમ્બર: World Prematurity Day (વિશ્વ સમયપૂર્વતા દિવસ)
- ✓ વિશ્વમાં સમય પહેલાં જન્મ લેનાર બાળકો અને તેના માતા-પિતામાં જાગૃતિ લાવવાઅને ચિંતા દૂર કરવા આ દિવસ ઉજવાય છે.

- ✓ વિશ્વભરમાં દર વર્ષે લગભગ 15 મિલિયન બાળકો સમય અગાઉ જન્મે છે.
- ✓ નવેમ્બરને સમયપૂર્વતા જાગરૂક્તા માસ તરીકે મનાવાય છે.

**------------- કરન્ટ ઇન શોર્ટ ------------**

- ✓ IPS અધિકારી વિધા જયંત કુલકર્ણી, ઘનશ્યામ ઉપાધ્યાય અને નવલ બજાજને CBIમાં સંયુકત નિર્દેશક નિયુકત કરાયા.
- ✓ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) ના અધ્યક્ષ અને ભારતનાં પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીને આંતરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC) સમિતિના અધ્યક્ષ નિયુકત કરાયા.
- ✓ તેલંગણાનું પોચમપલ્લી ગામ સંયુકત રાષ્ટ્ર વિશ્વ પર્યટન સંગઠન (UNWCO) દ્વારા સર્વશ્રેષ્ઠ પર્યટન ગામ તરીકે પસંદગી પામ્યું. 2004માં આ ગામને GI ટેગ મળ્યો હતો.
- ✓ કેબિનેટે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાને 2022 સુધી ચાલુ રાખવા નિર્ણય કર્યો.

**18 નવેમ્બર**

- ❖ કેસર-એ-હિંદ અરૂણાચલ પ્રદેશનું રાજ્ય પતંગિયુ જાહેર કરાયું.
  - ❖ કેસર-એ-હિંદ નો અર્થ ભારતનો સમ્રાટ થાય છે.
  - ❖ આ પતંગિયુ 90 થી 120 mm ની પાંખો ધરાવતું અને 6000 થી 10,000 ફૂટની ઉંચાઇએ જંગલવાળા વિસ્તારમાં જોવા મળે છે.
  - ❖ આ પતંગિયુ અન્ય નેપાળ, ભૂતાન, મ્યાનમા, લાઓસ વિગેરે જગ્યાએ પણ જોવા મળે છે.
  - ❖ કેસર-એ-હિંદ વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ, 1972 ની અનુસૂચિ II હેઠળ સંરક્ષિત છે.
  - ❖ અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી - પેમાખાંડુ.
- ❖ 2021થી 25ના કાર્યકાળ માટે UNESCOના કાર્યકારી બોર્ડ માટે ભારતની ફરીથી પસંદગી
  - ✓ આ બોર્ડમાં એશિયાઇ અને પ્રશાંતક્ષેત્રના રાજ્યો જાપાન, ફિલીપાઇન્સ, વિયેતનામ, કુક આઇસલેન્ડ અને ચીનને પણ પસંદ કરાયા.
  - ✓ UNESCOમાં વર્તમાનમાં 193 સદસ્ય દેશો સમાવિષ્ટ છે.
- ❖ WHOનો રિપોર્ટ: 2015 બાદ વૈશ્વિક સ્તરે તમાકૂ સેવન કરનારાની સંખ્યામાં ઘટાડો.
  - ✓ 2015માં આ સંખ્યા 1.32 બિલિયન હતી, જે 2020માં ઘટીને 1.30 બિલિયન થઇ ગઇ.
  - ✓ આ રિપોર્ટ WHOની ચોથી ગ્લોબલ ટોકેબો ટ્રેડ્સ રિપોર્ટમાં જાહેર કરાયો.
  - ✓ રિપોર્ટ અનુસાર દક્ષિણ-પૂર્વ એશિયાના વિસ્તારમાં આ ઘટાડો સૌથી વધુ જોવા મળ્યો.
- ❖ સ્વપ્રેશિત આદર્શ ગ્રામ યોજના
  - ✓ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે હરિયાણા રાજ્યના સુઇગામ ખાતેથી આ યોજના શરૂ કરી.
  - ✓ ગામને મહાદેવી પરમેશ્વરદાસ જિંદલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા 'આદર્શ ગામ'ના રૂપમાં વિકસિત કરવામાં આવશે.
  - ✓ યોજના હેઠળ ઉધોગપતિ કૃષ્ણ જિંદાલે તળાવ, શાળા, સભાગૃહ, ઉધાનો, પુસ્તકાલય અને અન્ય વિકાસના કાર્યો માટે યોગદાન આપશે. ઉપરાંત વિદેશમાં રહેતા 200 થી વધુ હરિયાણાના વતનીઓ પણ આ યોજનામાં ફંડ પૂરું પાડશે.
- ❖ રેજાંગ લા યુદ્ધ સ્મારકનું ઉદ્ઘાટન
  - ✓ કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથસિંહે પુનર્નિર્મિત યુદ્ધ સ્મારકનું ઉદ્ઘાટન કર્યું.

- ✓ સ્મારકમાં ગલવાન ઘાટીમાં ચીન સાથેના સંઘર્ષમાં શહીદ થયેલા સૈનિકોનાં નામ છે.
- ✓ આ સ્મારક પ્રથમ વાર 1962 ના યુદ્ધ દરમિયાન શહીદ થયેલા સૈનિકોની યાદમાં લદ્દાખના ચુશુલમાં બનાવાયું હતું.

❖ 18 નવેમ્બર: World Pancreatic Cancer Day (વિશ્વ સ્વાદુપિંડ કેન્સર દિવસ)
- ✓ આ દિવસ દર વર્ષે નવેમ્બર માસના ત્રીજા ગુરુવારે મનાવાય છે, જે 2021માં 18 નવેમ્બરે છે.
- ✓ તમામ કેન્સરના રોગો સામે સ્વાદુપિંડના કેન્સરમાં જીવિત રહેવાનો દર સૌથી ઓછો હોય છે.
- ✓ નિદાન કરેલા લોકોમાંથી 3-5% લોકો જ માત્ર પાંચ વર્ષ જીવિત રહી શકે છે.
- ✓ વિશ્વ સ્વાદુપિંડ કેન્સર ગઠબંધન, જેમાં 60થી વધુ સંગઠનો સામેલ છે. તેમણે આ દિવસની સ્થાપના કરી.

❖ ભારતીય વૈજ્ઞાનિકોએ બુધથી મોટા ગ્રહની શોધ કરી.
- ✓ અમદાવાદ સ્થિત ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી ખાતેના એક્સોપ્લેનેટ સર્ચ અને અભ્યાસ જૂથે સૂર્યમાં 1.5 ગણા દળ સાથે વિકસિત અને 725 પ્રકાશવર્ષ દૂર ગ્રહ શોધ્યો.
- ✓ હેનરી ડ્રેપર કેટલોગ મુજબ આ ગ્રહતારાને HD82139 અને TESS સૂચિ મુજબ TOI 1789 તરીકે ઓળખવામાં આવે છે.

**-------------- કરન્ટ ઇન શોર્ટ ------------**

- ✓ મુંબઇ સેન્ટ્રલ રેલવે સ્ટેશને રેલવે મંત્રાલયે પ્રવાસીઓ માટે પોડ કન્સેપ્ટ આધારિત આરામ ગૃહની વ્યવસ્થાનું ઉદ્ઘાટન કરાયું.
- ✓ દક્ષિણ આફ્રિકાના દિગ્ગજ ખેલાડી એબી ડિવિલિયર્સે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃતિ જાહેર કરી.
- ✓ દિલ્હીમાં 'રેડ લાઇટ ઓન, ગાડી ઓફ' અભિયાનના બીજા ચરણનો પ્રારંભ કરાયો. આ અભિયાનનો હેતુ વાહનોથી થતા પ્રદૂષણને અટકાવવાનો છે.
- ✓ વડાપ્રધાન મોદીએ ઝાંસીમાં વાયુ સેનાને મેડ ઇન ઇન્ડિયા લડાકુ હેલિકોપ્ટર 'લાઇટ કોમ્બેટ હેલિકોપ્ટર' (LCH) સોંપ્યું.
- ✓ TVS મોટર્સ UN ગ્લોબલ કોમ્પેકટમાં શામેલ થનાર પ્રથમ ભારતીય ટુ-વ્હીલર કંપની.
- ✓ Bharatpe UPI પેમેન્ટ કંપનીએ દુનિયાના પ્રથમ મર્ચન્ટ શેર હોલ્ડિંગ પ્રોગ્રામ લોન્ચ કર્યો.
- ✓ VVS લક્ષ્મણ રાષ્ટ્રીય અકાદમી (National Academy) અધ્યક્ષ તરીકે (પ્રમુખ તરીકે) કાર્યભાર સંભાળશે.
- ✓ વડાપ્રધાને મધ્યપ્રદેશ ખાતે 'રાશન આપકે ગામ' અને 'સિકલસેલ મિશન' યોજનાઓ શરૂ કરી.

## 19 નવેમ્બર

❖ 'શ્રીમદ્રામાયણમ' પુસ્તકનું વિમોચન
- ❖ ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુએ હૈદરાબાદ ખાતે આ પુસ્તક વિમોચન કર્યું.
- ❖ આ પુસ્તક કેન્દ્રીય પર્યટન અને સંસ્કૃતિ મંત્રી જી. કિશન રેડ્ડીના સચિવ શ્રી શશિકિરણ દ્વારા લખાયું છે.
- ❖ આ પુસ્તક ભગવાન શ્રીરામના જીવન પર આધારિત છે.

❖ 19 નવેમ્બર: ગુરુ નાનક દેવની 552મી જયંતી
- ✓ દર વર્ષે શીખ ધર્મના સંસ્થાપક ગુરુ નાનકની જન્મતીથિ ગુરુ નાનક જયંતીના રૂપમાં મનાવાય છે.

- ✓ ગુરુ નાનક દસ શીખ ગુરુઓમાં પ્રથમ છે જેમને વિશ્વમાં ધર્મ વિશેનો જ્ઞાન માર્ગ લાવનાર મનાય છે.
- ✓ તેમનો જન્મ 1469માં પાકિસ્તાનના તલવંડી ગામમાં થયો હતો.

❖ સુંદરમ એસેટ મેનેજમેન્ટને પ્રિંસિપલ ઇન્ડિયા હસ્તગત કરવા સેબીની મંજૂરી.

- ✓ સુંદરમ એસેટ મેનેજમેન્ટ કંપની લિમિટેડે, પ્રિન્સિપલ એસેટ મેનેજમેન્ટ પ્રાઇવેટ લિમિટેડ (પ્રિન્સિપલ ઇન્ડિયા) ના એસેટ મેનેજમેન્ટ બિઝનેસને હસ્તગત કર્યા.
- ✓ સુંદરમ ફાઇનાન્સ લિમિટેડ, પ્રિન્સિપલ ઇન્ડિયાની તમામ યોજનાઓ 100% શેર હસ્તગત કરશે.

❖ ઇન્ડિયન ફિલ્મ પર્સનાલિટી એવોર્ડ

- ✓ સૂચના અને પ્રસારણ મંત્રાલય દ્વારા આ એવોર્ડ હેમામાલિની અને પ્રસૂન જોનશીને અપાશે.
- ✓ આ પુરસ્કાર ગોવા ખાતેના ભારતના 52 માં આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં અપાશે.
- ✓ હેમા માલિની ભારતીય અભિનેત્રી છે અને પ્રસૂન જોશી કવિ, લેખક, ગીતકાર અને પટકથા લેખક છે.

❖ 19 નવેમ્બર: રાષ્ટ્રીય એકતા દિવસ

- ✓ 19 નવેમ્બર, 2021ના રોજ ભારતની પ્રથમ અને અત્યાર સુધીના એકમાત્ર વડાપ્રધાન ઇન્દિરા ગાંધીની 104મી જયંતી.
- ✓ ઇન્દિરા ગાંધીની જન્મ જયંતી રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવાય છે.
- ✓ ઇન્દિરા ગાંધીને 'લોખંડી મહિલા' (આયરન લેડી)ના નામથી પણ ઓળખવામાં આવે છે.

❖ વડાપ્રધાને ભારતીય નૌસેનાને ઇલેક્ટ્રોનિક વારફેયરસૂટ 'શક્તિ' સોંપ્યું.

- ✓ એડવાન્સ ઇલેકટ્રોનિક વોરફેર(EW) સિસ્ટમ 'શક્તિ' ને ડિફેન્સ ઇલેકટ્રોનિક રિસર્ચ લેબોરેટરી (DLRL) હૈદરાબાદ દ્વારા ડિઝાઇન કરવામાં આવી છે.
- ✓ શક્તિ EW સિસ્ટમ આધુનિક રડાર અને એન્ટિ શિપ મિસાઇલો સામે સંરક્ષણનું ઇલેક્ટ્રોનિક સ્તર પ્રદાન કરે છે.
- ✓ મિસાઇલ હુમલાઓ સામે ભારતીય નૌસેનાના જહાજની રક્ષા માટે સિસ્ટમને વાઇડબેંન્ડ ઇલેક્ટ્રોનિક સપોર્ટ મેજર્સ (ESM) સાથે જોડવામાં આવી છે.

❖ 19 નવેમ્બર: રાણી લક્ષ્મીબાઇની 193મી જયંતી

- ✓ ઝાંસીની રાણી લક્ષ્મીબાઇનો જન્મ 1828 માં કાશીના અસીઘાટ ખાતે મરાઠી બ્રાહ્મણને ત્યાં થયો હતો.
- ✓ જૂન, 1858માં તેમણે શહાદત વ્હોરી હતી.
- ✓ 1857ના વિદ્રોહમાં તેમના યોગદાન અને શહાદત બદલ આ દિવસ ઝાંસીમાં 'શહિદ દિવસ' તરીકે મનાવાય છે.

❖ 19 નવેમ્બર: વિશ્વ શૌચાલય દિવસ

- ✓ વિશ્વમાં સેનિટાઇઝ વિના 4.2 અબજ લોકો જીવે છે. આ વૈશ્વિક સેનિટેશન કટોકટીનિવારવા 2030 સુધીમાં દરેક માટે પાણી અને સ્છચ્છતાનો ટકાઉ વિકાસ લક્ષ્ય પ્રાપ્ત કરવા વૈશ્વિક લેવલે પગલાં લેવાશે.
- ✓ આ દિવસની ઉજવણીની જાહેરાત 2001માં વર્લ્ડ ટોઇલેટ ઓર્ગેનાઇઝેશન દ્વારા કરવામાં આવી. જ્યારે 2013 માં UNGA દ્વારા તેની સતાવાર જાહેરાત કરાઇ.

❖ રાષ્ટ્રીય ગોકુલ મિશન

- ✓ આ મિશન વર્ષ 2014થી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કર્યું. જેમાં વૈજ્ઞાનિક રીતે દૂધ ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો કરવા સ્વદેશી Bovine Breads (બોવાઇન પ્રજાતિ)ના સંરક્ષણ માટે પહેલ કરવામાં આવી.
- ✓ આ યોજનાનો ઉદ્દેશ્ય દૂધ ઉત્પાદન વધારવું, ઉચ્ચ આનુંવંશિક યોગ્યતા ધરાવતા બળદનું વિતરણ, દૂધાળા પશુઓનુ રક્ષણ વગેરે રહેલો છે.

**-------------- કરન્ટ ઇન શોર્ટ ------------**

- ✓ વિશ્વ શૌચાલય દિવસની ઉજવણીના ભાગ રૂપે 14થી 30 નવેમ્બર 'સફાઇમિત્ર સુરક્ષા ચેલેન્જ જાગૃતિ અભિયાન' ઉજવાશે. જેની થીમ Valuing Toilets છે.
- ✓ મિશ્રના રણ પ્રદેશમાંથી 4500 વર્ષ જૂનું સૂર્યમંદિર મળી આવ્યું.
- ✓ ચેન્નઇમાં ભારતની પ્રથમ 3-D આંખની આપરેશન માટેની સુવિધા શરૂ કરવામાં આવી.
- ✓ નોએડામાં ઉત્તરપ્રદેશનું પ્રથમ વાયુ પ્રદૂષણ વિરોધી ટાવર સ્થપાયું.
- ✓ મહારાષ્ટ્ર સરકારે સલમાન ખાનને કોવિડ રસીકરણના બ્રાન્ડ એમ્બેસેડર નિયુકત કર્યા.
- ✓ PayTm એ AI પાવર્ડ – વોઇસ ટ્રેડિંગ શરૂ કર્યું.

**20 નવેમ્બર**

- ❖ IPF સ્માર્ટ પોલિસ ઇન્ડેક્સમાં 2021 માં આંધ્રપ્રદેશ પ્રથમ.
  - ❖ IPF - ઇન્ડિયન પોલીસ ફાઉન્ડેશન.
  - ❖ દેશના 28 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કરેલા સર્વેક્ષણમાં ક્ષમતા, મૂલ્યો અને જનતાના વિશ્વાસના આધારે આ ઇન્ડેક્સ તૈયાર કરાયો.
  - ❖ આ યાદીમાં તેલંગણા બીજા અને આસામ ત્રીજા સ્થાને છે.
  - ❖ કેરળ ચોથા, ગુજરાત પાંચમા, દિલ્હી છઠ્ઠા ક્રમે.
- ❖ પૂજા બદલાની મિસિસ ઇન્ડિયા વર્લ્ડવાઇડ ક્વીન.
  - ✓ પૂજા બદલાનીને UAE ખાતે રાસ-અલમાં ધ હૌટ મોન્ડે મિસિસ ઇન્ડિયા વર્લ્ડવાઇડ 2021 પેજન્ટના ગ્રાન્ડ ફિનાલેમાં મિસિસ ઇન્ડિયા વર્લ્ડવાઇડ ક્વીન – એલિમેન્ટ એરનો તાજ પહેરાવવામાં આવ્યો.
  - ✓ પૂજા અમદાવાદની રહેવાસી છે. અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રમાણિત ઇમેજ કન્સલટન્ટ અને સોફ્ટ સ્કિલ ટ્રેનર છે.
  - ✓ ગુજરાત માટે આ તાજ મહત્વનો છે કેમ કે સાત વર્ષ બાદ આ તાજ ગુજરાતને ફરીથી મળ્યો છે.
- ❖ 20 નવેમ્બર: વિશ્વ બાળ દિવસ (World Children's day)
  - ✓ આ દિવસ સૌપ્રથમ વાર 1954 માં સાર્વભૌમિક બાળ દિવસ તરીકે મનાવાયો હતો.
  - ✓ 20 નવેમ્બરે, 1959 ના દિવસે સંયુકત રાષ્ટ્ર મહાસભાએ બાલ અધિકારોની ઘોષણા કરી હોવાથી આ દિવસ અતિ મહત્વનો છે.
  - ✓ 2021ની થીમ - 'અ બેટર ફ્યૂચર ફોર એવરી ચાઇલ્ડ'.
- ❖ NGO 'પ્રથમ' ને ઇન્દિરા ગાંધી પુરસ્કાર 2021
  - ✓ 2021 માટે શાંતિ, નિશસ્ત્રીકરણ અને વિકાસ માટેનો ઇન્દિરા ગાંધી પુરસ્કાર, નાગરિક સમાજ સંગઠન પ્રથમને આપવામાં આવ્યો.
  - ✓ પ્રથમે ભારત અને વિશ્વભરમાં વંચિત બાળકો માટે શિક્ષણની ગુણવતામાં સુધાર માટેનું કાર્ય કર્યું છે.
- ❖ સ્મૃતિ ઇરાનીએ તેમની પ્રથમ નવલકથા 'લાલ સલામ' લખી.
  - ✓ એપ્રિલ 2010માં દંતેવાડામાં 76 CRPF કર્મીઓની દુ:ખદ હત્યાઓથી પ્રેરાઇને આ નવલકથામાં અસાધારણ પુરુષો અને મહિલાઓને શ્રદ્ધાંજલિ આપતી બાબતો આ પુસ્તકમાં વર્ણવાઇ છે.
  - ✓ લાલ સલામ એક યુવા અધિકારી વિક્રમ પ્રતાપસિંહની કહાની છે. જેઓ રાજકારણ અને ભ્રષ્ટાચારમાં ડૂબી ગયેલી સિસ્ટમ સામે લડવા પર જાણીતા છે.

❖ એશિયાઇ તીરંદાજી ચેમ્પિયનશિપમાં ભારતને સાત મેડલ.
  ✓ એશિયાઇ તીરંદાજી ચેમ્પિયનશિપ ઢાકા ખાતે આયોજિત થઇ હતી.
  ✓ આ સાત મેડલમાં એક ગોલ્ડ, ચાર સિલ્વર, અને બે બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે.

❖ ઇન્દોર સતત 5મી વાર ભારતનું સૌથી સ્વચ્છ શહેર.
  ✓ કેન્દ્રના સ્વચ્છ સર્વેક્ષણ 2021 અંતર્ગત મધ્યપ્રદેશના ઇન્દોર શહેરને સ્વચ્છ શહેર જાહેર કરાયું.
  ✓ ગુજરાતનું સુરત આ યાદીમાં બીજું અને આંધ્રપ્રદેશનું વિજયવાડા ત્રીજા સ્થાને રહ્યું.
  ✓ ભારતીય રાજ્યોમાં છત્તીસગઢ સૌથી સ્વચ્છ રાજ્ય.
  ✓ સ્વચ્છ સર્વેક્ષણની 2021ની આવૃત્તિમાં કુલ 4320 શહેરોએ ભાગ લીધો હતો.

❖ 56મું GDP સંમેલન લખનઉ ખાતે આયોજિત થશે.
  ✓ લખનઉમાં આયોજિત થનાર આ સંમેલનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિત શાહ, અને અજીત ડેભાલ હાજરી આપશે.
  ✓ આ સંમેલનનું ઉદ્ઘાટન કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ દ્વારા કરાશે.
  ✓ સંમેલનમાં સાઇબર ક્રાઇમ, ડેટા ગવર્નન્સ, આતંકવાદ વિરોધી બાબતો સહિતના મુદ્દાઓ પર ચર્ચાઓ કરવામાં આવશે.

❖ વડાપ્રધાને ચર્ચિત એવા ત્રણ કૃષિ કાયદા પરત ખેંચવાની જાહેરાત કરી.
  ✓ ત્રણ કૃષિ કાયદાઓ
    1. ખેડૂત ઉત્પાદન વેચાર અને વાણિજ્ય (સંવર્ધન અને સરળીકરણ) બિલ 2020
    2. ખેડૂતોને (સશક્તિકરણ-સંરક્ષણ) કિંમત ખાતરી અને કૃષિ સેવાઓ પર કરાર બિલ 2020
    3. આવશ્યક ચીજવસ્તુઓ (સંશોધન) બિલ 2020
  ✓ વડાપ્રધાને કૃષિ કાયદાને રદ કરતી વખતે 41 વખત ખેડૂત, 24 વખત દેશ, 8 વખત કાયદો અને 0 (શૂન્ય) વખત આંદોલન શબ્દનો ઉપયોગ કર્યો.

**-------------- કરન્ટ ઇન શોર્ટ ------------**

✓ માહી મિલ્ક કંપનીએ ભાવનગર ખાતે ઓટોમેટિક મિલ્ક કલેકશન સિસ્ટમ લોન્ચ કરી.
✓ મધ્યપ્રદેશમાં શરાબ પર લાગુ કરાશે 'ગાય ટેક્સ'. આ ટેક્સની આવકનો ઉપયોગ ગૌશાળાની દેખરેખમાં નાણાંનો ઉપયોગ કરીને કરાશે.
✓ અમેરિકામાં 18 વર્ષથી મોટી ઉંમરનાં તમામ પુખ્તોને કોરોનાના બૂસ્ટર ડોઝ લેવા માટે મંજૂરી અપાઇ.
✓ અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઇડન હોસ્પિટલાઇઝ થતાં ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસન પ્રમુખ પદ સંભાળનાર પ્રથમ મહિલા બનશે.
✓ એમ મેકુંદનને તેમના પુસ્તક 'દિલ્લી: એ સોલિલોકી' (Delhi : A Soliloquy) માટે JCB-2021 એવોર્ડ અપાયો.
✓ ISF - India International Science Festival - ભારત આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન મહોત્સવે પોતાનું 7મું એડીશન લોન્ચ કર્યું.

**21 નવેમ્બર**

❖ તામિલનાડુ મુખ્યમંત્રીએ બાળકો માટે તામિલનાડુ રાજ્ય નીતિ 2021 જાહેર કરી.

- ❖ બાળકોની અલગ અલગ અવસ્થામાં તેમના વિકાસ પોષણ, શિક્ષણ, સ્વાસ્થ્ય વગેરેની દેખરેખ રાખવા માટે આ નીતિ ઘડાઇ.
- ❖ તેમણે ફોરેન્સિક DNA પ્રોફાઇલ સર્ચ ટૂલ પણ લોન્ચ કર્યું. જે ખોવાયેલા બાળકોને તેમના માતા-પિતા સુધી પહોંચાડવામાં મદદરૂપ થશે.
- ❖ CM એમ. કે. સ્ટાલિને આવનાર 10 વર્ષમાં બાળકો સાથે જોડાયેલા તમામ મુદ્દાઓનો યોગ્ય રીકે આંકલન કરી તેમાં જરૂરી સુધાર લાવવાનો લક્ષ્યાંક પણ આપ્યો છે.

❖ 15થી 21 નવેમ્બર - રાષ્ટ્રીય નવજાત સપ્તાહ

- ✓ આરોગ્ય ક્ષેત્રના મુખ્ય અગ્રતા ક્ષેત્ર તરીકે નવજાત સ્વાસ્થ્યના મહત્વને વધુ મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે ભારતમાં દર વર્ષે 15થી 21 નવેમ્બર રાષ્ટ્રીય નવજાત સપ્તાહ ઉજવાય છે.
- ✓ આ દિવસોમાં શિશુ આરોગ્યની સંભાળ અને બાળમૃત્યુ દર બાબતે જાગૃતિ લાવવામાં આવે છે.
- ✓ વર્ષ 2021ની થીમ - 'Safety, quality and Nurturing care - the birthright of every newborn'.

❖ કામો ઓલેવા- અર્ધઉપગ્રહ

- ✓ તાજેતરમાં વિજ્ઞાનીઓએ કામોઅલેવા નામના અર્ધઉપગ્રહની શોધ કરી, જે સૂર્યની આસપાસ પૃથ્વીની ભ્રમણ કક્ષાને અનુસરે છે અને ચંદ્રનો ભાગ હોવાની શંકા છે.
- ✓ કામો ઓલેવાના નમૂના એકત્ર કરવા 2025 માં એક મિશન શરૂ કરવાની યોજના બનાવાઇ છે.
- ✓ કામો ઓલેવા 2016માં શોધાયેલ શબ્દ છે જેનો અર્થ થાય છે - જગ્યાનો ફરતો ભાગ.
- ✓ કામો-ઓલેવામાંથી પ્રતિબિંબિત થતા પ્રકાશનું વર્ણપટ નાસાના એપોલો મિશન દ્વારા મેળવેલા ચંદ્રના ખડકો જેવું જ છે જેથી તે ચંદ્રમાંથી ઉદ્દભવ્યું હોવાથી શકયતા છે.

❖ ડિજિટલ ઇન્ડિયા લેન્ડ રેકોર્ડ્સ મોર્ડનાઇઝેશન પ્રોગ્રામ

- ✓ તાજેતરમાં ગ્રામીણ વિકાસ મંત્રાલય 'ભૂમિ સંવાદ' પર રાષ્ટ્રીય કાર્યશાળાનું ઉદ્ઘાટન કર્યું જેને ડિજિટલ ઇન્ડિયા લેન્ડ રેકોર્ડ્સ મોર્ડનાઇઝેશન પ્રોગ્રામ (DILRMP) નામ અપાયું.
- ✓ આ સાથે મંત્રાલયે NGDRS – નેશનલ કોમન ડોક્યુમેન્ટ રજીસ્ટ્રેશન સિસ્ટમ - પોર્ટલ અને ડેશબોર્ડ પણ લોન્ચ કર્યું.
- ✓ આ સિસ્ટમ હેઠળ દેશભરમાં યોગ્ય સંકલિત જમીન માહિતી વ્યવસ્થાપન પ્રણાલી વિકસાવવામાં આવશે જેમાં વ્યક્તિની માહિતી, જમીનની માહિતી જમીનનો ઉપયોગ,કરવેરા, સાઇટની સીમાઓ, જમીનની કિંમત વગેરે બાબતો આવરી લેવામાં આવશે.

❖ World Day of Remembrance for Road Traffic Victims (સડક પરિવહન પીડિતો માટે વિશ્વ સ્મરણ દિવસ)

- ✓ આ દિવસ દર વર્ષે નવેમ્બરના ત્રીજા રવિવારે ઉજવાય છે. જે 2021માં 21 નવેમ્બરના રોજ ઉજવવામાં આવ્યો.
- ✓ આ દિવસની શરૂઆત 1993માં રોડપીસ દ્વારા કરવામાં આવી હતી.
- ✓ વર્ષ 2005માં સંયુકત રાષ્ટ્રએ તેને 'એપ્રોપ્રિયેટ એકનોલેજમેન્ટ ફોર વિક્ટિમ્સ ઓફ રોડ ટ્રાફિક'ના રૂપમાં ઉજવ્યો હતો.
- ✓ વર્ષ 2021ની થીમ - રિમેમ્બર, સપોર્ટ એકટ.

❖ ભારતનો પ્રથમ LIGO પ્રોજેકટ.

- ✓ LIGO – લેસર ઇન્ટરફેરોમીટર ગ્રેવિટેશનલ વેવ ઓબ્ઝર્વેટરી

- ✓ મહારાષ્ટ્રના હિંગોલીમાં ભારતના પ્રથમ LIGO પ્રોજેક્ટ સ્થાપવા માટે 225 હેક્ટર જમીન ફાળવવામાં આવી.
- ✓ આ પ્રોજેક્ટ વિજ્ઞાનિઓ અને એન્જિનિયરોને ગુરુત્વાકર્ષણ તરંગોના ક્ષેત્ર વિશે અભ્યાસનું પ્લેટફોર્મ પૂરું પાડશે.
- ✓ 201 માં કેન્દ્ર સરકારે ગુરૂત્વાકર્ષણ તરંગો પર સંશોધન માટે 'LIGO – ઇન્ડિયા મેઘા સાયન્સ' પ્રસ્તાવને સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી.
- ✓ વોશિંગ્ટનમાં હેનફોર્ડ અને લ્યુઇસિયાનામાં લિવિંગસ્ટન લેબ આ પ્રકારની કામગીરી કરે છે. જ્યારે ભારતમાં આ પ્રોજેક્ટ માટે હેનફોર્ડનો સાથ મળેલો છે.
- ✓ આ પ્રોજેક્ટનું સંકલન અને અમલીકરણ ભારતની ત્રણ સંસ્થાઓ કરશે.
  1. રાજા રામન્ના સેન્ટર ફોર એડવાન્સ ટેકનોલોજી, (RRCAT) ઇન્દોર
  2. ઇન્સ્ટિટ્યુટ ફોર પ્લાઝ્માં રિસર્ચ – IPR (ગાંધીનગર)
  3. ઇન્ટર યુનિવર્સિટી સેન્ટર ફોર એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રોફિજિક્સ, (IUCAA) પૂણે

**-------------- કરન્ટ ઇન શોર્ટ ------------**

- ✓ વિવાદાસ્પદ ક્રૂઝ રેવ પાર્ટી અને ડ્રગ્સ કેસમાં આર્યન ખાનને બોમ્બે હાઈકોર્ટની કલીનચીટ.
- ✓ જૈવિક કૃષિને પ્રોત્સાહન આપવા બદલ રાજય સરકારે 'આપણું ડાંગ પ્રાકૃતિક ડાંગ' કાર્યક્રમ અંતર્ગત ડાંગ જિલ્લાને દેશનો પ્રથમ પ્રાકૃતિક જિલ્લો ઘોષિત કરાયો.
- ✓ ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (BCCI)ના સચિવ જય શાહે IPL 2022 ભારતમાં રમાડવાની જાહેરાત કરી.
- ✓ ટેબલટેનિસ ફેડરેશન ઓફ ઇન્ડિયા દ્વારા ગુજરાતના ભૂતપૂર્વ ખેલાડી તથા કોચ નિલય વ્યાસની પેરા ટેબલટેનિસ નેશનલ ટ્રેનિંગ કેમ્પના કોચ તરીકે વરણી કરવામાં આવી.
- ✓ BWF (બેડમિંટન વર્લ્ડ ફેડરેશન) એ પ્રકાશ પાદુકોણને લાઇફટાઇમ અચીવમેન્ટ એવોર્ડ આપ્યો.
- ✓ કેઇર્ન ઇન્ડિયા પશ્ચિમ રાજસ્થાનમા 'લોઅર બાડમેર હિલ ફોર્મેશન' માં શેલ એક્સપ્લોરેશન શરૂ કરવા US સ્થિત હેલિબર્ટન સાથે ભાગીદારી કરશે.
- ✓ વડાપ્રધાને વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા સિડની સંવાદના પ્રારંભમાં મુખ્ય ભાક્ષણ આપ્યું. જેમાં તેમણે ભારતના ટેકનોલોજી વિકાસ અને ક્રાંતિ વિશે ચર્ચાઓ કરી.

**22 નવેમ્બર**

- ❖ મેઘાલય ખાતે કેન્દ્રીય સંસ્થાના નવા ભવનનું ઉદ્ઘાટન થયું.
  - ❖ કેન્દ્રીય શિક્ષા અને કૌશલ્ય વિકાસ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને મેઘાલયના પૂર્વી ખાસી હિલ્સના માવડિયાંગડિઓંગમાં આ ભવનનું ઉદ્ઘાટન કર્યું.
  - ❖ ધર્મેન્દ્ર પ્રધાને આ ઉદ્ઘાટન સમયે બે પુસ્તક 'હિંદી, ખાસી, ગારો, જયંતીયા - અંગ્રેજી સંક્ષિપ્ત શબ્દકોષ' અને 'સમન્વય પૂર્વોતાર સંચયન'નું પણ વિમોચન કર્યું.
- ❖ ધર્મેન્દ્ર પ્રધાને ITI ગોવાહાટીમાં CNT અને CIKSનું ઉદ્ઘાટન કર્યું.
  - ✓ CNT - સેન્ટર ફોર નેનો ટેકનોલોજી
  - ✓ CIKS - સેન્ટર ફોર ઇન્ડિયન નોલેજ સિસ્ટમ
  - ✓ CNT નો ઉદ્દેશ્ય ભવિષ્યની સમસ્યાઓનો સામનો કરી નેનો ટેકનોલોજીમાં ઉધોગને વિકસાવવાનો છે.
- ❖ રાણી ગાઇદિન્લ્યૂ આદિવાસી સ્વતંત્ર્ય સેનાની સંગ્રહાલય

- ✓ ગૃહ મંત્રી મણિપુરના તામેંગલોંગ જિલ્લામાં લુઆંગકાઓ ગામમાં આ સંગ્રહાલયનો શિલન્યાસ કરશે.
- ✓ લુઆંગકાઓ ગામ નાન આધ્યાત્મિક અને રાજનેતા રાણી ગાઇદિન્લ્યૂનું જન્મ સ્થળ છે.
- ✓ તેઓ 13 વર્ષની ઉંમરથી જ 'હેરકા' ધાર્મિક ચળવળમાં જોડાયા અને 16 વર્ષે બ્રિટિશર્સ દ્વારા તેમને આજીવન કેદની સજા અપાઇ.
- ✓ જવાહરલાલ નહેરુએ તેમને 'રાણી' નું બિરુદ આપ્યું હતું.

❖ World Heritage Week 2021: 19થી 25 નવેમ્બર

- ✓ NESCO દ્વારા દર વર્ષે 19થી 25 નવેમ્બર world heritage week મનાવાય છે.
- ✓ આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય દેશમાં કુદરતી વારસાના સ્થળોની જાળવણીના મહત્વ વિશે નાગરિકોમાં જાગૃતિ લાવવાનો છે.
- ✓ ભારતમાં કુલ 40 યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટ્સ છે જેમાંથી 32 સાંસ્કૃતિક સ્થળો, 7 પ્રાકૃતિક અને 1ને મિશ્ર સાઇટ ગણવામાં આવે છે.
- ✓ વર્ષ 2021 ની થીમ - Tourism for Inclusive Growth.

❖ BROને ગિનીસ વર્લ્ડ રેકોર્ડનું પ્રમાણપત્ર

- ✓ BRO - બોર્ડર રોડ ઓર્ગેનાઇઝેશન
- ✓ લદ્દાખ ખાતે 19,024 ફૂટ ઉંચાઇએ ઉમલિંગલા પાસમાંથી પસાર થતા વિશ્વના સૌથી ઉંચા મોટરેબલ રોડ બનાવવા બદલ આ રેકોર્ડ સ્થાપ્યો.
- ✓ BROનો આ રોડ પ્રોજેક્ટ HIMANK હેઠળ બનાવાયો છે.
- ✓ BROના મહાનિર્દેશક - લે. જનરલ રાજીવ ચૌધરી

❖ બેરિલ થંગાને મણિપુર રાજ્ય પુરસ્કાર

- ✓ બેરિલ થંગા ઉર્ફ લેશરામ બીરામંગોલસિંહને તેમની નવલકથા 'ઇ અમાદી અદુંગેગી ઇયાત' માટે 12મો મણિપુર રાજ્ય પુરસ્કાર 2020 અપાયો.
- ✓ મણિપુરના રાજ્યપાલ લા ગણેશને આ એવોર્ડ આપ્યો.
- ✓ આ નવલકથા બંધારણમાં સમાવિષ્ટ 22 માન્ય ભાષાઓમાંની એક મણિપુરી ભાષામાં લખાયેલ છે. જે મણિપુરી ભાષા વિશેની સજાગતા કેળવવાનો સંદેશ પણ આપે છે.

❖ KVG બેંકની AssoCHAM દ્વારા સર્વશ્રેષ્ઠ ક્ષેત્રીય ગ્રામીણ બેંક તરીકે પસંદગી

- ✓ ASSOCHAM - એસોસિએટેડ ચેમ્બર્સ ઓફ કોમર્સ એંડ ઇન્ડસ્ટ્રી ઓફ ઇન્ડિયા
- ✓ આત્મનિર્ભર ભારત અંતર્ગત ડિજિટલ નાણાકીય સેવાઓ પૂરી પાડવા બદલ આ પસંદગી કરવામાં આવી છે.
- ✓ KVG બેંકના અધ્યક્ષ - પી. ગોપી કૃષ્ણ

❖ INS વિશાખાપટ્ટનમ

- ✓ ભારતીય નૌકાદળમાં બ્રહ્મોસ જેવી મિસાઇલ સજ્જ INS વિશાખાપટ્ટનમને સામેલ કરવામાં આવ્યું.
- ✓ INS વિશાખાપટ્ટનમ 75% સ્વદેશી ટેકનિકથી તૈયાર કરવામાં આવેલ છે.
- ✓ મઝગાંવ ડોકયાર્ડ દ્વારા બનાવાયેલ INS વિશાખાપટ્ટનમ 163 મીટર લંબાઇ, 17 મીટર પહોળાઇ, 7400 ટન વજન અને મહત્તમ 55.56 km/hrની ઝડપ ધરાવે છે.

**-------------- કરન્ટ ઇન શોર્ટ ------------**

❖ પેરાબેડમિન્ટન ઇન્ટરનેશનલ સ્પર્ધામાં ગુજરાતી પેરા ખેલાડી પારૂલ પરમારે સિંગલ્સમાં સિલ્વર મેડલ મેળવ્યો.

- નોર્વેએ દેનિયાનું પ્રથમ બેટરી સંચાલિત જહાજ સુમદ્રમાં ઉતાર્યું. જેને યારા બિકલેન્ડ નામ આપ્યું. તે ચાલકદળ વગરનું જહાજ છે.
- વિખ્યાત પંજાબી લોકગાયિકા ગુરમિત બાવાનું નિધન. તેમણે સતત 45 સેકન્ડ સુધી હેક લેવાનો રેકોર્ડ નોધાવ્યો હતો.
- શહજાદ પૂનાવાલા ભાજપ પક્ષના રાષ્ટ્રીય પ્રવકતા નિયુકત.
- આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ભારતીય સૈન્ય દ્વારા લદ્દાખની હેનલે ખીણમાં 15 હજાર ફૂટની ઉંચાઇએ 76 ફૂટ લાંબો રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો.
- રાજસ્થાન સરકારે 'ઇન્દિરા ગાંધી માતૃ પોષણ યોજના' લોન્ચ કરી.

**23 નવેમ્બર**

- આંધ્રપ્રદેશ સરકાર ત્રણ રાજધાનીની સ્થાપનાનો કાયદો રદ કરશે.
  - આંધ્રપ્રદેશ સરકાર તમામ પ્રદેશોના વિકેન્દ્રીકરણ અને સર્વસમાવેશક વિકાસ અધિનિયનમને પાછો ખેંચશે. જે રાજ્યની ત્રણ રાજધાનીઓ બનાવવા માટે લેવાયો હતો.
  - આ અધિનિયમ હેઠળ વિશાખાપટ્ટનમ, કુરનૂલ, અમરાવતીમાં એમ ત્રણ રાજધાની સ્થાપવા માટે ઘડાયો હતો.
  - આંધ્રપ્રદેશ CM - જંગન મોહન રેડ્ડી
  - આંધ્રપ્રદેશ એડવોકેટ જનરલ - એસ. સુબ્રમણ્યમ
  - આંધ્રપ્રદેશ રાજધાની - અમરાવતી
- બાલાસોર ભારતનો 'સર્વશ્રેષ્ઠ સમુદ્રી જીલ્લો'
  - બાલાસોર ઓડિશાનો પ્રથમ જીલ્લો છે. જેને આ પ્રકારનો એવોર્ડ મળ્યો હોય.
  - આ ઉપરાંત આંધ્રપ્રદેશ રાજ્યને સર્વશ્રેષ્ઠ સમુદ્રી રાજ્યનો પુરસ્કાર અને તેલંગણાને સર્વશ્રેષ્ઠ અંતર્દેશિય રાજ્યનો પુરસ્કાર મળ્યો.
  - મધ્યપ્રદેશના બાલાઘાટને સર્વશ્રેષ્ઠ અંતર્દેશિય જિલ્લાનો પુરસ્કાર મળ્યો.
- બલ્ગેરિયાના રાષ્ટ્રપતિ રામેન રાદેવે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં જીત મેળવી
  - રાદેવેએ આ પદ માટે બીજી વખત ચુંટણી જીતી છે અને ફરીથી પાંચ વર્ષના કાર્યકાળ માટે તેઓ પદ સંભાળશે.
  - રાદેવે આ ચૂંટણીમાં તેમના હરિફ અનાસ્તાસ ગેર્ડજિકોવને હરાવ્યા.
  - બલ્ગેરિયા દક્ષિણ પૂર્વ યુરોપનો દેશ છે. જેની રાજધાની સોફિયા છે.
- SBI અને PONLAIT વચ્ચે કરાર
  - PONLAIT – પોંડીચેરી સહકારી દૂધ ઉત્પાદક સંઘ
  - SBI અને PONLAIT એ આ કરાર ડેરી ઉધોગ સાથે સંકળાયેલા ખેડૂતોને લોન આપવાના હેતુથી કર્યા છે.
  - આ લોન બેંકની SAFAL (સિંપલ એન્ડ ફાસ્ટ એગ્રીકલ્ચરલ લોન યોજના) હેઠળ આપવામાં આવશે.
  - સિંગાપુરની રાષ્ટ્રીય વિશ્વવિધાલય સતત ચોથા વર્ષે એશિયાની સર્વશ્રેષ્ઠ વિશ્વવિધાલયમાં સ્થાન પામી.

- ❖ આ યોજના હેઠળ લોન માટે રૂ. 3 લાખની રકમ મર્યાદિત કરવામાં આવી છે.
- ❖ યોજના થકી 98 દુધ ઉત્પાદન સમિતિ અને 3500 જેટલા ડેરી ઉધોગના ખેડૂતોને લાભ પ્રદાન થશે.

❖ 23 નવેમ્બર: Fibonacci Day (ફિબોનાકી દિવસ)

- ❖ ગણિતજ્ઞ લિયોનાર્ડો બોનાચી કે જેમણે ફિબોનાકી શ્રેણીનો શોધ કરી તેમની યાદમાં દર વર્ષે આ દિવસ દિવસ ઉજવવામાં આવે છે.
- ❖ આ દિવસને જ્યારે mmldd માં લખવામાં આવે 11/23 ત્યારે તે 1, 1, 2, 3 એમ ફિબોનાકી શ્રેણી બનાવે છે.
- ❖ ફિબોનાકી શ્રેણીમાં સંખ્યા તેની પહેલાની બે સંખ્યાનો સરવાળો થતો હોય છે.

❖ પાતાલપાની રેલવે સ્ટેશનનું નામ બદલીને તાત્યા મામા રેલ્વે સ્ટેશન કરાશે

- ❖ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે ઈંદોરના પાતાલપાની રેલવે સ્ટેશનનું નામ બદલવાની જાહેરાત કરી.
- ❖ તાત્યા ભીલ/મામા 1878થી 1889 વચ્ચેના સમયમાં એક સક્રિય દસ્યુ (ડાકુ/લુંટારા) હતા. જેમને ભારતીયો દ્વારા એક વીર વ્યક્તિના રૂપમાં ઓળખવામાં આવતાં.
- ❖ તેમને ભારતીય 'રોબિન હુડ' પણ કહેવાય છે.
- ❖ ઇન્દોર બસ સ્ટેન્ડને પણ તેમનું નામ અપાયું છે.

❖ USOF યોજના

- ❖ USOF - Universal Service Obligation Fund.
- ❖ તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ પાંચ રાજ્યો આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, મહારાષ્ટ્ર, ઓડિશાના મહત્વકાંક્ષી જીલ્લાઓમાંથી અસ્પૃશ્ય ગામડાંમાં 4G આધારિત મોબાઇલ સેવાઓની જોગવાઇ માટે USOF ને મંજૂરી આપી.
- ❖ યોજના હેઠળ 4G મોબાઇલ સેવા પૂરી પાડવા USOF આર્થિક ફંડ પૂરું પાડશે.
- ❖ યોજના થકી આત્માનિર્ભરતા, શીખવાની સુવિધા, માહિતી અને જ્ઞાનનો પ્રસાર, કૌશલ્ય વિકાસ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ઇ-ગવર્નંસ વગેરેને પ્રોત્સાહન મળશે.
- ❖ USOF સંસ્થા ગ્રામીણ અને દૂરના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત માહિતી અને સંચાર તકનીક સેવાઓ પૂરી પાડવા માટે જાણીતી સંસ્થા છે. જેની સ્થાપના વર્ષ 2002માં સંચાર મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી.

**-------------- કરન્ટ ઇન શોર્ટ ------------**

- ❖ એરફોર્સ ગ્રુપ કેપ્ટન અભિનંદન વર્તમાનને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે 'વીરચક્રથી' સન્માનિત કર્યા.
- ❖ ભારતીય મહિલા હોકી ટીમની કેપ્ટન રાની રામપાલ ફોર્બ્સની ઈન્ડિયા વુમન પાવર 2021ના લિસ્ટમાં સામેલ.
- ❖ મૂળ વડોદરાના સેનામાં લે. જનરલ તરીકે ફરજ બજાવી ચૂકેલા અસિત મિસ્ત્રીને પરમ વિશિષ્ઠ સેવા મેડલથી સન્માનિત કરાયા.
- ❖ અલસાલ્વોર વિશ્વનું સૌથી પહેલું બિટકોઇન સિટી બનાવશે.
- ❖ પુનીત રાજકુમાર કર્ણાટક રત્ન પુરસ્કારથી સન્માનિત કરાયા.
- ❖ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તરપ્રદેશ ખાતે અલ્ટ્રામેગા સોલાર પાર્કનું ખાતમૂહુર્ત કર્યું.

- વિશ્વ બેંકના રિપોર્ટ અનુસાર ભારત દેશ 2021 માં 87 બિલિયન અમેરિકી ડોલર પ્રાપ્ત કરનાર દુનિયાનો સૌથી મોટો પ્રાપ્તિકર્તા દેશ બન્યો.
- આંધ્રપ્રદેશ ખાતે તુંગભદ્રા પુષ્કરમ મહોત્સવ આયોજિત કરાયો.

**24 નવેમ્બર**

- રેલ મંત્રીએ 'ભારત ગૌરવ ટ્રેન' શરૂ કરવાની જાહેરાત કરી.
  - ✓ રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે થીમ આધારિત પ્રવાસી સર્કિટ ટ્રેનો-ભારત ગૌરવ ટ્રેનની જાહેરાત કરી.
  - ✓ આ ટ્રેન ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો અને ભવ્ય ઐતિહાસિક સ્થળોને ભારત અને વિશ્વના લોકો સમક્ષ પ્રદર્શિત કરવાના વિઝનને સાકાર કરશે.
  - ✓ આ ટ્રેનોમાં શીખ સંસ્કૃતિનાં મહત્વનાં સ્થળોને આવરી લેવા માટે 'ગુરુક્રૂપા ટ્રેન' ભગવાન શ્રીરામ સાથે જોડાયેલાં સ્થળો માટે રામાયણ ટ્રેન વગેરે જેવી થીમ નક્કી કરવા માટે ખાનગી સંચાલકોને છૂટ અપાશે.
- નીતિ આયોગે પ્રથમ વખત SDG અર્બન ઈન્ડેક્ષ અને ડેશબોર્ડ 2021-22 જાહેર કર્યા.
  - ✓ SDG - Sustainable Devlopment Goals.
  - ✓ આ ઈન્ડેક્ષમાં ભારત-જર્મન વિકાસ સહયોગની છત્રછાયા નીતિ આયોગે તમામ બાબતો દર્શાવી છે.
  - ✓ કોઇમ્બતુર અને ચંદીગઢ આ ઈન્ડેક્ષમાં સૌથી ઉપર જ્યારે મેરઠ અને ધનબાદ સૌથી નીચે છે.
- આકાશવાણી અને દૂરદર્શને UNESCO-ABU પીસ મીડિયા એવોર્ડ્સ 2021 જીત્યો.
  - ✓ આ એવોર્ડ મલેશિયા ખાતે આપવામાં આવ્યો છે.
  - ✓ આકાશવાણીને તેના કાર્યક્રમ 'લિવિંગ ઓન ધ એજ. ધ કોસ્ટ લાઈફ' ને નૈતિકતા અને પ્રકૃતિ સાથે સતત સંબંધની શ્રેણીમાં પુરસ્કાર મેળવ્યો.
  - ✓ દૂરદર્શને તેના કાર્યક્રમ- 'લિવિંગ વેલ વિથ સુપર ડાયવર્સિટી' માટે 'DEAFINITELY લીડિંગ ધ વે' જીત્યો.
- IT મંત્રાલયે 'આધાર 2.0' કાર્યશાળાનું ઉદ્ઘાટન કર્યું.
  - ✓ કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને સૂચના મંત્રી અશ્વિની વૈષ્ણવે 'આધાર 2.0'- ડિજિટલ ઓળખ અને સ્માર્ટ શાસનના આગામી યુગની શરૂઆત નામની 3 દિવસીય કાર્યશાળાનું ઉદ્ઘાટન કર્યું.
  - ✓ આ ઉદ્ઘાટન નવી દિલ્લી ખાતે કરાયું.
  - ✓ ડિજિટલ અર્થવ્યવસ્થાને આગળ વધારવા માટે આધારને ઉપયોગ કરી અલગ અલગ વિષયો પર વિચાર-વિમર્શ કરવા માટે 'આધાર 2.0' કાર્યશાળાને આઠ વિવિધ ક્ષેત્રોમાં વિભાજિત કરવામાં આવી છે.
- ભારત-ઈન્ડોનેશિયા કાર્પેટનું 37મી આવ્રુત્તિનું આયોજન કરવામાં આવ્યું.
  - ✓ ભારતીય નૌ સેના INS ખંજર અને ઈન્ડોનેશિયાની નૌ સેના KRI સુલ્તાન થાહા સૈયફુદ્દિન સાથે મળી આ સૈન્ય અભ્યાસ કરશે.
  - ✓ આ અભ્યાસમાં INS જહાજો ઉપરાંત લડાકુ વિમાનો પણ ભાગ લેશે.
  - ✓ બંને દેશો વર્ષ 2002થી દર વર્ષે 2 વખત આંતર સમુરાષ્ટ્રીય સમુદ્ર સીમારેખા પર કાર્પેટ(પેટ્રોલિંગ)નું આયોજન કરે છે.
  - ✓ IND-INDO CORPAT (કાર્પેટ)ની 37મી આવ્રુત્તિ બંને નૌકાદ્દળના વચ્ચે દરિયાઈ સહયોગને મજબુત કરવા અને સમગ્ર ઈન્ડો પેસિફિકમાં મિત્રતા મજબુત કરવાના ઉદેશ્ય સાથે આયોજિત કરવામાં આવી હતી.
- રક્ષા મંત્રાલયે GSAT-7C ઉપગ્રહની ખરીદીના પ્રસ્તાવને મંજૂર કર્યો.

- ✓ રક્ષા મંત્રાલયે 2236 કરોડની કિંમતના ભારતીય વાયુ સેના માટે GSAT-7C ઉપગ્રહ અને તેના સંબંધિત ઉપકરણોની ખરીદી માટેના પ્રસ્તાવને મંજૂરી આપી.
- ✓ આ ઉપગ્રહ સોફ્ટવેર નિર્ધારિત રેડિયોની રીઅલ ટાઇમ કનેક્ટિવીટી આધારિત ટેકનોલોજી ધરાવે છે. જેનાથી સિક્યુરિટીના સંદર્ભે કોઇ પણ સ્થળેથી કટોકટીના સમયે સંદેશાઓની આપલેમાં સરળતા લાવી શકાશે.

❖ સદાકાળ ગુજરાત કાર્યક્રમ

- ✓ ગોવાના પણજી ખાતે ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંત અને ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની હાજરીમાં સદાકાળ ગુજરાત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ✓ આ કાર્યક્રમનો મૂળ ઉદેશ્ય ગુજરાતની બહાર વસતા ગુજરાતીઓ સાથે કાયમી સંપર્ક બનાવી રાખી નવી પેઢીઓને પોતાના મૂળ સાથે જોડી રાખવાનો છે.
- ✓ સદાકાળ ગુજરાત શીર્ષક જેરોસ્ટિયન વેપારી અને કવિ અર્દેશર ખબરદાર(અદલ)ની રચના જ્યાં જ્યાં વસે ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાતમાંથી લેવામાં આવ્યું છે.

❖ તેજસ્વિની અને હોંસલા યોજના

- ✓ કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે જમ્મુ કાશ્મીર બેંક માટે તેજસ્વિની અને હોંસલા યોજના શરૂ કરી.
- ✓ તેજસ્વિની યોજના 18-35 વર્ષની મહિલાઓને તેમનો પોતાનો વ્યવસાય શરૂ કરવા માટે 5 લાખ રૂપિયાની નાણાકીય સહાય આપતી યોજના છે
- ✓ આ યોજના માટે સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેંટ બેંક ઓફ ઈંડિયા(SIDBI) રૂ.200 કરોડનું કલસ્ટર ડેવલપમેંટ ફંડ જમ્મુ કાશ્મીર બેંકને પૂરું પાડશે.

**-------------- કરન્ટ ઇન શોર્ટ ------------**

- ✓ મોબાઇલ નેટવર્ક કંપની એરટેલ અને વીઆઇ (VI)એ પ્રિપેડ ટેરિફ દરમાં 25% સુધીનો વધારો કર્યો.
- ✓ ભારતમાં ખાનગી ક્રિપ્ટોકરન્સી પર પ્રતિબંધ લાદતો કાયદો ઘડવામાં આવે તેવી શક્યતા.
- ✓ પેટ્રોલના ભાવ નીચા લાવવા ભારત તેના રિઝર્વ જથ્થામાંથી 50 લાખ બેરલ ઓઇલ છૂટું કરી માર્કેટમાં લાવશે.
- ✓ સ્વચ્છતાના આગ્રહી મહાત્મા ગાંધીની જન્મભૂમિ પોરબંદર સ્વચ્છતા રેન્કિંગ રાજ્યમાં 11મા અને દેશમાં 124 ક્રમે.
- ✓ નીતિ આયોગ દ્વારા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ અર્બન ઇન્ડિયા ઇન્ડેક્ષ નામની ભારતના 10 લાખથી વધુ વસ્તી ધરાવતા 44 અને તેથી ઓછી વસ્તી ધરાવતા 12 શહેરોની બહાર પાડેલ યાદીમાં સિમલા પ્રથમ સ્થાને જ્યારે ટોપ 10માં અમદાવાદ નવમા સ્થાને.
- ✓ ઉત્તરપ્રદેશના યમુના એક્સપ્રેસ વેનું નામ બદલીને વાજપેયી એક્સપ્રેસ વે કરવામાં આવશે.
- ✓ તમિલનાડુ સરકારે 'TN ફિન ટેક પોલિસી-2021' અંતર્ગત અલગ અલગ ક્ષેત્રોમાં 35,208 કરોડના 59 MOU હસ્તાક્ષર કર્યા.
- ✓ સિક્યોરલીશેર સોફ્ટવેર પ્રાઇવેટ લિમિટેડ સાઇબર સિક્યુરિટી ગ્રાંડ ચેલેન્જ એવોર્ડમાં પ્રથમ નંબરનો પુરસ્કાર જીત્યો.
- ✓ એમ એન ભંડારીને મદ્રાસ હાઇકોર્ટમાં કાર્યકારી મુખ્ય ન્યાયાધીશનો કાર્યભાર સોંપાયો.
- ✓ રાજસ્થાનમાં 'બૂંદી ઉત્સવ'નો પ્રારંભ થયો જેમાં સ્થાનિક સંસ્કૃતિ મુજબનાં નૃત્યો અને સંગીતકળાનું આયોજન કરવામાં આવે છે.

- ✓ 18થી 24 નવેમ્બર 'World Antimicrobial Awareness week' તરીકે ઉજવાયું. જેની વર્ષ 2021ની થીમ spread Awareness, Stop resistance છે, અને વર્ષ 2021ની ટેગલાઇન - 'Antimicrobisla: Handle with care' છે.

**25 નવેમ્બર**

- ❖ મૈગ્ડેલેના એન્ડરસન સ્વિડનનાં પ્રથમ મહિલા વડાપ્રધાન બન્યાં.
  - ❖ સ્વિડનની સંસદે તેમને પ્રથમ મહિલા વડાપ્રધાન તરીકે નિયુકત કર્યાં.
  - ❖ તેમણે સ્ટીફન લોફવેનનું સ્થાન ગ્રહણ કર્યું છે અને હાલ તેઓ નાણાં મંત્રી છે.
  - ❖ એન્ડરસને 1996 માં તત્કાલીન વડાપ્રધાન ગોરાન પર્સનના રાજનૈતિક સલાહકારના રૂપમાં પોતાની રાજનીતિ શરૂ કરી હતી.
  - ❖ જો કે વડાપ્રધાન તરીકેની નિયુક્તિના 12 કલાકમાં જ તેમણે રાજીનામું આપી દીધું છે.
- ❖ નવી મંજૂર દર સૂચકાંક શ્રૃંખલા
  - ✓ શ્રમ મંત્રાલયે વર્ષ 2016ના આધાર સાથે આ આંક જાહેર કર્યા. જેને શ્રમ બ્યૂરો દ્વારા સંકલિત અને રક્ષિત કરવામાં આવશે.
  - ✓ સરકાર સમયાંતરે અર્થવ્યવસ્થામાં થતા ફેરફારોને પ્રતિબંધિત કરવા અને કામદારોની વેતન પદ્ધતિને પકડવા મુખ્ય આર્થિક સૂચકાંકો માટે આધાર વર્ષમાં સુધારા કરે છે.
  - ✓ નવી સૂચકાંક પદ્ધતિને દર વર્ષની 1 જાન્યુઆરી અને 1 જુલાઇ એમ પોઇન્ટ ટુ પોઇન્ટ અર્ધવાર્ષિક ધોરણે વર્ષમાં બે વાર સંકલિત કરવામાં આવશે.
- ❖ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાને વિસ્તારવામાં આવી.
  - ✓ કેન્દ્રીય મંત્રીમંડળે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાને વધુ ચાર મહિના - માર્ચ 2022 સુધી વધારવાની મંજૂરી આપી.
  - ✓ આ યોજનાની 5મી આવૃતિમાં 53344.52 કરોડ રૂપિયાની સબસિડી અપાશે.
  - ✓ યોજનાની 5મી આવૃતિ ડિસેમ્બર 2021થી શરૂ થશે.
  - ✓ યોજના હેઠળ રાશનકાર્ડ ધારકોને વ્યક્તિ દીઠ 5 kg ચોખા અથવા ઘઉં આપવામાં આવે છે.
- ❖ આપત્તિ વ્યવસ્થાપનની 5મી વિશ્વ કોંગ્રેસનું ઉદ્ઘાટન રક્ષામંત્રી રાજનાથસિંહ દ્વારા
  - ✓ આપત્તિ વ્યવસ્થાપનની 5મી વિશ્વ કોંગ્રેસનું ઉદ્ઘાટન રક્ષામંત્રી રાજનાથસિંહ દ્વારા કરવામાં આવ્યું. અને આ આયોજન દિલ્હી ખાતે IIT દિલ્હીના પરિસરમાં થયું.
  - ✓ આ આયોજનની થીમ 'કોવિડ-19ના સંદર્ભમાં આપત્તિ સામે સ્થિતિસ્થાપકતા વધારવા માટે ટેકનોલોજી, નાણાં અને ક્ષમતા' (Technology, Finance and Capacity for Building Resilience to Disasters in the Context of Covid-19).
- ❖ ભારતની પ્રથમ વર્ચ્યુઅલ સાયન્સ લેબ
  - ✓ વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલયના રાજ્ય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે CSIR જિજ્ઞાસા પ્રોગ્રામ હેઠળ બાળકો માટે ભારતની પ્રથમ વર્ચ્યુઅલ સાયન્સ લેબ શરૂ કરી.
  - ✓ આ લેબ વિજ્ઞાનની શોધ માટે વિધાર્થીઓને દેશભરના વૈજ્ઞાનિકો સાથે જોડવાનું કામ કરશે. જેમાં કેન્દ્રીય વિધાલય, નવોદય વિધાલય અને સરકારી શાળાના વિધાર્થીઓનો સમાવેશ કરાશે.
- ❖ ઉડાન ઉત્સવ 2021

- ✓ કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ ઓડિશાના ઝારસુગુડામાં વીર સુરેન્દ્ર સાંઇ એરપોર્ટ પર 'ઉડાન ઉત્સવ'ની ઉજવણીમાં હાજરી આપી. આવનારા 5 વર્ષમાં એરપોર્ટની સંખ્યા વધારીને 220 કરવાનો લક્ષ્યાંક જાહેર કર્યો.
- ✓ આ સાથે તેમણે ઓડિસાના પૂરીમાં ગ્રીનફિલ્ડ એરપોર્ટની સ્થાપનાની પણ જાહેરાત કરી.
- ✓ ઉપરાંત તેમણે ઉડાન પ્રોજેક્ટને 'મેક માય ટ્રીપ' સાથે પણ જોડયો હતો જેનાથી મુસાફરોને તેમની ટિકિટ મેળવવામાં સરળતા રહે.
- ✓ UDAN (ઉડે દેશકા આમ નાગરિક) યોજના વર્ષ 2016માં નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવી હતી.

❖ 25 નવેમ્બર: મહિલાઓ પર થતી હિંસા નાબૂદીનો આંતરરાષ્ટ્રીય દિવસ
- ✓ આ દિવસ ડોમિનીકન રિપબ્લિક નામના દેશમાં ત્રણ બહેનો જેઓએ રફાલ ત્રુજિલોની સરમુખત્યારશાહીનો વિરોધ કરતા તેઓની હત્યા કરાઇ હતી તેના પર આધારિત છે.
- ✓ UN દ્વારા ઇ.સ. 1993 માં મહિલાઓ સામે થતી હિંસા માટે ઘોષણાપત્ર સ્વિકારવામાં આવ્યું હતું.
- ✓ વર્ષ 2021ની થીમ - Orange the world : End violence against women now.

**-------------- કરન્ટ ઇન શોર્ટ ------------**

- ✓ મુકેશ અંબાણીને પાછળ રાખી ગૌતમ અદાણી એશિયાના સૌથી ધનિક વ્યક્તિ બન્યા.
- ✓ T20 રેન્કિંગમાં વિરાટ કોહલી Top 10માંથી બહાર નીકળી 11મા ક્રમે.
- ✓ પ્રખ્યાત વિજ્ઞાની આલ્બર્ટ આઇનસ્ટાઇનની થિયરી ઓફ રિલેટિવિટી સાથે સંકળાયેલ હસ્તલેખિત નોંધની પેરિસ ખાતે 97 કરોડમાં હરાજી કરાઇ.
- ✓ ગુજરાત સરકારે ગ્રામ પંચાયત ચૂંટણીમાં સતત પાંચમી વખત 'સમસર' ગ્રામ પંચાયત થનારની ગ્રાન્ટમાં વધારો કરી 8 લાખ વત્તા અન્ય 3 લાખ એમ કરવાની જાહેરાત કરી.
- ✓ સુરક્ષા સહયોગ, અંગત જાણકારી અને હથિયારોની ખરીદી મટે ઇઝરાયેલ અને મોરોક્કો વચ્ચે હસ્તાક્ષર થયા.
- ✓ બાંગ્લાદેશના ક્રિકેટર મહમૂદુલ્લાહ રિયોદ સ્ટેટ ક્રિકેટમાંથી સન્યાસ લીધો.
- ✓ વડાપ્રધાનની અધ્યક્ષતામાં ACROSS - એટમોસ્ફિયર એન્ડ સર્વિસિસને તેની આઠ પેટા યોજનાઓ સહિત આગામી નાણાકીય યોજનાઓ 2026 સુધી શરૂ રાખવા મંજૂરી અપાઇ.

## 26 નવેમ્બર

❖ સ્કાયરૂટ એરોસ્પેસે ક્રાયોજેનિક રોકેટ એન્જિનનું પરીક્ષણ કર્યું
- ❖ હૈદરાબાદ સ્થિત સ્પેસ ટેકનોલોજી સ્ટાર્ટઅપ સ્કાયરૂટે ભારતના પ્રથમ ખાનગી રીતે વિકસિત ક્રયોજેનિક રોકેટ એન્જિનનું પરીક્ષણ કર્યું.
- ❖ આ એન્જિન LNG આધારિત ઇંધણનો ઉપયોગ કરતું એન્જિન છે.
- ❖ LNG – Liquid Natural Gas.

❖ પાકિસ્તાને બેલેસ્ટિક મિસાઇલ શાહીન 1 Aનું સફળ પરીક્ષણ કર્યું
- ✓ આ મિસાઇલ સરફેસ ટુ સરફેસ મારકક્ષમતા ધરાવે છે.
- ✓ આ પરીક્ષણનો ઉદ્દેશ્ય હથિયાર પ્રણાલીની ડીઝાઇન અને ટેકનિકને ફરીથી સ્થાપિત કરવાનો છે.
- ✓ માર્ચ 2021માં સશસ્ત્ર દળ દ્વારા પરમાણુ સક્ષમ શાહીન 1 A મધ્યમ અંતરની બેલેસ્ટિક મિસાઇલનું પરીક્ષણ કર્યું હતુ.

- ✓ આ મિસાઇલ 900 kmની મારક ક્ષમતા ધરાવે છે.

❖ 26 નવેમ્બર: National Milk Day (રાષ્ટ્રીય દૂધ દિવસ)

- ✓ 26 નવેમ્બર શ્વેતક્રાંતિના જનક ડૉ. વર્ગીસ કુરિયનની જન્મતિથિને દર વર્ષે રાષ્ટ્રીય દૂધ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- ✓ ડૉ. વર્ગીસ કુરિયન કે જેમણે ડેરી ઉદ્યોગ ક્ષેત્રે આપેલ અમૂલ્ય યોગદાન અને અમૂલની સ્થાપનાના સહયોગ બદલ 'મિલ્ક મેન ઓફ ઇન્ડિયા'ના નામે પણ ઓળખવામાં આવે છે.
- ✓ આ દિવસ પ્રથમ વખત 2014માં મનાવાયો હતો.
- ✓ આ દિવસની ઉજવણી NDDB (રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ)ની નિગરાની હેઠળ ઉજવવામાં આવે છે.

❖ ફ્રાન્સ તરફથી ભારતને બે મિરાજ 2000 વિમાન મળ્યાં

- ✓ ભારતીય વાયુ સેનાએ ગ્વાલિયર એરબેઝ ખાતે ફ્રાન્સ નિર્મિત લડાક વિમાન મિરાજ 2000 પ્રાપ્ત કર્યાં.
- ✓ હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડમાં ચાલી રહેલ મિરાજ અપગ્રેડ પ્રોગ્રામ હેઠળ આ વિમાનોને નવીનતમ ટેકનિક સાથે અપગ્રેડ કરવામાં આવશે.
- ✓ ભારતીય વાયુ સેનાએ 51 મિરાજનું અલગ અલગ બેચો દ્વારા અધિગ્રહણ કર્યું છે.

❖ ઇન્ટરપોલની કાર્યકારી પેનલમાં એશિયાના પ્રતિનિધિ તરીકે પ્રવીણ સિન્હાની પસંદગી.

- ✓ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇનવેસ્ટિગેશન (CBI)ના વિશેષ નિર્દેશક, ભારતના પ્રવીણસિંહા ઇન્ટરનેશનલ ક્રિમિનલ પોલીસ ઓર્ગેનાઇઝેશન (ઇન્ટરપોલ)ની કાર્યકારી સમિતિમાં એશિયન પ્રતિનિધિ તરીકે ચૂંટાયા.
- ✓ ઇન્ટરપોલની આ ચૂંટણીમાં ભારત ઉપરાંત ચીન, સિંગાપોર રિપબ્લિક ઓફ કોરિયા અને જોર્ડને પણ ભાગ લીધો હતો.
- ✓ ઇન્ટરપોલ એ ટ્રાન્સ નેશનલ સંગઠિત ગુનાઓ, આતંકવાદ અને સાયબર અપરાધોની વધતી સંખ્યાને પહોંચી વળવા માટેની સંસ્થા છે.

❖ 26 નવેમ્બર: સંવિધાન દિવસ/રાષ્ટ્રીય કાનૂન દિવસ

- ✓ 26 નવેમ્બર, 1949ના દિવસે ભારતીય બંધારણ સભાએ બંધારણનો સ્વીકાર કર્યો અને ત્યારબાદ વર્ષ 1950માં 26 જાન્યુઆરીના દિવસથી બંધારણ લાગુ કરાયું.
- ✓ આ બાબતની યાદમાં દર વર્ષે 26 નવેમ્બરને બંધારણ દિવસ/સંવિધાન દિવસ/રાષ્ટ્રીય કાનૂન દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- ✓ ડૉ. બી. આર. આંબેડકરને ભારતીય બંધારણના પિતા માનવામાં આવે છે.

❖ કોલિન્સ ડિક્શનરીએ NFTને વર્ડ ઓફ ધ યર જાહેર કર્યો.

- ✓ NFT - નોન ફંજિબલ ટોકન્સ.
- ✓ આ શબ્દનો ઉપયોગ 2020-21માં ત્વરિત વૃદ્ધિના સંદર્ભમાં કરવામાં આવ્યો હતો.
- ✓ NFTને કોલિન્સ ડિક્શનરી દ્વારા 'અનન્ય ડિજિટલ પ્રમાણપત્ર, જે બ્લોકચેનમાં નોંધાયેલ છે, જેનો ઉપયોગ આર્ટવર્ક અથવા એકત્રીકરણ જેવી સંપત્તિની માલિકી રેકોર્ડ કરવા માટે થાય છે.' તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે.

❖ ગોપાલ રત્ન પુરસ્કાર

- ✓ કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ આણંદ ખાતે ડૉ. વર્ગીસ કુરિયનની 100મી જન્મજયંતિ ઉજવણીના ભાગ રૂપે આ પુરસ્કાર જાહેર કર્યા.
- ✓ આ પુરસ્કાર ત્રણ શ્રેણીમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમને અનુક્રમે 5 લાખ, 3 લાખ, 2 લાખની રાશિ આપીને અપાશે.

1. દેશમાં સ્વદેશી પશુ/ભેંસની જાત ધરાવતા શ્રેષ્ઠ ડેરી ખેડૂત
2. બેસ્ટ આર્ટિફિશિયલ ઇન્સેમિનેશન ટેકનિકશિયન (AIT)
3. શ્રેષ્ઠ સહકારી ડેરી/દૂધ ઉત્પાદક કંપની/ડેરી ખેડૂત ઉત્પાદક મંડળી

✓ પશુ સંવર્ધન અને ડેરી વિભાગે ડિસેમ્બર, 2014માં સ્વદેશી બળદની જાતો વિકસાવવા અને તેનું સંરક્ષણ કરવા રાષ્ટ્રીય બળદ ઉછેર અને ડેરી વિકાસ કાર્યક્રમ અંતર્ગત 'રાષ્ટ્રીય ગોકુળ અભિયાન' શરૂ કર્યું હતું.

❖ ભારતના સૌથી મોટા અને પાંચમા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ જેવર એરપોર્ટ (નોઇડા)નો શિલાન્યાસ

- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તરપ્રદેશ ખાતે ભારતના સૌથી મોટા અને પાંચમા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ જેવર એરપોર્ટ (નોઇડા)નો શિલાન્યાસ કર્યો.
- ✓ આ એરપોર્ટ પૂર્ણ થયા બાદ ઉત્તરપ્રદેશ દેશનું એકમાત્ર એવું રાજ્ય બની જશે જ્યાં પાંચ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ (International Airport) હશે.
- ✓ ભારતમાં આ પહેલું એવું એરપોર્ટ હશે, જ્યાં ઉત્સર્જન શૂન્ય ( Zero Emission Airport) હશે. એરપોર્ટે એક સમર્પિત પ્લોટની ઓળખ કરી છે, જ્યાં પ્રોજેક્ટ સાઇટ પરથી હટાવવાના વૃક્ષો ફરીથી વાવવામાં આવશે અને જંગલ જેવો પાર્ક આપવામાં આવશે.
- ✓ નોઇડા એરપોર્ટ ત્યાંના તમામ મૂળ પ્રાણીઓનું રક્ષણ (Protection of animals) કરશે અને એરપોર્ટના વિકાસ દરમિયાન પ્રકૃતિનું ધ્યાન રાખવામાં આવશે.
- ✓ આ એરપોર્ટનો અમલ આંતરરાષ્ટ્રીય બિડર 'ઝ્યુરિચ એરપોર્ટ ઇન્ટરનેશનલ એજી' (Zurich Airport International AG) દ્વારા કરવામાં આવશે.
- ✓ આ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો 10,050 કરોડ રૂપિયાથી વધુના અંદાજિત ખર્ચે વર્ષ 2024 સુધીમાં પૂર્ણ થવાનો છે.
- ✓ 1300 હેક્ટર જમીનમાં ફેલાયેલો આ પ્રોજેક્ટ દર વર્ષે 1.2 કરોડ પ્રવાસીઓને સેવા આપશે.

**-------------- કરન્ટ ઇન શોર્ટ ------------**

- ✓ નીતિ આયોગે જાહેર કરેલ નેશનલ મલ્ટીડાયમેન્શન પોવર્ટી ઇન્ડેક્ષ (MPI) એટલે કે રાષ્ટ્રીય બહુપરિમાણીય ગરીબી સૂચકાંકમાં ગુજરાતની કુલ વસ્તીના 18.60% (1.12 કરોડ) લોકો ગરીબીમાં જીવે છે.
- ✓ IDBI એસેટ મેનેજમેન્ટ કંપનીનું લાઇફ ઇન્શ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા એએમસી સાથે મર્જ કરાશે.
- ✓ કેન્દ્રીય રસાયણ મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ગ્લોબલ કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ મેન્યુફેક્ચરિંગ હબનું ઉદ્ઘાટન કર્યું.
- ✓ દક્ષિણ કોરિયાના પૂર્વ રાષ્ટ્રપતિ ચુન-ડૂ-હાનનું નિધન.
- ✓ કોલકાતા ખાતે એરટેલ, નોકિયાએ 700 મેગાહર્ટ્ઝ બેંડમાં ભારતના પ્રથમ 5Gનું પરીક્ષણ કર્યું.
- ✓ પ્રખ્યાત વકીલ અને સિંઘાનિયા એન્ડ કંપનીના સંસ્થાપક ડી સી સિંઘાનિયાને ટાઇમ મેગેઝિન ઇન્ડિયા લાઇફટાઇમ અચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરાયા.
- ✓ તેલંગણા અને કેરળ 2021-22 પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં રાજ્યોના મૂડી ખર્ચના ચાર્ટમાં સૌથી મોખરે.
- ✓ HSBC ઇન્ડિયાએ રિસાઇકલ PVC પ્લાસ્ટીક ક્રેડિટ કાર્ડ લોન્ચ કર્યું.

## 27 નવેમ્બર

❖ ઓમાઇક્રોન નામનો નવો કોવિડ વેરિયન્ટ બન્યો 'વેરિએન્ટ ઓફ કંસર્ન'

- ❖ દક્ષિણ આફ્રિકા ખાતેથી પ્રથમ વખત મળેલ COVID-19 B.I.I.I. 529ને વિશ્વ આરોગ્ય સંસ્થાએ 'વેરિએન્ટ ઓફ કંસર્ન' જાહેર કર્યો.

- ❖ ઓમાઇક્રોન અન્ય રૂપોની સરખામણીએ વધુ ઝડપથી ફેલાય છે જેનાથી વિશ્વમાં ફરી એકવાર COVIDના ફેલાવાનો ડર ઉભો થયો છે.

❖ મેઘાલયમાં હાઇબ્રિડ e-VTOL ડ્રોનના માધ્યમથી ભારતની પ્રથમ દવાની ડિલીવરી કરવામાં આવી.

- ✓ મેઘાલયના પશ્ચિમ ખાસી હિલ્સ જિલ્લાના છેવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આ દવા પહોંચાડવામાં આવી.
- ✓ આ દવા પહોંચાડવા માટે ડ્રોન દ્વારા 25 kmનું અંતર 25 મિનિટથી પણ ઓછા સમયમાં કાપવામાં આવ્યું.
- ✓ આ ડિલીવરી માટે e-VTOL (વર્ચ્યુઅલ ટેક ઓફ એન્ડ લેન્ડિંગ) ડ્રોન Aquila X2નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

❖ ભારત અને જર્મનીએ સંયુકત રીતે મહિલા શોધકર્તાઓ માટે WISER કાર્યક્રમ શરૂ કર્યો

- ✓ લેટરલ એન્ટ્રીના માધ્યમથી વિકાસ ક્ષેત્રે મહિલાઓને સ્થાન આપવા આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો.
- ✓ મહિલા શોધકર્તાઓને પ્રોત્સાહિત કરવા માટે ઇન્ડો-જર્મન સાયન્સ એન્ડ ટેકનોલોજી સેન્ટર દ્વારા વિમેન્સ ઇન્વોલ્વમેન્ટ ઇન સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ પ્રોગ્રામ નામનો કાર્યક્રમ (WISER) શરૂ કરાયો.

❖ દિલ્હી સરકારે મફત તીર્થ યાત્રા યોજનામાં કરતારપુર સાહિબને સામેલ કર્યું

- ✓ દિલ્હી સરકારે તેમની મફત તીર્થ યોજના હેઠળ દિલ્હીના વરિષ્ઠ નાગરિકોને પકિસ્તાનના કરતારપુર સાહિબનો પણ સમાવેશ કર્યો.
- ✓ આ માટે શ્રદ્ધાળુઓનો પ્રથમ સમૂહ 5 જાન્યુઆરી 2022ના દિવસે રવાના કરાશે.
- ✓ દિલ્હી સરકારે 2018માં મુખ્યમંત્રી તીર્થ યાત્રા યોજના શરૂ કરી, જે હેઠળ વરિષ્ઠ નાગરિકોને જગન્નાથપુરી, શિરડી વગેરે સ્થળોની તીર્થયાત્રા રાજય સરકાર પોતાના ખર્ચે કરાવવાનો નિર્ણય કર્યો.

❖ BSE શાખાને માન્યતા એજેન્સીના રૂપમાં કાર્ય કરવા માટે SEBIએ મંજૂરી આપી.

- ✓ BSE (બોમ્બે સ્ટોક એકસચેન્જ) લિમિટેડની પૂર્ણ સ્વામિત્વવાળી કંપની BSE એડમિનિસ્ટ્રેશન એન્ડ સુપરવિઝન લિમિટેડ (BASL)ને સંભવિત માન્યતા પ્રાપ્ત નિવેશકો માટે રજીસ્ટર્ડ એજન્સીના રૂપમાં કાર્ય કરવા માટે મંજૂરી આપવામાં આવી.
- ✓ BASL અરજદારો દ્વારા માન્યતા માટે સબમિટ કરેલા દસ્તાવેજોની ચકાસણી, માન્યતા પ્રમાણપત્ર આપવા, માન્યતા પ્રાપ્ત રોકાણકારોના ડેટાની જાળવણી વગેરે માટે જવાબદાર રહેશે.

❖ દુનિયાની સૌથી વધુ ઉંમરની મહિલા ફ્રાંસિસ્કા સુસાનોનું 124 વર્ષની ઉંમરે નિધન

- ✓ ફ્રાંસિસ્કા એકમાત્ર અંતિમ વ્યક્તિ હતા જેમનો જન્મ 19મી સદીમાં થયો હતો.
- ✓ તેમણે અગાઉના ગિનીસ વર્લ્ડ રેકોર્ડ ધારક લીન કૈલમેંટને બે વર્ષ પાછળ ધકેલ્યા.
- ✓ તેમનો જન્મ ફિલિપાઇન્સમાં થયો અને તેમને 'લોલા'ના હુલામણા નામથી ઓળખવામાં આવતાં.

❖ 27 નવેમ્બર: રાષ્ટ્રીય અંગદાન દિવસ.

- ✓ વર્ષ 2021માં 12મો રાષ્ટ્રીય અંગદાન દિવસ ઉજવાયો.
- ✓ આ દિવસનો ઉદ્દેશ્ય મૃત દાતાઓ દ્વારા આરોગ્ય સંભાળ અને માનવજાત આપેલા નિ:સ્વાર્થ યોગદાનને માન્યતા આપવાનો છે જેથી માનવતામાં આપણો વિશ્વાસ પુનઃ સ્થાપિત થાય.
- ✓ રાષ્ટ્રીય અંગદાન દિવસ NOTTO (નેશનલ ઓર્ગન એન્ડ ટીશ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઇઝેશન) દ્વારા આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય હેઠળ કરવામાં આવે છે.

❖ ભારત UNESCO વર્લ્ડ હેરિટેજ કમિટીમાં ચૂંટાયું

- ✓ ભારત 2021 -2025 (4 વર્ષ) માટે 142 મતો સાથે ચૂંટાયું.
- ✓ આ કમિટીમાં 21 સભ્ય દેશો છે.

- ✓ આ સભ્ય દેશોનું કાર્ય વર્લ્ડ હેરિટેજ કન્વેશન અને વર્લ્ડ હેરિટેજ સંબંધિત નિર્ણયો અને દરખાસ્તો પર મત આપવાનું છે.
- ✓ વર્લ્ડ હેરિટેજ કમિટી, વર્લ્ડ હેરિટેજ સાઇટમાં ઉમેરવાના સ્થળોની પસંદગી કરે છે.
- ✓ 44મા વર્લ્ડ હેરિટેજ સેશન (ફુઝહોઉ, ચીન ખાતે) માટે ભારતની 2 સાઇટ રામપ્પા મંદિર અને ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજમાં સ્થાન અપાયું.
- ✓ 45મું વર્લ્ડ હેરિટેજ સેશન કઝાન, રશિયા ખાતે યોજાશે.
- ✓ UNESCO - યુનાઇટેડ નેશન્સ એજ્યુકેશન સાયન્ટિફીક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઇઝેશન.
- ✓ સ્થાપના - 1945, મુખ્ય મથક - પેરિસ (ફ્રાન્સ).

**-------------- કરન્ટ ઇન શોર્ટ ------------**

- ✓ ન્યૂઝીલેન્ડ સામેની ટેસ્ટમાં શ્રેયસ અય્યર ડેબ્યૂટેસ્ટમાં સદી ફટકારનાર 16મો ભારતીય ખેલાડી બન્યો.
- ✓ ભારત અને બાંગ્લાદેશે સરહદી સમન્વય સંમેલનમાં બંને દેશોના સરહદી ક્ષેત્રોમાં નિર્માણ કરવા સમજૂતી કરી.
- ✓ જેસલમેર ખાતે ચાલી રહેલ લશ્કરી કવાયત 'દક્ષિણ શક્તિ' માં સેનાની ત્રણેય પંખોએ સંયુકત રીતે હાઇબ્રિડ વોરનું શક્તિ પ્રદર્શન કર્યું.
- ✓ UPના આગ્રામાં 'મુગલ રોડ'નું નામ બદલીને 'મહારાજા અગ્રસેન રોડ' કરાયું. આ સાથે 'સુલતાન ગંજ પુલ'નું નામ પણ બદલીને 'વિકલ ચોક' કરાયું.
- ✓ નીતિ આયોગના ગરીબી સૂચકાંકમાં બિહારમાં 50%થી વધુ વસ્તી ગરીબ.
- ✓ RBIએ SBIને નીતિનિયમોના ઉલ્લંઘન બદલ રૂા. 1 કરોડનો દંડ ફટકાર્યો.
- ✓ હીરો મોટોકોર્પે SBIના પૂર્વ પ્રમુખ રજનીશકુમારને પોતાના બોર્ડમાં સામેલ કર્યા.
- ✓ આયુષ રાજમંત્રી મહેન્દ્ર મુંજપરાએ 'આયુર્વેદ પર્વ 2021'નું ઉદ્ઘાટન કર્યું.

**28 નવેમ્બર**

- ❖ PMC અને USF બેંકના જોડાણ માટે RBIએ ડ્રાફ્ટ તૈયાર કર્યો.
  - ❖ PMC - પંજાબ એન્ડ મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ બેંક.
  - ❖ USF - યુનિટી સ્મોલ ફાયનાન્સ બેંક.
  - ❖ એકીકરણનો ડ્રાફ્ટ યોજના મુજબ, PMC બેંકના થાપણદારોને એકત્રીકરણ પછીના 3-10 વર્ષના સમયગાળામાં તેમનાં નાણાં પાછા મળશે.
  - ❖ આ એકીકરણથી બેંકોને સંયુકત વ્યાપાર કામગીરી અને સાહસોમાં ફાયદો થશે. તથા શેરહોલ્ડરોનું મૂલ્ય વધારવા માટે સક્ષમ બનશે.
  - ❖ બેંકોનું એકીકરણ બેંકિંગ રેગ્યુલેશન એકટ,1949 હેઠળ કરવામાં આવે છે.
- ❖ રશિયાની સિરકોન (ઝીરકોન) હાઇપરસોનિક મિસાઇલ
  - ✓ તાજેતરમાં રશિયાએ દેશના ઉત્તરભાગમાં યુદ્ધ જહાજ પરથી સિરકોન હાઇપરસોનિક ક્રુઝ મિસાઇલ છોડી.
  - ✓ સિરકોન મિસાઇલ રશિયાના હાઇપરસોનિક શસ્ત્રાગારમાં અવનગાર્ડ ગ્લાઇડ વાહનો અને એર-લોન્ચ કિંઝલ મિસાઇલો સાથે જોડાશે.

- ✓ ક્રુઝ મિસાઇલો બેલેસ્ટિક મિસાઇલની સાપેક્ષમાં નીચી ઉંચાઇ પર તેમના લક્ષ્યો તરફ છોડે છે અને તેના સમગ્ર માર્ગ દરમિયાન તે પૃથ્વીના વાતાવરણમાં રહે છે.
- ✓ પરંપરાગત શસ્ત્રોની સાપેક્ષ હાઇપરસોનિક શસ્ત્રોને ટ્રેક કરવા અને અટકાવવા મુશ્કેલ હોઇ છે.

❖ હાઇપરસોનિક મિસાઇલો 2 પ્રકારની હોય છે.

1. હાઇપરસોનિક ક્રુઝ મિસાઇલ : આ એવી મિસાઇલ છે જેમની ઉડાન દરમિયાન રોકેટ અથવા જેટ પ્રોપેલન્ટનો ઉપયોગ કરે છે અને તે હાલની ક્રુઝ મિસાઇલનું ઝડપી સંસ્કરણ મનાય છે.
2. હાઇપરસોનિક ગ્લાઇડ વ્હીકલ : આ મિસાઇલો લક્ષ્ય તરફ પ્રક્ષેપિત કરતા પહેલા પ્રથમ પરંપરાગત રોકેટ દ્વારા વાતાવરણમાં જાય છે.

❖ ઘરેલુ કામદારો પર પ્રથમ અખિલ ભારતીય સર્વેક્ષણ

- ✓ તાજેતરમાં શ્રમ અને રોજગાર મંત્રીએ આ સર્વેક્ષણ શરૂ કર્યું. સ્વતંત્ર ભારતમાં આવો રાષ્ટ્રવ્યાપી સર્વે પ્રથમવાર હાથ ધરવામાં આવી રહ્યો છે અને તે લગભગ આગામી 1 વર્ષમાં પૂર્ણ થશે.
- ✓ સર્વેક્ષણનો મુખ્ય ઉદ્દેશ્ય – રાષ્ટ્રીય અને રાજય સ્તરે ઘરેલું કામદારોની સંખ્યા/ગુણોત્તરનો અંદાજ મેળવવાનો છે.
- ✓ આ સર્વેક્ષણમાં ગ્રામીણ અને શહેરી સ્થળાંતર ધરાવતાં મુખ્ય રાજયોમાં ઘરેલુ કામદારોની સંખ્યા અને પ્રમાણ, તેની ટકાવારીનું વિતરણ વગેરેના આધારે સમાજિક વસ્તી વિષયક લાક્ષણિકતાનો અંદાજ કાઢવામાં આવશે.

❖ ભારતીય સૈન્ય દ્વારા થયેલા ત્રણ યુદ્ધાભ્યાસ

- ✓ કચ્છના ક્રિક વિસ્તારમાં ભારતીય સૈન્યની ત્રણેય પાંખો, BSF અને તટરક્ષક દળ દ્વારા 'સાગર શક્તિ' યુદ્ધાભ્યાસ યોજાયો. આ અભ્યાસ સાઉર્થન કમાન્ડ દ્વારા આયોજિત 'દક્ષિણ શક્તિ'નો ભાગ હતો.
- ✓ સાઉર્થન કામન્ડ આયોજિત યુદ્ધાભ્યાસ 'દક્ષિણ શક્તિ' રાજસ્થાનના જૈસલમેર ખાતે યોજાયો. સ્પેશિયલ હેલિબોર્ન ઓપરેશન્સ, સ્વોર્મડ્રોન અને ACH દાવપેચ અને ભૂમિ સૈનિકો દ્વારા સંકલિત કાર્યવાહીની પ્રેક્ટિસ કરાઇ.
- ✓ ભારત ફ્રાન્સની સંયુકત સૈન્ય યુદ્ધાભ્યાસની 6ઠ્ઠી આવૃત્તિ 'એક્સ શક્તિ 2021' ફ્રાન્સમાં યોજાઇ. 12 દિવસીય આ અભ્યાસમાં અર્ધશહેરી વાતાવરણમાં આતંકવાદી/ઉગ્રવાદી જૂથો વિરુદ્ધ ઓપરેશનની તાલીમ લેવાઇ.

❖ ઓ-સ્માર્ટ (O-SMART) યોજના

- ✓ આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ 2021-26 ના સમયગાળા માટે 'ઓશનિક સર્વિસિસ, મોડલિંગ, એપ્લિકેશન, રિસોર્સિસ એન્ડ ટેકનોલોજી' યોજનાને ચાલુ રાખવાની મંજૂરી આપી.
- ✓ O-SMART એક સરકારી યોજના છે જેનો હેતુ દરિયાઇ સંશોધનને પ્રોત્સાહન આપવા અને વહેલી ચેતવણી હવામાન પ્રણાલી સ્થાપિત કરવાનો છે. જેને ઓગસ્ટ 2018 માં લોન્ચ કરવામાં આવ્યું હતું.
- ✓ યોજનાનો ઉદ્દેશ્ય સમુદ્ર વિકાસ પ્રવૃત્તિઓ જેમ કે ટેકનોલોજી, સેવાઓ, સંસોધનો, દેખરેખ અને અવલોકન તેમજ ભૂરી અર્થવ્યવસ્થા (સમુદ્રી અર્થવ્યવસ્થા) ના પાસાઓના અમલીકરણ માટે જરૂરી તકનીકી સહાય પૂરી પાડવાનો છે.

**-------------- કરન્ટ ઇન શોર્ટ ------------**

- ✓ કેન્દ્રીય કૃષિપ્રધાન નરેન્દ્રસિંહે તોમરે પરાળ બાળવા પર ગૂનો નહિ નોંધવાની જાહેરાત કરી.

- ✓ કચ્છના જખૌ અને ઓખા વચ્ચે હોંગકોંગ અને ફિલિપઇન્સથી આવતાં બે વિશાળ જહાજો એમ. વી. એવિએટર અને એમ. જી. એટલાન્ટિક ગ્રેસ વચ્ચે ટક્કર થઇ. આ ટક્કરથી ઓઇલ લીક થવાની સંભાવનાને પહોંચી વળવા કોસ્ટગાર્ડનુ પ્રદૂષણ નિયંત્રક જહાજ 'સમુદ્ર પાવક' રવાના કરાયું.
- ✓ સૌથી ઓછી ઉંમરે નોબેલ પારિતોષિક જીતેલી મલાલા યુસુફઝઇ હવે ઓક્સફર્ડ યુનિવર્સિટીમાંથી ફિલોસોફી, પોલિટિક્સ અને ઇકોનોમિક્સમાં ગ્રેજ્યુએટ થઇ.
- ✓ વિશ્વમાં અંગ પ્રત્યાર્પણ માટે અમેરિકા, ચીન બાદ ભારત ત્રીજા સ્થાને.

**29 નવેમ્બર**

- ❖ ચીને સંચાર ઉપગ્રહ Zhongxing 1D લોન્ચ કર્યો
  - ❖ ચીને સિચુઆન પ્રાંતના જિચાંગ સેટેલાઇટ લોન્ચ સેન્ટર પરથી આ ઉપગ્રહ લોન્ચ કર્યો.
  - ❖ આ ઉપગ્રહ લોન્ગ માર્ચ 3B વાહક રોકેટ વડે લોન્ચ કરવામાં આવ્યો.
- ❖ રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા કોરિયોગ્રાફર શિવ શંકરનું નિધન.
  - ✓ શિવ શંકરે 10 ભારતીય ભાષાઓમાં 700 થી વધુ ફિલ્મોની રચના કરી હતી.
  - ✓ તેમણે એસ. એસ. રાજામૌલીની 'મગધીરા' ના ગીત ધીરાધીરા માટે 2011માં સર્વશ્રેષ્ઠ કોરિયોગ્રાફીનો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર જીત્યો હતો.
- ❖ IFFIમાં છઠ્ઠા BRICS ફિલ્મ મહોત્સવ પુરસ્કારોની ઘોષણા
  - ✓ દક્ષિણ આફ્રીકી ફિલ્મ 'બરાક્ત' (નિર્દેશક એમી જેફ્તા) અને રશિયાની ફિલ્મ 'ધ સન અપર ચી નેવર સેટ્સ' (નિર્દેશક હુસોવ બોરિસોવા)ને સર્વશ્રેષ્ઠ ફિલ્મ પુરસ્કાર.
  - ✓ BRICS ફિલ્મ મહોત્સવ પ્રથમ વખત ભારતના 52મા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવની સાથે આયોજિત કરાયો હતો.
  - ✓ સર્વશ્રેષ્ઠ નિર્દેશકનો પુરસ્કાર ફિલ્મ 'એના' માટે બ્રાઝિલના નિર્માતા લૂસિવા મૂરતને અપાયો.
  - ✓ જાપાની ફિલ્મ 'રિંગ વાંડરિંગ' (નિર્દેશક મસાકાજૂ કાનેકો) ને ગોલ્ડન પીકોક એવોર્ડ અપાયો.
- ❖ અસમના મુખ્યમંત્રીએ 'આસામ માઇક્રો ફાયનાન્સ' અને 'રાહત યોજના - 2021' લોન્ચ કરી.
  - ✓ આ યોજનાથી રાજયમાં કુલ 24 લાખ મહિલા લાભાર્થીઓને લાભ થશે. જેમાં રૂ.16000થી 25000 સુધીની સહાય પ્રાપ્ત થશે.
  - ✓ મુખ્યમંત્રીએ આ યોજાનાના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કર્યું. જેઓ નિયમિત પણે લોનની ચૂકવણી કરી રહ્યા છે તેમને રૂ. 25000/- અથવા બાકી બેલેન્સ બેમાંથી જે ઓછું હોય તે સુધીનું એક વખતનું પ્રોત્સાહન આપવામાં આવશે.
- ❖ 'સ્માર્ટ અર્બન ફાર્મિંગ એક્સપો' નું ઉદ્ઘાટન
  - ✓ દિલ્હીના ઉપમુખ્યમંત્રી મનિષ સિસોદિયાએ દિલ્લીના ત્યાગરાજ સ્ટડિયમ ખાતે બે દિવસીય એક્સ્પોનું ઉદ્ઘાટન કર્યું.
  - ✓ આ આયોજન દિલ્હીના ડાયલોગ એન્ડ ડેવલપમેન્ટ કમિશન (DDC) દ્વારા અર્બન ગ્રો, ઇન્ડિયન સોસાયટી ઓફ એગ્રીકલ્ચરલ એન્જિનિયર્સ (ISAE) અને ઇન્ડિયન એગ્રીકલ્ચરલ રિસર્ચ ઇન્સ્ટિટ્યુટ (IARI)ની ભાગીદારીમાં કરાયું.
  - ✓ દિલ્હી સરકાર આગામી સમયમાં દિલ્લીના વિવિધ વિસ્તારોમાં લગભગ 400-500 ઓરિએન્ટેશન વર્કશોપ આયોજિત કરશે જેમાં લોકોને શહેરી ખેતી વિશે જાગૃત કરવામાં આવશે.
- ❖ UAEના પોલીસની ઇન્ટરનેશનલ ક્રિમિનલ પોલીસ ઓર્ગેનાઇઝેશનના પ્રમુખ તરીકે પસંદગી.

- ✓ યુનાઇટેડ આરબ અમિરાતના પોલીસ ઇન્સ્પેક્ટર 'અહેમદ નાસર અલ રાઇસી'ની ઇન્ટરનેશનલ ક્રિમિનલ પોલીસ ઓર્ગેનાઇઝેશનના પ્રમુખ તરીકે વરણી થઇ.
- ✓ તુર્કીના ઇસ્તંબુલ ખાતે યોજાયેલ 89 મી ઇન્ટરપોલ જનરલ એસેમ્બલીની બેઠકમાં તેમને આગામી 4 વર્ષ માટે ચૂંટવામાં આવ્યા. તેઓ દક્ષિણ કોરિયાના કિમ જોંગ યાનનું સ્થાન લેશે.

❖ રાજકોટની યુવતીએ માઇનસ 10 ડિગ્રી વચ્ચે ચૌરીખાંગ ગ્લેશિયર સર કર્યું

- ✓ રાજકોટની જાનકી આચાર્યએ નેપાળની સીમા પાસેની હિમાલયની ગિરિમાળામાં આવેલ ચૌરીખાંગ ગ્લેશિયર કે જે 15,200 ફૂટની ઉંચાઇએ આવેલું છે તે સર કર્યું. આ ગ્લેશિયર ખાડાયુકત હોવાથી અતિ જોખમી માનવામાં આવે છે.
- ✓ આ અગાઉ જાનકીએ હિમાલયની ગિરિમાળામાં 19,688 ફૂટ ઉંચાઇએ આવેલા દેવટિમ્બા શિખરને પણ સર કર્યું હતું.
- ✓ તેઓ યુરોપમાં આવેલા સૌથી ઉંચા અને કઠિન એલબ્રસ માઉન્ટ સર કરવાની ઇચ્છા ધરાવતા હતા પરંતુ COVID-19ની પરિસ્થિતિને કારણે જઇ શકયા ન હતા.
- ✓ તેમને માઉન્ટ કલાઇબિંગ માટે રાથોંગ ગ્લેશિયરમાં ક્રેવાસ (બરફના પહાડમાં આવતા ખાડા)માં પડી ગયા બાદ કેવી રીતે બચવું તેની તાલીમ મેળવી હતી.

❖ મણિપુરમાં વિશ્વનો સૌથી ઊંચો રેલવે બ્રિજ.

- ✓ મણિપુરમાં ભારતીય રેલવે દ્વારા વિશ્વનો સૌથી ઊંચો રેલવે બ્રિજ બનાવવામાં આવી રહ્યો છે.
- ✓ 111 km લાંબી જીરીબામ – ઇમ્ફાલ રેલવે યોજના હેઠળ 141 મીટર ઊંચો એટલે કે 34 માળની ઇમારત જેટલી ઊંચાઇ ધરાવતો આ બ્રિજ બનાવાઇ રહ્યો છે.
- ✓ આ બ્રિજ યુરોપના મોન્ટેનેગ્રોમાં બનેલા 139 મીટર ઊંચા રેલવે બ્રિજનો રેકોર્ડ તોડશે.
- ✓ હાલમાં 10થી 12 કલાકનો સમય લેતી મુસાફરી આ બ્રિજની રચના બાદ બે થી અઢી કલાકમાં પૂર્ણ થશે.

**-------------- કરન્ટ ઇન શોર્ટ ------------**

- ✓ ત્રિપુરામાં સિવિક બોડી ચૂંટણીમાં 334માંથી 329 બેઠકો હસ્તગત કરી BJPએ ક્લિનસ્વીપ મેળવી. અન્યમાં CPI (m) TMC અને ટિપરા મોથાને એક એક બેઠક મળી.
- ✓ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ એન. વી. રમન્નાએ ડાયાબિટીસની સારવાર માટે યોગ્ય પ્રોટોકોલ વિકસાવવા માટે ભારતલક્ષી ડાયાબિટીસના અભ્યાસની જરૂરિયાત પર ભાર મૂક્યો.
- ✓ કેન્દ્રીય સંચાર મંત્રી અશ્વિની વૈષ્ણવે ભારતમાં 2023ના અંત અથવા 2024ની શરૂઆતમાં '6G' લોન્ચ કરવાની જાહેરાત કરી.
- ✓ ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઇન્ડિયા (TRAI)એ આપેલા રિપોર્ટ અનુસાર દેશની સૌથી મોટી ટેલિકોમ કંપની જિયોએ સપ્ટેમ્બર માસમાં 1.9 કરોડ ગ્રાહકો ગુમાવ્યા. જો કે હાલ જિયો પાસે સૌથી વધુ 424.83 મિલિયન ગ્રાહકો છે.
- ✓ ગુજરાત સ્ટેટ બેડમિન્ટન ચેમ્પિયનશિપની મેન્સ સિંગલ્સમાં વિશાલ દવે, યશેન્દ્રસિંઘ કુશવાહા અને વિમેન્સ સિંગલ્સમાં આદિતા રાવ ચેમ્પિયન બન્યા.
- ✓ ભારતીય સ્ક્વોશ સ્ટાર 'સૌરવ ઘોષાલ' મલેશિયન ઓપન જીતનાર પ્રથમ ભારતીય બન્યો.
- ✓ EDએ ફોરેન એકસચેન્જ મેનેજમેન્ટ લો (ફેમા)ના ઉલ્લંઘન બદલ એમેઝોન ઇન્ડિયા અને ફયૂચર ગ્રુપના ટોચના અધિકારીઓને સમન્સ પાઠવ્યું.

- ✓ એન્ટાર્કટિકામાં 290 મુસાફરોની ક્ષમતા ધરાવતા A 340 વિમાનનું સૌપ્રથમ વાર બર્ફિલા રન-વે પર લેન્ડિંગ કરાયું. આ પ્રકારના લેન્ડિંગ માટે 2019થી 2020 દરમિયાન છ વખત પ્રયત્નો કરાયા હતા.
- ✓ SC મહિલા સામાન્ય વર્ગના પુરુષ સાથે લગ્ન કરે તો તે એટ્રોસિટી એક્ટનો અધિકાર મેળવી શકે નહિ : ગુજરાત હાઇકોર્ટ
- ✓ ફ્રાન્સના પેરિસ સ્થિત નીલામી હાઉસ ક્રિસ્ટીઝે 500 વર્ષ પહેલાના ચીનના મિંગવંશના રાજ પરિવારની જાજમની રૂ. 58 કરોડમાં હરાજી કરી.
- ✓ ચીને તિબેટના એમ્દો પ્રાંતમાં પાર્ટીના તમામ કેડરના સભ્યોને ધાર્મિક કાર્યક્રમમાં સામેલ થવા પર પ્રતિબંધ મૂક્યો.
- ✓ અત્યાર સુધી કોવિડ-19 ના અલગ અલગ 10 વેરિયેન્ટસ સામે આવ્યા જેમાં આલ્ફા, બીટા, ગામા, ડેલ્ટા, ડેલ્ટા પ્લસ જેવા વેરિયન્ટસ ઓફ કંસર્ન, કપ્પા, લેમડા, ઇટા, આઇઓટા જેવા વેરિયન્ટ્સ ઓફ ઇન્ટ્રેસ્ટ અને તાજેતરમાં મળેલો એમિક્રોનનો સમાવેશ થાય છે.

**30 નવેમ્બર**

❖ સંજય દત્ત અરૂણાચલ પ્રદેશના બ્રાન્ડ એમ્બેસેડર
- ✓ અરૂણાચલ પ્રદેશ સરકારે સંજયદત્ત ને બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત કર્યા.
- ✓ આ નિયુક્તિ રાજ્યના નવા નામકરણના 50 માં વર્ષની ઉજવણીના ભાગ રૂપે કરવામાં આવી.
- ✓ સંજય દત્ત સ્થાનિક યુવાનો સાથે માદક દ્રવ્યોના દુરૂપયોગ અને રાજ્યમાં ચિંતાનું કારણ બને તેવા અન્ય મુખ્ય મુદ્દાઓ પહેલો પર જોડાશે.

❖ ઇન્ડિયા યંગ વોટર પ્રોફેશનલ પ્રોગ્રામ લોન્ચ કરવામાં આવ્યા.
- ✓ રાજ્ય વિજ્ઞાન પરિયોજના અંતર્ગત આ કાર્યક્રમની પ્રથમ આવૃત્તિ ડિજિટલી લોન્ચ કરવામાં આવી.
- ✓ આ કાર્યક્રમમાં ઓસ્ટ્રેલિયામાં ભારતીય હાઇ કમિશનર શ્રી મનપ્રીત વોહરા, ભારતમાં ઓસ્ટ્રેલિયન હાઇ કમિશનર ઓ'ફેરો અને DOWRના અધિક સચિવ શ્રીમતી દેબાશ્રી મુખર્જી વર્ચ્યુઅલ હાજર રહ્યા હતા.
- ✓ આ કાર્યક્રમમાં 70% પ્રોગ્રામ સિચ્યુએશન અંડરસ્ટેન્ડીંગ એન્ડ ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ (SUIP) દ્વારા પ્રોજેક્ટ આધારિત શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.
- ✓ રાષ્ટ્રીય જળ વિજ્ઞાન પ્રોજેક્ટની કેન્દ્રીય અને રાજ્ય અમલીકરણ એજંન્સીમાં લીંગ સમાનતાને ધ્યાને રાખી 10 પુરૂષો અને 10 મહિલાઓ એમ કુલ 20 સહભાગીઓની પસંદગી કરાઈ છે.
- ✓ આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ભારત અને ઓસ્ટ્રેલિયા બંને દેશોમાં રહેલા પાણી સંબંધિત મુશ્કેલીભર્યા પ્રશ્નો સામે લડવાનો અને તેનું નિરાકરણ લાવવાનો છે.

❖ પેન્શન ધારકો માટે ફેસ રિકગ્નિશન ટેકનિક શરૂ કરવામાં આવી.
- ✓ કર્મચારી રાજ્ય મંત્રી જિતેન્દ્રસિંહે 'UNIQUE' (અનોખી) નામ ચહેરો ઓળખવાની ટેકનિક શરૂ કરી જે પેન્શનરો માટે લાઇફ સર્ટીફિકેટના પુરાવા તરીકે કામ કરશે અને નિવૃત અને વૃદ્ધ નાગરિકો માટે જીવન જીવવાની સરળતા સુનિશ્ચિત કરશે.
- ✓ આ ટેકનોલોજી ઈલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય અને UIDAI (યુનિક આઈડેંટિફિકેશન ઓથોરિટ ઓફ ઇન્ડીયા) અને ડિપાર્ટમેન્ટ ઓફ પેન્શન એન્ડ પેન્શન વેલફેર (DOPPW) એ સંયુકત ઉપક્રમે વિકસિત કરી છે.

❖ ગૃહ મંત્રી અમિત શાહે ગાંધીનગર ખાતે અમૂલ ફેડ ડેરીના ચાર અત્યાધુનિક નવા પ્લાન્ટસનું લોકાર્પણ કર્યું

- ✓ પ્લાન્ટ 1 - આ પ્લાન્ટ મિલ્ક પાવડર માટે કામ કરશે જેમાં દૈનિક 150 ટનની ક્ષમતા સાથે મિલ્ક પાવડરનું ઉત્પાદન કરવામાં આવશે. આ પ્લાન્ટ એશિયાનો સૌથી મોટો મિલ્ક પાવડર પ્લાન્ટ છે.
- ✓ પ્લાન્ટ 2 - લાંબા સમય સુધી દૂધ બગડે નહિ તે માટે ઓટોમેટીક સ્ટોરેજ પ્લાન્ટ કે જે 50 લાખ લીટર દૂધનો સંગ્રહ કરી શકશે.
- ✓ પ્લાન્ટ 3 - આ પ્લાન્ટ ઉત્તમ કક્ષાની પોલી ફીલ્મનો જથ્થો પૂરો પાડશે.
- ✓ પ્લાન્ટ 4 - બટરના ઉત્પાદન માટે 40 મેટ્રિક ટનથી વધીને 130 મેટ્રિક ટન ક્ષમતા આ નવા પ્લાન્ટમાં સ્થાપિત કરવામાં આવી.

❖ કેરળની સ્ટાર્ટઅપ કંપની 'સાસ્કન મેડિટેક' ને સ્ટાર્ટઅપ ઇન્ડિયા ગ્રાન્ડ ચેલેન્જ-2021 વિજેતા ઘોષિત

- ✓ 'સાસ્કન મેડિટેક' ચિકિત્સા ઉપકરણ બનાવતી કંપની છે.
- ✓ આ પુરસ્કારની ઘોષણા અમિતાભ કાંત (CHIEF EXECUTIVE NITI AAYOG) દ્વારા કરવામાં આવી છે.
- ✓ આ ગ્રાન્ડ ચેલેન્જમાં 310 સ્ટાર્ટઅપ્સે ભાગ લીધો હતો.
- ✓ સાસ્કને ઓરલ સ્કેન વિક્સાવ્યું છે જે મોઢાના કેન્સર પહેલાંના જોખમની વહેલી સચોટ અને ખર્ચ અસરકારક તપાસ માટે હેન્ડ હેલ્ડ ઉપકરણ છે.
- ✓ આ ઉપકરણ બાયોફોટોનિક્સ ટેક્નોલોજી ઉપર આધારિત છે.
- ✓ સાસ્કન તેનું બીજું ઉપકરણ સર્વાઇકલ કેન્સર સ્ક્રિનિંગ માટે આવનારા ટૂંક સમયમાં લોન્ચ કરશે.

❖ HAL - ચાર હળવી ઉપયોગિતા ધરાવતા હેલિકોપ્ટરનું નિર્માણ કરશે.

- ✓ HAL (હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ) 2022-23 સુધીમાં ચાર લાઇટ યૂટિલિટિ હેલિકોપ્ટર (LUH)નું નિર્માણ કરશે અને ત્યાર પછીના વર્ષે અન્ય આઠ નવાં આવાં જ હેલિકોપ્ટરનું નિર્માણ કરશે.
- ✓ આ ચાર હેલિકોપ્ટરમાંથી 2 ભારતીય જમીન સેના અને 2 ભારતીય વાયુ સેનાને અપાશે.
- ✓ સ્વદેશ નિર્મિત LUH એ સિંગલ ટર્બોશાફ્ટ એન્જિન ધરાવતું હેલિકોપ્ટર છે.

## -------------- કરન્ટ ઇન શોર્ટ ------------

- ✓ સંસદના શિયાળુ સત્રના પ્રથમ દિવસે બંને ગૃહમાંથી ત્રણેય કૃષિ કાયદા પાછું ખેંચતું બિલ પસાર. બિલ દરમિયાન હોબાળો કરનાર રાજ્યસભાના 12 સભ્યો સમગ્ર સત્ર માટે સસ્પેન્ડ.
- ✓ ટિવટરના સહસ્થાપક અને CEO જેક ડોર્સએ કંપનીના CEO પદેથી રાજીનામું આપ્યું. નવા CEO તરીકે પરાગ અગ્રવાલ સ્થાન લેશે.
- ✓ જાપાનમાં બે રાજ્ય વચ્ચે ડ્યુલ મોડ વ્હિકલ ચલાવાશે. આ વિશિષ્ટ પ્રકારની ગાડી રસ્તાની સાથે રેલવેના પાટા પર દોડવા માટે સક્ષમ છે.
- ✓ ક્રેડિટર્સને લોનના હપ્તા ચૂકવવામાં નિષ્ફળ ગયા બાદ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ અનિલ અંબાણીની કંપની રિલાયન્સ કેપિટલના બોર્ડનો ભંગ કર્યો.
- ✓ ભારતીય ખેલાડી (ટેનિસ) રામકુમાર રામનાથને એટપી ચેલેન્જર્સ ટૂરનું પ્રથમ ટાઇટલ જીત્યું.
- ✓ RBIએ યુનિયન બેંક ઓફ ઇન્ડિયાને ક્ષતિઓ બદલ રૂ. 1 કરોડનો દંડ ફટકાર્યો.
- ✓ કોલકાતામાં ફાનુશ ઉત્સવ ઉજવાયો જેમાં દર વર્ષની માફક અલગ અલગ આકૃતિવાળા હોટ એર બલૂન અને લાલટેન ઉડાડવામાં આવ્યા.
- ✓ NITI (National Institute For Transforming India)એ આપેલા ગરીબી રેખા પરના રિપોર્ટ અનુસાર કેરળમાં સૌથી ઓછી ગરીબી.

✓ કેન્દ્ર સરકારે સેન્ટ્રલ વિસ્ટા પુન:વિકાસ યોજના માટે પૂર્વ નાણા સચિવ રતન પી. વાટલની અધ્યક્ષતામાં સેન્ટ્રલ વિસ્ટા ઓવરસાઇટ કમિટીની રચના કરી.



12 પાસ, ગ્રેજ્યુએટ

# સરકારી નોકરી માટેની તૈયારી કરવા હવે બહાર ક્યાંય જવાની જરૂર નથી...

## અમદાવાદ, ગાંધીનગરની શ્રેષ્ઠ ફેકલ્ટીઝ આપના મોબાઈલમાં

લાખો વિદ્યાર્થીઓએ વખાણી

**Quality એટલે Crack GPSC**

## ઘરે બેઠાં તૈયારી કરો, મોબાઈલ કે ટેબ્લેટ પરથી

કલાસમાં જ ભણતા હોય તેવો અનુભવ




YouTube /Crack GPSC

આ એપ ડાઉનલોડ કરી ફ્રી ડેમો વિડિયો જુઓ, આપને ખરેખર લાગશે કે કોઈ કલાસ કરવાની જરૂર જ નથી.

## એક એપ, બધી પરીક્ષાઓ

UPSC, GPSC Class 1/2, PI, STI, PSI, ગુજ. શિક્ષણ સેવા, હિસાબી અધિકારી, Dy. SO, ડે. મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલર્ક, ફોરેસ્ટ ગાર્ડ/ઓફિસર, કોન્સ્ટેબલ, મોટર વાહન નિરીક્ષક, TAT, TET, HTAT, Railway

ગૃહિણીઓ, કલાસ જોઈન ન કરી શકતા, સ્કૂલ-કોલેજના અભ્યાસ સાથે તૈયારી કરવા માગતા, અંતરિયાળ વિસ્તારમાં રહેતા, મોંઘી ફી ન ભરી શકતા, મેટ્રો સિટીમાં રહેવાનો ખર્ચ ન કરી શકતા, અપડાઉન કરતાં કરતાં તૈયારી કરવા માગતા, રિવિઝન કરવા માગતા વિદ્યાર્થીઓ માટે ખાસ.

## કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...

## ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી

76000 51070

Crack GPSC

ક્રેક GPSC